અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ 5



ઓકટોબરમાં ઓટો રિટેલ વેચાણમાં ૨૪ ટકા ઘટાડો

08 NOVEMBER-2026 SUNDAY

સમુદ્રી આતંકી હુમલાનું ષડયંત્ર કરાચીના ટાપુ પર ઘડાયું



પેજ 10

વર્ષ-15 । અંક-355 । વિક્રમ સંવત-2082 । આસો વદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

અયોધ્યામાં ૧૦મો દીપોત્સવ ઉજવાયો

મહંત કમલનયન દાસ અને સ્વામી રાજકુમાર દાસ સહિત સંતોએ રામલલાના દરબારના સુશોભન અંગે કરી ચર્ચા



(એજન્સી) અયોધ્યા | તા.07

પ્રભુ શ્રીરામની પાવન નગરી અયોધ્યા ખાતે ૭ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ૧૦મો ઐતિહાસિક અને ભવ્યાતિભવ્ય 'દીપોત્સવ' ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પવિત્ર સરયુ નદીના કિનારે આવેલા ૫૬ ઘાટો પર એકસાથે ૩૦ લાખથી વધુ દીવડાઓ પ્રગટાવીને નવો ગિનીસ વિશ્વ રેકોર્ડ કાયમ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'રામ કી પૈડી' ખાતે આયોજિત ભવ્ય 3D લેઝર શો અને ડ્રોન શોએ સમગ્ર અયોધ્યાના આકાશને રોશની અને આધ્યાત્મિક ઉર્જાથી ભરી દીધું હતું.

૨૧ ઝાંખીઓ સાથે ભવ્ય શોભાયાત્રા

અયોધ્યા રામ કી પૈડી લેઝર શો અને શોભાયાત્રા ના ભાગરૂપે દીપોત્સવ પૂર્વે અયોધ્યાના મુખ્ય માર્ગો પર આશરે ૩ કલાક સુધી એક અદ્ભુત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રામાયણના સાત કાંડ (બાલકાંડથી ઉત્તરાકાંડ સુધી) ને દર્શાવતી ૭ વિશેષ ઝાંખીઓ સહિત કુલ ૨૧ મનોરમ્ય ઝાંખીઓ સામેલ હતી. ગુજરાત, મુંબઈ અને બિહાર સહિત સમગ્ર દેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ આ અવસરના સાક્ષી બનવા અયોધ્યા પહોંચ્યા હતા.

સીએમ યોગીનો હૃદયસ્પર્શી સંબોધન

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામકથા પાર્ક ખાતે દેશના ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સીએમ યોગીએ જણાવ્યું હતું કે, 'અયોધ્યાએ પોતાના ઈતિહાસમાં અનેક ચડાવ-ઉતાર જોયા છે. એક સમય એવો પણ હતો જ્યારે રામભક્તો પર લાઠીઓ અને ગોળીઓ ચલાવવામાં આવી હતી.

ઉપરાષ્ટ્રપતિનું આદરપૂર્વક સ્વાગત અને PMનો સંદેશ

ઉપરાષ્ટ્રપતિ બનેલા સી.પી. રાધાકૃષ્ણનની રાષ્ટ્રસેવાને બિરદાવી હતી.દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા દ્વારા દેશવાસીઓને દિવાળીની પાવન શુભેચ્છાઓ પાઠવતા સ્પષ્ટ કર્યું હતું કે તેઓ દર વર્ષની પરંપરા મુજબ આ વખતે પણ દેશની સીમાઓ પર તૈનાત સેનાના વીર જવાનો સાથે તહેવારની ઉજવણી કરશે.

વિદ્યાર્થીઓ કોપી શા માટે કરે છેઃ સાહિલના આપઘાત બાદ IITનો સર્વે

(એજન્સી) મુંબઈ | તા.07

આઈ આઈટી-બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેએ ૧૮ સપ્ટેમ્બરે કરેલી આત્મહત્યા બાદ સંસ્થાએ વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ગેરરીતિ અને પરીક્ષામાં નકલ કરવાની વૃત્તિ પાછળનાં કારણો જાણવા માટે એક સર્વે હાથ ધર્યો છે. આઈઆઈટી-બોમ્બેની અંડરગ્રેજ્યુએટ એકેડેમિક કાઉન્સિલ દ્વારા આ સર્વે કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ પર અભ્યાસનું વધતું દબાણ અને તેમની માનસિક સ્થિતિ અંગે ચિંતા વચ્ચે આ પહેલ કરવામાં આવી છે. સર્વેના માધ્યમથી વિદ્યાર્થીઓ નકલ (કોપી) પ્રત્યે કેવો અભિગમ ધરાવે છે અને કયા સજોગોમાં તેઓ આવી ગેરરીતિઓ તરફ વળે છે તે સમજવાનો પ્રયાસ કરવામાં આવશે.સર્વેમા ં વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યું છે કે જો પરીક્ષામાં કોપી કર્યા વિના પાસ થઈ શકે તેમ ન હોય તો શું તેઓ નકલ કરવાનું પસંદ કરશે? સારા માર્ક મેળવવાનું દબાણ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ગેરરીતિને યોગ્ય ઠેરવવા પ્રેરે છે કે કેમ તે અંગે પણ પ્રશ્નો સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, કડક સજાના ભયને કારણે વિદ્યાર્થીઓ પોતાની ભૂલ સ્વીકારતા કે જરૂર પડયે મદદ માગતા અચકાય છે કે કેમ તે જાણવાનો પણ પ્રયાસ કરાયો છે. આ પ્રશ્નોના માધ્યમથી શૈક્ષણિક અપેક્ષાઓ, પરીક્ષાના દબાણ, શિસ્તભંગ બદલ મળતી સજા અને વિદ્યાર્થીઓની માનસિકતા વચ્ચેના સંબંધને સમજવાનો હેતુ છે. સાહિલ વાકોડેએ ૧૮ સપ્ટેમ્બરે પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરતાં પકડાયા બાદ થોડા જ કલાકોમાં આત્મહત્યાનું પગલું ભર્યું હતું.

છઠ્ઠ પૂજાની ભીડ માટે એલટીટી સહિતના સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા



(એજન્સી) મુંબઈ | તા.07

દિવાળી અને છઠ પૂજાના તહેવારમાં પોતાના વતન ભણી જતા પ્રવાસીઓના પ્રચંડ ધસારાને પહોંચી વળવા અને ભીડનું નિયમન કરવા માટે સેન્ટ્રલ રેલવે અને વેસ્ટર્ન રેલવેએ મુંબઈના મહત્વના ટર્મિનસની બહાર હોલ્ડિંગ એરિયા બાંધી દીધા છે. ટ્રેન પ્લેટફોર્મમાં આવે ત્યાર પછી હોલ્ડિંગ એરિયામાંથી પેસેન્જરોને ક્તારબદ્ધ રીતે પ્લેટફોર્મમાં જવા દેવામાં આવે છે.મુંબઈથી ખાસ તો છઠ પૂજા માટે ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના રાજ્યો ભણી મોટી સંખ્યામાં લોકો જતા હોય છે. આ બધા પ્રવાસીઓ પ્લેટફોર્મ પર પહોંચીને ભીડ ન કરે માટે તેમને હોલ્ડિંગ એરિયામાં રોકી રાખવામાં આવે છે. સેન્ટ્રલ રેલવેએ છત્રપતી શિવાજી મહારાજ ટર્મિનસ, લોકમાન્ય તિલક ટર્મિનસ, દાદર ટર્મિનસ અને કલ્યાણ સ્ટેશનની બહાર જંગી હોલ્ડિંગ એરિયા બાંધ્યા છે.

એસઆઈટીને તપાસ કઈ રીતે કરવી તેનો દિશાનિર્દેશ ન આપી શકાયઃ હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ | તા.07

એસઆઈટીને તપાસ કઈ રીતે કરવી તેના દિશાનિર્દેશ કોર્ટ આપી શકે નહિ તેમ બોમ્બે હાઈકોર્ટે થાણેમાં ઉદ્ધવ શિવસેનાના નેતા પ્રદીપ પૂર્ણેકરની હત્યાના કેસમાં એસઆઈટીને આદેશો આપવાની માંગ કરતી એક અરજી સંદર્ભમાં જણાવ્યું હતું. મૃતક પ્રદીપ પૂર્ણેકરના પરિવારના સભ્યો અને મૂળ ફરિયાદી મંદાર ઘોડકેએ હત્યાની સ્વતંત્ર તપાસની માંગણી કરવા માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે વર્તમાન સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) સાચા રાજકીય માસ્ટરમાઈન્ડ્સને બચાવી રહી છે. આ શું છે? તમે ઈચ્છો છો કે તપાસ વેકેશનમાં ટ્રાન્સફર કરવામાં આવે? હજુ પણ ૪૫ દિવસથી વધુ સમય છે (તપાસ પૂર્ણ થવા/ચાર્જશીટ પૂર્ણ થવા માટે) એમ બેન્ચે અવલોકન કર્યું. કોર્ટે ઉમેર્યું હતું કે ઘટનાને માત્ર ૩૭ દિવસ જ થયા છે. મૃતકના પરિવારજનોએ દલીલ કરી હતી કે તપાસનો હાલનો માર્ગ ન્યાયના તેમના હેતુને નિષ્ફળ બનાવી રહ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે એસઆઈટી તેમના દ્વારા પૂરા પાડવામાં આવેલા મહત્વપૂર્ણ પુરાવાઓને અવગણી રહી છે, જે કથિત રીતે ધરપકડ કરાયેલા શંકાસ્પદો સાથે સાચા કાવતરાખોરને દર્શાવે છે. તપાસ ટ્રાન્સફર થવી જોઈએ. અમે હાલમાં ચાલી રહેલી તપાસથી સંતુષ્ટ નથી,એમ અરજદારના વકીલે દલીલ કરી હતી.બેન્ચે આ વિનંતીઓને નિશ્ચિતપણે નકારી કાઢી, વકીલને તેની મર્યાદાઓની યાદ અપાવી હતી. આ કાયદાથી વધુ સ્પષ્ટ છે કે, આ કોર્ટ તપાસ કેવી રીતે આગળ વધવી તે દિશા નિર્દેશિત કરી શકતી નથી.

સોનિયા ગાંધીનું પ્રથમ આત્મકથાત્મક પુસ્તક 'બિલોન્ગિંગ' ૧૦ નવેમ્બરે થશે લોન્ચ

'ભારતને લઈને મોદી અને મારી વિચારસરણી અલગ છે': સોનિયા

- રાહુલ અને પ્રિયંકા પણ નહોતા ઈચ્છતા કે હું વડાપ્રધાન બનું: સોનિયા ગાંધીએ ૨૦૦૪ના રાજકીય સંસ્મરણો વાગોળ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.07



કોંગ્રેસ પાર્ટીના લાંબા સમય સુધી અધ્યક્ષ રહેલાં સોનિયા ગાંધીએ પોતાના આગામી સંસ્મરણ ગ્રંથ 'બિલોન્ગિંગ: એ જર્ની ઓફ લવ' (Belonging: A Journey of Love) દ્વારા પોતાના અંગત જીવન, પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી સાથેના ગાઢ સંબંધો અને ભારતીય રાજકારણની લાંબી સફર વિશે પ્રથમવાર ખુલ્લેઆમ વાત કરી છે. આગામી ૧૦ નવેમ્બરે સત્તાવાર રીતે લોન્ચ થનારા આ પુસ્તકને લઈને રાજકીય અને સાહિત્યિક વર્તુળોમાં ભારે કુતૂહલ જોવા મળી રહ્યું છે.

ઈટાલીથી ભારત સુધીની સફર અને દેશ પ્રત્યેનો પ્રેમ

યુરોપના ઈટાલી દેશથી ભારત આવ્યા બાદ તેમનું જીવન સંપૂર્ણપણે કેવી રીતે બદલાઈ ગયું અને તેમણે ઈન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધી પાસેથી જીવનના કયા પાઠ શીખ્યા. સોનિયા ગાંધીએ પુસ્તક વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, 'આ માત્ર અમારા બંનેની પ્રેમકથા નથી, પરંતુ આ એ વાતની પણ કહાની છે.

રાજકારણ, વર્તમાન સ્થિતિ અને વડાપ્રધાન મોદી અંગે નિવેદન

સોનિયા ગાંધી ઈન્ટરવ્યૂ ધ હિન્દુ ૨૦૨૬ ની ચર્ચા દરમિયાન તેમણે ૨૦૦૪માં વડાપ્રધાન પદના ત્યાગથી લઈને દેશની વર્તમાન રાજકીય સ્થિતિ અને ભાજપ-આરએસએસની વૈચારિક ભૂમિકા પર પણ ખુલીને મત વ્યક્ત કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે છેલ્લા એક દાયકા (૧૨ વર્ષ) માં દેશના લોકતંત્ર અને લોકતાંત્રિક સંસ્થાઓને મોટું નુકસાન પહોંચ્યું છે.

એન્ટિલિયા કેસમાં વાઝેના જામીન રદ કરતી વખતે અવલોકન

દેશના કોઈ નાગરિકને આતંકી કૃત્યથી ભયભીત કરી શકાય નહીં : હાઈકોર્ટ



મુંબઈ : એન્ટિલિયા વિસ્ફોટક કેસમાં વિવાદાસ્પદ પોલીસ અધિકારી સચિન વાઝેને સ્પેશિયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા જામીન ગુરુવારે બોમ્બે હાઈકોર્ટે રદ કરતી વખતે સ્પષ્ટતા કરી હતી કે આ દેશના કોઈપણ નાગરિક, પછી ભલે તે સામાન્ય માણસ હોય કે ઉદ્યોગપતિ, તેને આતંકી કૃત્યથી સહેજ પણ ભયભીત કરી શકાય નહીં જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ ડો. નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે ખાસ કોર્ટના અવલોકનની ટીકા કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઘટના પછી અંબાણી પરિવાર આતંકિત હતો તે દર્શાવવા માટે રેકોર્ડ પર કોઈ પુરાવા નથી. હાઈકોર્ટે કહ્યું કે કોઈપણ ધમકીની અસર ફક્ત તે વ્યક્તિ જ સમજી શકે છે જેણે તેનો સામનો કર્યો છે. કોર્ટે કહ્યું, આ દેશનો કોઈ પણ નાગરિક, ખાસ કરીને આ કિસ્સામાં રાષ્ટ્ર અને તેના અર્થતંત્રમાં યોગદાન આપનાર આદરણીય ઉદ્યોગપતિ, આતંકવાદના સહેજ પણ ખતરાનો સામનો કરવાનો આવે એ યોગ્ય નથી.

૮૬ પાનાના વિગતવાર ચુકાદામાં, બેન્ચે પોલીસ વિભાગમાં વાઝેના પ્રભાવ અને રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ના આરોપની નોંધ લીધી કે તે પોતાની 'સુપર કોપ'ની છબી ફરીથી સ્થાપિત કરવા માંગે છે. બેન્ચે કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે વાઝે એક સુનિયોજિત કાવતરું ઘડયું હતું. મનસુખની કાર ચોરાયેલી બતાવવામાં આવી હતી, તેની નંબર પ્લેટ બદલવામાં આવી હતી, કાર અંબાણીના નિવાસસ્થાનની બહાર પાર્ક કરવામાં આવી હતી અને તેની અંદર વિસ્ફોટકો મૂકવામાં આવ્યા હતા. કારમાં એક ધમકીભર્યો પત્ર પણ છોડી દેવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું કે વિસ્ફોટકોથી ભરેલી કાર મળી આવ્યા બાદ, રેકોર્ડ પરની સામગ્રી દર્શાવે છે કે વાઝે એક ટેલિગ્રામ ચેનલ પર આતંકવાદી સંગઠનના નામે એક સંદેશ પોસ્ટ કર્યો હતો, જેમાં ઘટના માટે તે સંગઠન પર દોષારોપણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સંગઠને તરત જ ઘટનાથી પોતાને દૂર રાખતા બીજો સંદેશ જારી કર્યો હતા. બેન્ચના મતે, આતંકવાદી સંગઠનના નામનો ઉપયોગ કરવાનો હેતુ લોકોમાં બોમ્બ વિસ્ફોટનો ભય પેદા કરવાનો હતો. ત્યારબાદ કથિત સુપર કોપ શ્રીમંત ઉદ્યોગપતિઓ માટે સુરક્ષા એજન્ટ તરીકે પોતાને રજૂ કરતો અને ધીમે ધીમે તેમની પાસેથી પૈસા પડાવતો હતો.વાઝે પોલીસ વિભાગમાં ઉચ્ચ હોદ્દો ન ધરાવતા હોવા છતાં, આવા ગુનાહિત કૃત્યોમાં સામેલ થવા સક્ષમ હતા. તેમણે અજાણતાં જુનિયર પોલીસ અધિકારીઓની મદદ લીધી હતી. તેમનો રેકોર્ડ પણ એક સામાન્ય સરકારી કર્મચારી કરતા નોંધપાત્ર રીતે અલગ હતો. કોર્ટે નોંધ્યું હતું કે સહાયક પોલીસ નિરીક્ષક હોવા છતાં, વાઝે મોંઘી લક્ઝરી કારની માલિકી ધરાવતો હતો અને તે એવા કેસોની તપાસ સુરક્ષિત કરવામાં પ્રભાવશાળી હતો જેમાં તેની સીધી ભૂમિકા હતી, ભલે તે કેસ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હોય.

ડિવિઝન બેન્ચે કહ્યું કે પોલીસ તંત્રમાં તેમના પ્રભાવને ઓછો અંદાજ ન આપી શકાય. વરિષ્ઠ અધિકારીઓ સાથેના તેમના સંબંધો પણ પ્રભાવશાળી લોકો સાથે તેમની નિકટતા દર્શાવે છે.એનઆઈએએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે વાઝે ખુલ્લેઆમ ખંડણી રેકેટ ચલાવી રહ્યો હતો અને ખોટા દરોડાની ધમકી આપીને હોટલ અને બાર માલિકોને બ્લેકમેલ કરી રહ્યો હતો. કોર્ટે કહ્યું કે આવી પ્રવૃત્તિઓથી સાક્ષીઓને પ્રભાવિત કરવાની તેની ક્ષમતા વિશે પણ નોંધપાત્ર સંકેતો મળે છે. બેન્ચે કહ્યું કે વાઝેના પ્રભાવ, નાણાકીય સંપત્તિ અને પોલીસ વિભાગમાં પહોંચને કારણે, તેમની જામીન પર મુક્તિ ટ્રાયલ પર પ્રતિકૂળ અસર કરી શકે તેવી સંભાવના છે. આ સંભવિત ખતરો ફક્ત પુરાવા અને સાક્ષીઓ સાથે છેડછાડ કરવા પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ રેકોર્ડ પરના અન્ય સંજોગો પણ આ તરફ નિર્દેશ કરે છે.

જામીન સુનાવણી દરમિયાન ખાસ અદાલતના વર્તન પર ડિવિઝન બેન્ચે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે કેસની ગંભીરતા હોવા છતાં, ખાસ અદાલતે અત્યંત બેદરકારીથી કામ કર્યું હતું અને જામીનના આદેશમાં એવા અવલોકનો કર્યા હતા જેનો કોઈ તાકક કે કાનૂની આધાર નહોતો.

10 બેન્કો પાસેથી લોનો લઈ મૂળ હેતુ માટે ઉપયોગ કરવાને બદલે અન્યત્ર વાળી ઉચાપતની સીબીઆઈની એફઆઈઆર

904 કરોડના બેન્ક ફ્રોડમાં બીગ બઝારના કિશોર બિયાનીને ત્યાં સીબીઆઈના દરોડા

મુંબઈ : સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ મુંબઈ સ્થિત ફ્યુચર રિટેલ લિમિટેડ અને તેના મુખ્ય પ્રમોટરો કિશોર બિયાની, રાકેશ



બિયાની સામે ભંડોળના કથિત રીતે ડાયવર્ઝન અને ઉચાપતના આરોપસર ૯૦૪ કરોડ રૂપિયાની બેંક છેતરપિંડીના કેસ નોંધ્યો છે. એજન્સીએ મુંબઈમાં કંપનીના પ્રમોટર્સ અને ડિરેક્ટરો સાથે જોડાયેલા અનેક સ્થળોએ સંકલિત સર્ચ ઓપરેશન હાથધર્યું હતું. આ દરોડા દરમિયાન તપાસ અધિકારીઓએ નાણાકીય વ્યવહારો સાથે સંબંધિત ગુનાહિત દસ્તાવેજો જપ્ત કર્યા હતા.સીબીઆઈએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ બ્રાન્ચ ૩ , મુંબઈની ફરિયાદ પર મેસર્સ ફ્યુચર રિટેલ લિમિટેડ અને તેના પ્રમોટર્સ/મેનેજિંગ ડિરેક્ટર્સ/એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ/ગેરન્ટર્સ, કિશોર બિયાની, રાકેશ બિયાની, અજાણ્યા જાહેર સેવકો અને અજાણ્યા અન્ય લોકો સામે છેતરપિંડી માટે ગુનાહિત કાવતરું ઘડવાના ગુનાઓ અને ભ્રષ્ટાચાર સંબંધિત કલમ હેઠળ કેસ નોંધ્યો છે. આ ગુનામાં બેંકને રૂ. ૯૦૪.૩૨ કરોડનું કથિત રીતે નુકસાન થયું છે.એવો આરોપ કરવામાં આવ્યો છે કે આરોપીઓએ ગુનાહિત કાવતરું ઘડીને ફરિયાદી બેંક અને નવ બેંકોના કન્સોટયમ પાસેથી કાર્યકારી મૂડી, ટર્મ લોન અને લેટર ઓફ ક્રેડિટ જેવી ક્રેડિટ સુવિધાઓ મેળવી હતી. કંપની બિગ બજાર, ફેશન- બિગ બજાર, ફૂડહોલ વગેરે જેવા હાઇપરમાર્કેટ, સુપરમાર્કેટમાં બહુવિધ રિટેલ ફોર્મેટ દ્વારા સંચાલિત હતી.કંપની તેમના દ્વારા સંચાલિત સ્ટોર્સ દ્વારા એફએમસીજી અને ફેશન ગુડ્સના જનરલ ટ્રેડિંગમાં પણ રોકાયેલી હતી. કંપનીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કોમશયલ બ્રાન્ચ, ફોર્ટ, મુંબઈ પાસેથી ક્રેડિટ સુવિધા મેળવી હતી. કંપનીએ બેંક ભંડોળનો ઉપયોગ જે હેતુ માટે મંજૂર કરવામાં આવ્યો હતો તે હેતુ માટે ન કરીને બેંક સાથે છેતરપિંડી કરી હતી.ભંડોળને કથિત રીતે સહયોગી કંપનીઓ અને જોડાયેલી સંસ્થાઓ દ્વારા વાળવામાં આવ્યું હતું અને તેનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ધિરાણ આપતી બેંકને નુકસાન થયું હતું. ગત ૪ નવેમ્બરના કેસ નોંધાયા બાદ સીબીઆઈએ આજે મુંબઈમાં મેસર્સ એફઆરએલના પ્રમોટર્સ/ડિરેક્ટર્સ સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન તપાસ સાથે સંબંધિત ગુનાહિત દસ્તાવેજો મળી આવ્યા હતા. તે જપ્ત કરવામાં આવ્યા હતા.આ રેકેટની ષડયંત્રની સંપૂર્ણ માહિતી મેળવવા , સરકારી કર્મચારીઓ અને ખાનગી વ્યક્તિઓ સહિત તમામ સંડોવાયેલા વ્યક્તિઓની ભૂમિકા ઓળખવા અને લોન ભંડોળના અંતિમ ઉપયોગને શોધવા માટે તપાસ ચાલુ છે.

ચૂંટણી પંચ અને મીડિયા પર સરકારના નિયંત્રણનો આરોપ

12 વર્ષનું નુકસાન ભરપાઈ કરવામાં સમય લાગશે, પુસ્તક રિલીઝ પહેલાં સોનિયા ગાંધીનો ભાજપ સરકાર પર પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.07

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે છેલ્લાં 12 વર્ષમાં દેશની લોકશાહી વ્યવસ્થા, સામાજિક માળખા અને બંધારણીય સંસ્થાઓને ભારે નુકસાન થયું છે. જોકે, હવે સામાન્ય લોકોને પણ આ નુકસાનનો અહેસાસ થવા લાગ્યો છે અને વર્તમાન સ્થિતિને લઈને તેમનામાં બેચેની વધી રહી છે. સોનિયા ગાંધીએ આશા વ્યક્ત કરી કે સરકાર બદલાયા બાદ દેશમાં સુશાસનની વાપસી થશે, પરંતુ લોકશાહી સંસ્થાઓને ફરી મજબૂત બનાવવામાં સમય લાગશે. આ માટે તમામ રાજકીય પક્ષોએ સામૂહિક પ્રયાસો કરવા પડશે.

સોનિયા ગાંધીએ અંગ્રેજી અખબાર 'ધ હિન્દુ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. તેમની આગામી પુસ્તક 'Belonging: A Journey of Love'ના પ્રકાશન પહેલાં આ ઈન્ટરવ્યૂ સામે આવ્યો છે. હાર્પરકોલિન્સ ઈન્ડિયા દ્વારા આ પુસ્તક 10 નવેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. તેમાં તેમણે પોતાના અંગત જીવન, ભારત સાથેના જોડાણ, રાજકીય સફર, કોંગ્રેસ અને દેશની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે વિચારો રજૂ કર્યા છે.સોનિયા ગાંધીએ કહ્યું કે છેલ્લાં 12 વર્ષમાં દેશના લોકશાહી માળખા, સંસ્થાઓ અને સામાજિક તાણાવાણાને ઊંડું નુકસાન પહોંચ્યું છે. જોકે, હવે સામાન્ય લોકો આ નુકસાનને સમજવા લાગ્યા છે અને વર્તમાન પરિસ્થિતિને લઈને તેમની બેચેની વધી રહી છે. તેમના મતે, સરકાર બદલાયા બાદ પણ લોકશાહી વ્યવસ્થા અને સંસ્થાઓને પહેલાં જેવી સ્વસ્થ સ્થિતિમાં લાવવામાં સમય લાગશે. આ માટે તમામ રાજકીય પક્ષોએ ગંભીરતાથી સામૂહિક પ્રયાસો કરવા પડશે. આ પડકારો છતાં તેઓ દેશના ભવિષ્યને લઈને આશાવાદી છે. તેમને વિશ્વાસ છે કે લોકો દેશમાં ફરીથી સુશાસનની વાપસીને આવકારશે.

કોંગ્રેસની વર્તમાન સ્થિતિ અંગે સોનિયા ગાંધીએ પાર્ટીના સંઘર્ષ અને મજબૂતીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્રમાં વર્તમાન સરકાર આવ્યા પછીથી વિપક્ષને ચૂંટણી લડવા માટે સમાન તક મળી રહી નથી.

રાહુલ ગાંધીના મોદી સરકાર પર સવાલ!

'E20 પેટ્રોલ એટલે 420', 31% ઈથેનોલ ભેળવાતું હોવાનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.07



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પેટ્રોલ પ્રીમિયમની કિંમત વસૂલીને તેમાં નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં ઈથેનોલ ભેળવવામાં આવતું હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કેન્દ્ર સરકારને આ મામલે સ્પષ્ટતા કરવા અને સવાલોના જવાબ આપવા માંગ કરી છે. કર્ણાટક સરકાર દ્વારા સાત જિલ્લાઓમાંથી પેટ્રોલના નમૂના લઈને માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં તપાસ કરાવવામાં આવી હતી. રાહુલ ગાંધીના જણાવ્યા મુજબ, 'આ તપાસમાં 14માંથી 11 નમૂનાઓમાં ઈથેનોલનું પ્રમાણ 20 ટકાથી વધુ હોવાનું બહાર આવ્યું છે. સરકારી અને ખાનગી કંપનીઓ જેવા કે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL)ના નમૂનામાં 31.2 ટકા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (HPCL)ના નમૂનામાં 30.5 ટકા સુધી ઈથેનોલ મળી આવ્યું છે.રાહુલ ગાંધીએ આ આરોપને 'E20 બન્યું 420' ગણાવતા કહ્યું કે, 'ગ્રાહકો પેટ્રોલના પૂરા પૈસા ચૂકવે છે પરંતુ તેમની ગાડીઓની ટાંકીમાં વધુ પડતું ઈથેનોલ ભરવામાં આવે છે. મોટાભાગના વાહનો આટલી મોટી માત્રામાં ઈથેનોલ વાપરવા માટે સક્ષમ નથી હોતા, જેના કારણે ગાડીઓનું માઈલેજ ઘટી જાય છે અને વારંવાર રિપેરિંગ કરાવવાની સ્થિતિ ઊભી થાય છે. તેમજ પેટ્રોલ પંપો પર ગ્રાહકોને આ અંગે કોઈ જ સ્પષ્ટ માહિતી કે વિકલ્પ આપવામાં આવતો નથી.'આ મામલે પીએમ મોદીની સરકાર પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ પૂછ્યું છે કે, 'દેશના વાહનોની ટાંકીઓમાં આખરે શું ભરાઈ રહ્યું છે અને મર્યાદા કરતાં વધુ ઈથેનોલ ભેળવતી કંપનીઓ સામે ક્યારે પગલાં લેવામાં આવશે?' તેમણે સરકારની આ નીતિઓથી કોને ફાયદો થઈ રહ્યો છે તે અંગે સવાલો ઉઠાવીને ચર્ચા માટે પણ પડકાર ફેંક્યો છે.

રાજપીપળા-રામગઢ વચ્ચે કરજણ નદી પર ગ્રામજનો દ્વારા બનાવેલ બ્રિજ (કોઝવે) ધોવાઈ જતા AAP પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ લીધી ઘટના સ્થળની મુલાકાત

અમદાવાદ | રાજપીપળા-રામગઢ વચ્ચે કરજણ નદી પર ગ્રામજનોએ જે કામ ચલાઉ બ્રિજ (કોઝવે) બનાવ્યો હતો, એ હવે ધોવાઈ ગયો છે. આ ઘટના વિશે જાણ થતા આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, રાજપીપળા અને રામગઢ વચ્ચે 10-12 ગામડાઓને જોડતો એક રસ્તો છે, ત્યાં 10 કરોડ 70 લાખના ખર્ચે બ્રિજ બનાવવામાં આવ્યો છે, 2018 થી 20 દરમિયાન આ બ્રિજ બન્યો હતો અને આજદિન સુધી આની રીબીન કાપવામાં આવી નથી. આ બ્રિજના ખાતમુરતમ સમયે રામસિંગ રાઠવા સાંસદ હતા, ત્યારબાદ ગીતાબેન રાઠવા સાંસદ બન્યા અને અત્યારે જશુભાઈ રાઠવા પોતે સાંસદ છે, આ લોકો આજ દિન સુધી રીબીન કાપી નથી અને બ્રિજનો એક પીલર તૂટી ગયો છે. હવે ગ્રામજનોએ ભેગા મળીને બે લાખના ખર્ચે કોઝવે બનાવ્યો અને એને બે પાંચ દિવસ



થયા અને કોઈ મોટા નેતાના કહેવાથી કે કોઈના દબાણથી કરજણ ડેમમાંથી હજારો ક્યુસેક પાણી છોડવામાં આવ્યું, આ પાણીને ખેતરોમાં ખેડૂતોને જરૂરત છે પરંતુ એ પાણીને આ નદીમાં છોડવામાં અને તંત્ર દ્વારા આ રીતે બ્રિજ (કોઝવે) ને તોડી નાખવામાં આવ્યો છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, અહીંથી એક કિલોમીટરના અંતરે ધારાસભ્યનું ઘર છે, સાંસદ મનસુખભાઈ વસાવાનું ઘર છે. આજે કોઈ પણ કોન્ટ્રાક્ટમાં 40-60 નો રેસીયો હોય છે અને કોન્ટ્રાક્ટર પર FIR કરવામાં આવે છે પરંતુ 40% રૂપિયા કમલમમાં જાય છે, અધિકારીઓના ખિસ્સામાં જાય છે, તો આવા લોકો પર કેમ એક્શન લેવામાં આવતી નથી? તો હવે પાણી છોડવાના કારણે જે કામ ચલાઉ બ્રિજ (કોઝવે) બનાવ્યો હતો, એને સાત દિવસમાં બનાવી દેવામાં આવે એવી અમારી માંગ છે, જો સાત થી દસ દિવસમાં આ બનાવવામાં નહીં આવે તો 10 થી 12 ગામડાનાં લોકોને સાથે રાખીને કલેકટર કચેરીનો ઘેરાવ કરીશું અને જરૂર પડે તો ત્યાં ગાંધીચિંધ્યા માર્ગે ધરણા પર બેસીશું. આ બ્રિજ (કોઝવે) તૂટી જવાના કારણે નોકરી પર જતા લોકો, સરકારી કર્મચારીઓ, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓને ખૂબ જ તકલીફ પડી રહી છે, હવે એ લોકોને 15 થી 20 કિલોમીટર ફરીને જવું પડે છે. આ સમસ્યાનું તાત્કાલિક ધોરણે નિરાકરણ કરવામાં આવે, નહીંતર અમે કલેક્ટર કચેરીનો ઘેરાવ કરીશું.

અમદાવાદ રેલવે સ્ટેશન પર RPFની CPDS ટીમની સતર્કતા: ચોરીના ઇરાદે ફરતા શંકાસ્પદ વ્યક્તિને ઝડપી પાડ્યો



પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં રેલવે પરિસરમાં ગુનાઓની રોકથામ તથા મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા સતત સતર્કતા અને દેખરેખ રાખવામાં આવી રહી છે. આ જ ક્રમમાં, તા. 07 નવેમ્બર 2026ના રોજ ક્રાઇમ પ્રિવેન્શન એન્ડ ડિટેક્શન સ્ક્વોડ (CPDS)ની ટીમના સહાયક ઉપ નિરીક્ષક રમન કુમાર, હેડ કોન્સ્ટેબલ ધીરજ કુમાર, કોન્સ્ટેબલ સુનીલ કુમાર અને કોન્સ્ટેબલ મુકેશ કુમાર અમદાવાદ રેલવે સ્ટેશન પર ગુના નિવારણ તથા ભીડ વ્યવસ્થાપનની ફરજ દરમિયાન વિશેષ દેખરેખ રાખી રહ્યા હતા.આ દરમિયાન પ્લેટફોર્મ નંબર 04/05 પર ગુપ્ત દેખરેખ દરમિયાન એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં ફરતો જોવા મળ્યો હતો. CPDS ટીમે ત્વરિત કાર્યવાહી કરીને તેને પકડી લીધો હતો અને તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન આ વ્યક્તિએ કબૂલાત કરી હતી કે દિવાળીના તહેવાર દરમિયાન રેલવે સ્ટેશન પર મુસાફરોની વધતી ભીડનો લાભ લઈને ચોરી કરવાના ઈરાદે તે અમદાવાદ રેલવે સ્ટેશન આવ્યો હતો. જોકે, ચોરીની ઘટનાને અંજામ આપે તે પહેલાં જ CPDS ટીમે તેને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેની પાસે કોઈ માન્ય મુસાફરી અધિકાર પત્ર પણ મળી આવ્યો નહોતો.પકડાયેલા વ્યક્તિની ઓળખ પરષોત્તમ, પિતા ટીકમ દાસ હરિયાણી, ઉંમર 45 વર્ષ, રહેવાસી કોતરપુર, અમદાવાદ તરીકે થઈ છે.CPDS ટીમ દ્વારા પકડાયેલા વ્યક્તિને આગળની કાયદેસરની કાર્યવાહી માટે રાજકીય રેલવે પોલીસ (GRP), અમદાવાદને સોંપવામાં આવ્યો હતો.અમદાવાદ મંડળ રેલવે પ્રશાસન મુસાફરોની સુરક્ષા તથા રેલવે પરિસરમાં ગુનાઓની રોકથામ માટે પ્રતિબદ્ધ છે. આ દિશામાં રેલવે સુરક્ષા દળ દ્વારા સતત સતર્કતા અને સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે.

દિવાળી અને છઠ પૂજા દરમિયાન અમદાવાદ ડિવિઝન દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ

માત્ર ૬ દિવસમાં અમદાવાદ ડિવિઝનમાંથી ૮.૨૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી

પશ્ચિમ રેલવે | અમદાવાદ

દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને સુરક્ષિત, સુગમ અને અનુકૂળ મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે વ્યાપક પગલાં લીધાં છે. ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ અને વિવિધ વિભાગોના સંકલન દ્વારા, વિશેષ ટ્રેનોનું સંચાલન, ભીડ વ્યવસ્થાપન, સુરક્ષા, મુસાફરો માટેની સુવિધાઓ અને સતત દેખરેખ માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.DRM શ્રી વેદ પ્રકાશે મોડી રાત્રે સ્ટેશનની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું : મુસાફરોની સુવિધા અને સુરક્ષાને પ્રાધાન્ય આપતા, ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે જમીની સ્તરે વ્યવસ્થાઓનું મૂલ્યાંકન કરવા માટે મોડી રાત્રે અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. રેલવે અધિકારીઓ સાથે મળીને, તેઓ આખી રાત સ્ટેશન પર હાજર રહ્યા અને કામગીરીનું જાતે નિરીક્ષણ કર્યું, જેથી મુસાફરો સુરક્ષિત અને સુગમ રીતે તેમના ગંતવ્ય સ્થાને પહોંચી શકે. તેમણે હોલ્ડિંગ એરિયા (પ્રતીક્ષા ક્ષેત્રો) અને મુસાફરો માટેની અન્ય સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. આ ઉપરાંત, તેમણે ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જઈ રહેલા મુસાફરો સાથે સીધી વાતચીત કરી તેમના મુસાફરીના અનુભવ વિશે જાણકારી મેળવી. આ દરમિયાન, તેમણે છઠ પર્વની શુભકામનાઓ પાઠવી અને મુસાફરોને ટ્રેનમાં ચઢતી વખતે શિસ્તબદ્ધ રીતે, લાઈનમાં ઊભા રહીને પ્રવેશ કરવા અનુરોધ કર્યો. મુસાફરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો; કેટલાક મુસાફરોએ તો DRM સાથે મળીને 'છઠ મૈયા કી જય'ના નારા પણ લગાવ્યા. મુસાફરોએ રેલવે વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓના વખાણ કર્યા. તેમણે જણાવ્યું કે થોડી રાહ જોયા બાદ, તેમને વ્યવસ્થિત રીતે ટ્રેનમાં બેસવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું, જેનાથી તેઓ આરામદાયક રીતે પોતાના વતન જવા રવાના થઈ શક્યા. ૧ થી ૬ નવેમ્બર વચ્ચે ૮.૨૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી૧ નવેમ્બરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન, અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પરથી ૮.૨૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી. આ આંકડામાં અનરિઝર્વ્ડ ટિકિટ (UTS) પર મુસાફરી કરનારા ૪.૫૫ લાખ મુસાફરો અને રિઝર્વ્ડ ટિકિટ (PRS) પર મુસાફરી કરનારા ૩.૬૫ લાખ મુસાફરોનો સમાવેશ થાય છે. મુખ્ય સ્ટેશનોના આંકડા મુજબ, અમદાવાદ રેલવે સ્ટેશનથી ૩.૨૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી, જ્યારે સાબરમતી રેલવે સ્ટેશનથી ૧.૩૦ લાખ મુસાફરો રવાના થયા હતા અને આશરે ૫૦,૦૦૦ મુસાફરોએ અસારવા રેલવે સ્ટેશનથી મુસાફરી કરી હતી. આમ, આ ત્રણ મુખ્ય સ્ટેશનો પર માત્ર છ દિવસમાં ૫ લાખથી વધુ મુસાફરોની અવરજવર રહી હતી. નવેમ્બર મહિનામાં ૭૩ સ્પેશિયલ ટ્રેન ફેરાનું સંચાલન : દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા માટે, વેસ્ટર્ન રેલવે (પશ્ચિમ રેલવે) દ્વારા નવેમ્બર ૨૦૨૬ દરમિયાન અમદાવાદ ડિવિઝનથી વિવિધ મહત્વપૂર્ણ સ્થળો માટે કુલ ૭૩ સ્પેશિયલ ટ્રેન ફેરા ચલાવવામાં આવી રહ્યા છે. આ સ્પેશિયલ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોના મુખ્ય શહેરો સુધી મુસાફરીના વધારાના વિકલ્પો પૂરા પાડે છે. સેવાઓમાં અમદાવાદ, સાબરમતી, અસારવા, ભુજ અને ગાંધીધામથી ઉપડતી સ્પેશિયલ ટ્રેનોનો સમાવેશ થાય છે, જે લખનૌ, કાનપુર, આગ્રા, મુંબઈ, પ્રયાગરાજ, મુઝફ્ફરપુર, દરભંગા, બરૌની, રાજગીર, જયપુર, હરિદ્વાર અને ભાગલપુર જેવા મુખ્ય સ્થળોને જોડે છે.ખાસ હોલ્ડિંગ એરિયા (પ્રતીક્ષા ક્ષેત્રો) અને મુસાફરો માટે સુવિધાઓ : મુસાફરોની વધતી સંખ્યાને સંચાલિત કરવા અને પ્લેટફોર્મ પર ભીડને રોકવા માટે, અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર ખાસ 'હોલ્ડિંગ એરિયા' (પ્રતીક્ષા માટેના વિસ્તારો) ઊભા કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, લાઇટિંગ અને પંખા જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી મુસાફરો તેમની ટ્રેન આવે ત્યાં સુધી આરામથી રાહ જોઈ શકે.આ ઉપરાંત, જનરલ (અનરિઝર્વ્ડ) ક્લાસમાં મુસાફરી કરતા મુસાફરોની સુવિધા માટે ફૂડ પેકેટ, પાણીની બોટલો, ચિપ્સ અને બિસ્કિટ પૂરા પાડવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.







મુખ્યમંત્રીની રાજ્યના નાગરિકોને દીપાવલી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ

(એજન્સી) ગાંધીનગર | તા.07

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકો તથા વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને દિવાળી અને વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે. આ નૂતન વર્ષે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંતોષ અને ઉત્તમ આરોગ્યનો પ્રકાશ પથરાય તથા દરેક પરિવારનું જીવન આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બને તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ દિવાળી અને નવા વર્ષના શુભકામનાઓ પાઠવતા સંદેશમાં જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રીએ આપેલો વિકસિત ભારતનો સંકલ્પ સાત કરોડ ગુજરાતીઓની સામૂહિક ઊર્જા, આત્મનિર્ભરતા અને કૌશલ્યના બળે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના સાકાર કરવા 'વી વિલ ડુ ઇટ'ના ધ્યેય સાથે આપણે તેમના નેતૃત્વમાં અગ્રેસર બનવું છે. દીપાવલીનું આ પર્વ માત્ર રોશનીનો ઉત્સવ નથી, પરંતુ આર્થિક સમૃદ્ધિ, સુશાસન, સુરક્ષા અને સામાજિક એકતાના નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપતું પર્વ પણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની આજની વિકાસયાત્રાની બુલંદીના પાયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧થી શરૂ કરેલી સેવા અને સુશાસનની સતત અને અવિરત યાત્રા છે. 'સંકલ્પથી સિદ્ધિ'ના માર્ગે ચાલીને ગુજરાત વૈશ્વિક સ્તરે 'ગ્રોથ એન્જિન' તરીકે પ્રસ્થાપિત થયું છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના શાસનમંત્રને સાકાર કરીને રાજ્યમાં દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસનાં નવાં આયામો પાર પાડ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના 'મિશન લાઈફ'ના મંત્રને આત્મસાત કરીને ગુજરાતે ગ્રીન ક્રેડિટ અને 'એક પેડ માં કે નામ ૩.૦' જેવા અભિયાનો દ્વારા પર્યાવરણ સંરક્ષણની દિશામાં નોંધપાત્ર કામગીરી કરી છે. કચ્છના રણથી લઈને ધોલેરા જેવા આધુનિક વિકાસ ક્ષેત્રોમાં વરસાદી પાણીના સંગ્રહ અને વૃક્ષારોપણના વિવિધ પ્રયોગો દ્વારા પર્યાવરણીય સંતુલન જાળવવાના પ્રયાસો થયા છે. આ અભિયાનોમાં રાજ્યની યુવા પેઢી પણ સક્રિય ભાગીદારીનો સંકલ્પ આ નવા વર્ષે લે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વણથંભી વિકાસયાત્રાને તેજ ગતિએ આગળ ધપાવવાના દ્રઢ સંકલ્પ સાથે સૌ કોઈ વિક્રમ સંવતના નૂતન વર્ષે વિકાસ માર્ગે વધુ ગતિમય બને અને આત્મનિર્ભર ભારત માટે વિકસિત ગુજરાતના સંવાહક બને તેવી અંતરની શુભકામનાઓ પણ પાઠવી છે.

રાજ્યભરમાં દિવાળી તહેવારને લઈને ગુજરાત ફાયર વિભાગ સજ્જ

(એજન્સી) અમદાવાદ | તા.07

શહેરના ૧૮ ફાયર સ્ટેશન હાઈ એલર્ટ પર રખાયા છે. કાલુપુર, રીલિફ રોડ, લાલ દરવાજા અને બાપુનગર જેવા અતિ ગીચ વિસ્તારોમાં મોટર સાઈકલ વિથ મિસ્ટ ટેકનોલોજી અને ક્વિક રિસ્પોન્સ વિહિકલની ખાસ વ્યવસ્થા કરાઈ છે. જ્યારે એસ.જી. હાઈવે, સિંધુભવન રોડ અને એસ.પી. રીંગ રોડ પર વોટર બાઉઝર સાથે કર્મચારીઓ સ્ટેન્ડબાય રહેશે. જૂનાગઢ: ગિરનાર દરવાજા, દોલતપરા ફાયર સ્ટેશન, આઝાદ ચોક, ઝાંસીની રાણી ચોક, ઝાંઝરડા ચોકડી અને મધુરમ ગેટ એમ કુલ ૬ મહત્વપૂર્ણ સ્થળોએ ૧૨-૧૨ કલાકની શિફ્ટ મુજબ કુલ ૧૨૦ કર્મચારીઓ ૨૪ કલાક સજ્જ ફાયર ફાઇટિંગ ટીમો સાથે સ્ટેન્ડબાય રહેશે. ભાવનગર: ઘોઘા ગેટ, સંસ્કાર મંડળ, જવાહર મેદાન, ખારગેટ સહિત કુલ ૧૧ મહત્વપૂર્ણ સ્થળોએ ૧૨-૧૨ કલાકની શિફ્ટ મુજબ ૧૧૮ કર્મચારીઓ જરૂરી વાહનો સાથે ૨૪ કલાક તૈનાત રહેશે.જામનગર: કુલ ૯ સ્થળો પર વિશેષ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. જેમાં ૩ મુખ્ય ફાયર સ્ટેશન (મુખ્ય ફાયર સ્ટેશન, જનતા ફાટક અને બેડી વિસ્તાર), ૪ હંગામી ફાયર સ્ટેશન (સમર્પણ સર્કલ, ડીકેવી સર્કલ, રાધિકા સ્કૂલ પાસે, સાધના કોલોની રોડ ગ્રીન સિટી) તેમજ દરબારગઢ સર્કલ અને રંગમતી નદીના પટમાં ફટાકડા બજાર ખાતે કુલ ૧૩૦ કર્મચારીઓ વાહનો સાથે ફરજ પર રહેશે.*ગાંધીનગર:* સેક્ટર-૧૭, સરગાસણ, ભાટ અને રાંધેજા એમ ૪ ફાયર સ્ટેશનો ખાતે કુલ ૨૭ જરૂરી ફાયર અને ઈમરજન્સી વાહનો જેવા કે ફાયર ટેન્ડર, વોટર બાઉઝર વગેરે સાથે કર્મચારીઓ ૨૪ કલાક સ્ટેન્ડબાય રહેશે.વડોદરા: શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર ટેન્ડર અને વોટર બાઉઝર સહિતના વાહનો સાથે સજ્જ ટીમો ૨૪ કલાક ફરજ બજાવશે.રાજકોટ: શહેરના કુલ ૧૦ ફાયર સ્ટેશનો ખાતે સજ્જ ફાયર ફાઇટિંગ ટીમો અને ઈમરજન્સી વાહનો ૨૪ કલાક સ્ટેન્ડબાય મોડ પર રહેશે.ઉલ્લેખનીય છે કે, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા રાજ્યના નાગરિકોને દિવાળી દરમિયાન ફટાકડાનો ઉપયોગ કરતી વખતે જરૂરી સાવચેતી રાખવા, ખુલ્લા અને સુરક્ષિત સ્થળે જ ફટાકડા ફોડવા, જ્વલનશીલ પદાર્થોથી દૂર રહેવા, બાળકો સાથે વડીલોની હાજરી રાખવા તથા અગ્નિ નિવારણના તમામ નિયમોનું પાલન કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે.



eSARAS – તમારી એક ક્લિક, કારીગરની કળાને નવી ઓળખ અને આત્મનિર્ભર ભારત તરફ એક પગલું

(એજન્સી) ગાંધીનગર | તા.07

તહેવારોની રંગત જ કંઈક અનોખી હોય છે! ઘરના આંગણે રંગોળીના રંગો ખીલે, દીવડાંની ઝગમગાટથી ઘર રોશન થાય, દરવાજે સુંદર તોરણ શોભે અને પરિવારના સભ્યો માટે નવીન વસ્ત્રો તથા પ્રિયજનો માટે ખાસ ભેટસોગાદોની ખરીદી શરૂ થાય... ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર ઉજવણી નથી, પરંતુ પરંપરા, લાગણી અને ખુશીઓની વહેંચણીનો અવસર છે. આ અવસર પર જો ગૃહ સજાવટ, વિવિધ પ્રાદેશિક હસ્તકલાના પરિધાન, પરંપરાગત વ્યંજનો જો એક ક્લીક પર ઘરના આંગણે પહોંચે તો તહેવારની રંગત વધુ ખીલે.તમારા ઘરની સુંદરતા વધારતું તોરણ હોય કે સુંદર કલાકૃતિ જે ગ્રામીણ મહિલા સ્વસહાય જૂથની બહેનની મહેનતનું પરિણામ હોય. આ માત્ર ખરીદી નથી, પરંતુ તેમના આત્મનિર્ભરતાના પ્રયાસમાં ભાગીદાર બનવાની એક સુંદર તક છે. આ માટે બજારમાં જવાની જરૂર નથી, પરંપરાગત ખજાનો તમારા મોબાઈલના માધ્યમથી ઉપલબ્ધ છે.આવી જ એક અનોખી પહેલ છે ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળ દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન-DAY-NRLM દ્વારા વિકસિત eSARAS- સરસ આજીવિકા પોર્ટલ. આ પ્લેટફોર્મ મહિલા સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતાં ઉત્પાદનોને ઓનલાઈન બજાર પૂરું પાડે છે. અહીં ખરીદીની સુવિધા સાથે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને ગ્રામ્ય મહિલાઓની સર્જનાત્મકતાનો અનોખો પરિચય પણ મળે છે.

AVAILABLE FOR SALE

Make	Regn. No.	Model	Engine no	Chassis no
JOHN DEERE 5210 WITH LOADER	GJ-27-EG-1465	2025	PY3029T346625	1VY5210ECSD033470

IN " AS IS WHERE IS CONDITION"
SUNDARAM FINANCE LIMITED
No. 2 Nilmany Chambers,
B/H Sales India Ashram Road,
Ahmedabad:368 009 M-9723705742

લોકોમોટિવ શેડ, સાબરમતી દ્વારા સામાજિક સરોકારના ભાગરૂપે "રોબિન હૂડ આર્મી"ને ઉપયોગી વસ્તુઓનું દાન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના લોકમોટિવ શેડ, સાબરમતી દ્વારા સામાજિક જવાબદારી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા 07 નવેમ્બર, 2026ના રોજ એક પ્રશંસનીય દાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતર્ગત શેડના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાના ઉદ્દેશથી વિવિધ ઉપયોગી વસ્તુઓ રોબિન હૂડ આર્મી (NGO) ને દાન સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી.આ અભિયાન દરમિયાન પુરુષો, મહિલાઓ અને બાળકો માટે ઉપયોગી કપડાં, બાળકોનાં રમકડાં તેમજ તેમના શિક્ષણમાં ઉપયોગી સ્ટેશનરી સામગ્રી એકત્રિત કરવામાં આવી હતી અને રોબિન હૂડ આર્મીના પ્રતિનિધિઓને સોંપવામાં આવી હતી. આ ઉમદા કાર્યમાં લોકમોટિવ શેડના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાનું યોગદાન આપ્યું હતું.આ પ્રસંગે અમદાવાદના મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે કર્મચારીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રકારની સામાજિક પહેલો જરૂરિયાતમંદ અને વંચિત વર્ગોને મદદરૂપ થવાની સાથે સમાજમાં સેવા, સહયોગ અને સંવેદનશીલતાનો સકારાત્મક સંદેશ પણ આપે છે. તેમણે કર્મચારીઓના આ પ્રશંસનીય પ્રયાસની સરાહના કરી હતી તેમજ ભવિષ્યમાં પણ આવી સામાજિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અને આ પ્રકારની પહેલોને સતત ચાલુ રાખવા માટે પ્રેરિત કર્યા હતા.આ પહેલ માત્ર જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ઉપયોગી સહયોગ પૂરો પાડશે એટલું જ નહીં, પરંતુ રેલવે કર્મચારીઓમાં સામાજિક જવાબદારી, માનવીય સંવેદના અને સામુદાયિક સેવાની ભાવનાને પણ પ્રોત્સાહન આપશે. અમદાવાદ મંડળની આ પહેલ સમાજના નબળા વર્ગો પ્રત્યે સંવેદનશીલતા અને સહયોગની ભાવનાનું એક પ્રેરણાદાયી ઉદાહરણ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

બજારમાં ગ્રાહકોનો ભારે ધસારો, કરોડ રૂપિયાનું રેકોર્ડ વેચાણ થયું

વડોદરામાં ધનતેરસ પર્વે સોના ચાંદીની ખરીદી ધમધમી ઊઠી

(એજન્સી) વડોદરા । તા. 07

પવિત્ર અને માંગલિક તહેવાર ધનતેરસના અવસરે સંસ્કારી નગરી વડોદરામાં સોના અને ચાંદીની બજારોમાં અદભુત ઉત્સાહ અને રોનક જોવા મળી હતી. શહેરના ખૂણે ખૂણેથી આવેલા નાગરિકોએ પરંપરાગત પર્વને વધાવવા માટે જ્વેલરી શોરૂમો અને દાગીનાની દુકાનો પર વહેલી સવારથી જ ભારે ભીડ જમા કરી હતી. પ્રાપ્ત અહેવાલો મુજબ, આ શુભ દિવસ દરમિયાન શહેરમાં આશરે એકસો પચીસ કરોડ રૂપિયા જેટલા માતબર ના સોના અને ચાંદીના દાગીના તેમજ સિક્કાઓનું વેચાણ નોંધાયું છે. ગત વર્ષની સરખામણીએ કિંમતોમાં આવેલા ઘટાડા અને શુકનવંતી ખરીદીના ઉત્સાહને કારણે બપોરના સમયે પણ ખરીદીનો દોર અવિરતપણે ચાલુ રહ્યો હતો, જેના કારણે વેપારીઓમાં ભારે ખુશીની લહેર દોડી ગઈ હતી.

ધનતેરસના પાવન અવસરે વડોદરાના તમામ મુખ્ય બજારોમાં ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પરિસ્થિતિ એવી બની હતી કે ભર બપોરના સમયે પણ સોના-ચાંદીના તમામ શોરૂમો અને નાના-મોટા વેપારીઓની દુકાનો પર ખરીદી કરવા માટે લોકોની ભારે કતારો લાગેલી હતી. ગ્રાહકોના આ અણધાર્યા અને ભારે ઉત્સાહને ધ્યાનમાં રાખીને શહેરના મોટાભાગના શોરૂમ અને વેપારીઓની દુકાનો મોડી રાત્રે નવ વાગ્યા પછી પણ ખુલ્લી રાખવામાં આવી હતી, જેથી દરેક વ્યક્તિ પોતાની મનપસંદ વસ્તુઓની ખરીદી કરી શકે. નાગરિકોમાં ધનતેરસના દિવસે ધાતુ ખરીદવાની પરંપરાને જાળવી રાખવા માટેનો અનેરો જોશ જોવા મળ્યો હતો.

આ વર્ષે ખરીદી વધવા પાછળનું સૌથી મોટું અને મહત્વનું કારણ સોના



અને ચાંદીના બજાર ભાવમાં નોંધાયેલો ઘટાડો હતો. અગાઉના વર્ષની તુલનામાં આ વખતે કિંમતોમાં રાહત મળવાથી સામાન્ય પરિવારો પણ ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં આગળ આવ્યા હતા. બજારમાં એક કિલો ચાંદીનો આજનો ભાવ એક લાખ સત્તાસી હજાર રૂપિયા આસપાસ રહ્યો હતો, જ્યારે એક તોલા શુદ્ધ સોનાનો ભાવ એક લાખ છતાલીસ હજાર રૂપિયા બોલાયો હતો. જો કે, સરખામણી કરીએ તો ગત વર્ષે એક તોલા સોનાની કિંમત એક લાખ એંસી હજાર રૂપિયા જેટલી ઊંચી હતી, જે આ વર્ષે ઘટી જવાથી ગ્રાહકોને મોટો લાભ મળ્યો હતો.

પરંપરાગત માન્યતાઓ અનુસાર ધનતેરસના દિવસે ચાંદીની ખરીદી કરવી અત્યંત શુકનવંતી અને કલ્યાણકારી માનવામાં આવે છે, કારણ કે પૂજાના સમયે પણ ચાંદીના દાગીના કે લગડીનું વિશેષ પૂજન કરાવવામાં આવે છે. આ જ કારણસર આજના દિવસે કુલ ખરીદી કરનારાઓમાં અંદાજે સિત્તેર ટકા ગ્રાહકોએ માત્ર ચાંદીની ચીજવસ્તુઓની ખરીદી કરવાનું પસંદ કર્યું હતું, જ્યારે બાકીના ત્રીસ ટકા ગ્રાહકોએ સોનું ખરીદ્યું હતું. આ ઉપરાંત, તૈયાર દાગીના ખરીદવા કરતાં લોકોનો મુખ્ય ઝુકાવ સોના અને ચાંદીના સિક્કા તેમજ લગડીઓ ખરીદવા તરફ વધારે જોવા મળ્યો હતો. એક અંદાજ મુજબ કુલ ખરીદી કરનારાઓમાંથી લગભગ એંસી ટકા લોકોએ ભવિષ્યના રોકાણ અને શુકનના હેતુથી સિક્કા અને લગડીઓ જ ખરીદવાનું પસંદ કર્યું હતું, જેણે વડોદરાના ઝવેરી બજારને નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધું છે.

ગત વર્ષની સરખામણીએ સોના અને ચાંદીના ભાવમાં આ વખતે ઘટાડો નોંધાયો હતો અને ખરીદી વધવા પાછળ આ પણ એક મહત્વનું કારણ હતું. એક કિલો ચાંદીનો આજનો ભાવ ૧.૮૭ લાખ રુપિયા અને એક તોલા સોનાનો ભાવ ૧.૪૬ લાખ રુપિયા હતો. જ્યારે ગત વર્ષે એક તોલા સોનાની કિંમત ૧.૮૦ લાખ રુપિયા હતી.

વડોદરાના જ્વેલર્સના કહેવા પ્રમાણે સામાન્ય રીતે ધનતેરસના દિવસે ચાંદીની ખરીદી શુકનવંતી મનાય છે અને ધનતેરસે થતી પૂજામાં પણ ચાંદીના દાગીના અથવા લગડીનું પૂજન કરાવમાં આવે છે. એટલે આજે લગભગ ૭૦ ટકા ગ્રાહકોએ ચાંદી ખરીદી હતી અને ૩૦ ટકા ગ્રાહકોએ સોનુ ખરીદયું હતું.જોકે લોકોનો વધારે ઝુકાવ દાગીના કરતા સિક્કા અને લગડી તરફ વધારે રહ્યો હતો.લગભગ ૮૦ ટકા લોકોએ સિક્કા અને લગડી ખરીદવાનું પસંદ કર્યું હતું.

પ્રતાપનગર એકતાનગર મેમૂ ટ્રેન સેવા શરૂ કરાઈ છે, તહેવારોમાં રેલવેનો મોટો નિર્ણય



વડોદરા | દેશભરમાં દિવાળી અને છઠ પૂજાના મહાપર્વની ઉજવણીનો ઉત્સાહ ચરમસીમા પર પહોંચી ગયો છે, ત્યારે તહેવારોના આ દિવસોમાં વતન તરફ જતાં અને પ્રવાસ કરતા નાગરિકોની સુવિધા માટે રેલવે તંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા મુસાફરોની વધતી ભીડને પહોંચી વળવા અને મુસાફરીને વધુ સરળ બનાવવા માટે આગામી ૮ અને ૯ નવેમ્બરના રોજ પ્રતાપનગરથી એકતાનગર વચ્ચે વિશેષ અનારક્ષિત મેમૂ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ ભારતના પ્રમુખ સાંસ્કૃતિક અને પ્રવાસી સ્થળોને જોડતી આ ખાસ ટ્રેન સેવા શરૂ થવાથી હજારો યાત્રિકોને અવરજવર માટે ભારે સગવડ સાંપડશે. દિવાળીના પ્રકાશ પર્વ અને ત્યારબાદ આવતા પવિત્ર છઠ પૂજાના તહેવાર દરમિયાન વડોદરા અને આસપાસના વિસ્તારોમાંથી પોતાના વતન જતા તેમજ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે જતા પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળે છે.

અંબિકા વિદ્યાલયને ૨ લાખનો દંડ ફટકારાયો છે, શિક્ષણ વિભાગની કડક કાર્યવાહી થઈ

(એજન્સી) રાજકોટ । તા. 07

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના અગ્રણી શિક્ષણ ધામ ગણાતા રાજકોટ શહેરમાં સરકારી નિયમો અને મંજૂરીઓની ખુલ્લેઆમ અનાદર કરીને ચલાવવામાં આવતી ખાનગી શાળાઓ સામે જિલ્લા શિક્ષણ તંત્રે આખરે લાલ આંખ કરી છે. રાજકોટની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલી આકરા વહીવટી અને કાનૂની પગલાંની શ્રેણી અંતર્ગત સ્થળ ફેરફારની જરૂરી મંજૂરી લીધા વિના જ ગેરકાયદેસર રીતે અન્ય સ્થળે શૈક્ષણિક વર્ગો ચલાવી રહેલી અંબિકા વિદ્યાલયને અંકે રૂા. ૨ લાખનો આકરો દંડ ફટકારવામાં આવ્યો છે. આટલું જ નહીં, જસદણ વિસ્તારમાં નવોદય વિદ્યાલયમાં પ્રવેશ અપાવવાની ખોટી લાલચ આપીને અન્ય જિલ્લાના નિર્દોષ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની સત્તાવાર મંજૂરી વગર ભણાવવાના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ વહીવટી તંત્ર દ્વારા કડક તપાસ શરૂ કરી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગની આ ધાકધમકીભરી કાર્યવાહીના પગલે નિયમોનો ભંગ કરતા શાળા સંચાલકોમાં ભારે ફફડાટ અને ચિંતાની લહેર છવાઈ ગઈ છે.

રાજકોટ શહેરના મુખ્ય ૮૦ ફૂટ રોડ પર આવેલી અંબિકા વિદ્યાલયને શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧ થી ૮ સુધીના ગુજરાતી માધ્યમની શાળા ચલાવવા માટે નિયમાનુસાર સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. જોકે, શાળા સંચાલકોએ શિક્ષણ ક્ષેત્રના નિયમો અને કાયદાઓની સરેઆમ અવગણના કરીને તંત્ર પાસેથી સ્થળ ફેરફાર માટેની કોઈ જ પરવાનગી લીધી નહોતી. નિયમો મુજબ જ્યારે પણ કોઈ શાળા પોતાનું સરનામું કે સ્થળ બદલે છે ત્યારે તેના માટે શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી લેવી અત્યંત આવશ્યક હોય છે. પરંતુ આ શાળાના સંચાલકોએ મંજૂરી વિના જ વિદ્યાર્થીઓને કેરાલા પાર્ક વિસ્તારમાં આવેલી એક મકાન કે ઈમારતમાં ટ્રાન્સફર કરીને ભણાવવાનું શરૂ કરી દીધું હતું. આ ગેરકાયદે પ્રવૃત્તિ અને વહીવટી અનિયમિતતા અંગે આશરે ત્રણ મહિના પહેલા રાજકીય પક્ષ કોંગ્રેસના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ સત્તાવાર લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

વડોદરામાં બ્લાઈન્ડ ચેસ ખેલાડી ચોરી કેસ ઉકેલાયો,રીઢો ચોર પોલીસ હસ્તક ઝડપાઈ ગયો

(એજન્સી) વડોદરા । તા. 07

સંસ્કારી નગરી વડોદરાના વાડી વિસ્તારમાં બનેલી એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારી ઘટનામાં સ્થાનિક પોલીસ તંત્રને બહુ મોટી સફળતા સાંપડી છે. રાષ્ટ્રીય સ્તરે ચેસની રમતમાં દેશ અને રાજ્યનું નામ રોશન



કરનાર એક દિવ્યાંગ ખેલાડીના ઘરમાંથી થયેલી ચોરીનો ગણતરીના કલાકોમાં ઉકેલ લાવીને પોલીસે ગુનાનો પર્દાફાશ કર્યો છે. વડોદરામાં બ્લાઈન્ડ ચેસ ખેલાડી ચોરીની આ ઘટનામાં ચોરાયેલા અત્યંત કિંમતી તેમજ ખાસ પ્રશિક્ષણ માટે ઉપયોગી સાધન સામગ્રી સાથે ગુનેગારને પકડી પાડવામાં આવ્યો છે. સંવેદનશીલતા અને માનવતા સાથે જોડાયેલા આ કિસ્સામાં પોલીસે દાખવેલી ત્વરિત કામગીરીથી સ્થાનિક રહીશો અને રમતગમત જગતમાં ભારે રાહતની લાગણી વ્યાપી ગઈ છે. વડોદરાના વાડી વિસ્તારમાં આવેલા બરાનપુરા જોરદાર ફળિયામાં ૨૪ વર્ષીય બંને આંખોથી દિવ્યાંગ એવા રાષ્ટ્રીય કક્ષાના ચેસ ખેલાડી રહે છે. આ યુવા ખેલાડીએ પોતાની મહેનત અને અદમ્ય ઈચ્છાશક્તિના બળે ચેસની રમતમાં અત્યાર સુધીમાં એક ડઝન જેટલા સુવર્ણ અને રજત ચંદ્રકો પ્રાપ્ત કરીને અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. ત્રણ દિવસ અગાઉ અજ્ઞાત તત્વો દ્વારા આ દિવ્યાંગ ખેલાડીના મકાનને નિશાન બનાવીને ચોરી કરવામાં આવી હતી. આ ચોરીમાં સામાન્ય ઘરવખરી નહીં પરંતુ ખેલાડી માટે જે અત્યંત મહત્વનું હતું તેવું પુણેની એક પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલું બ્લાઈન્ડ ખેલાડીઓનું ખાસ લેપટોપ, મોબાઈલ ફોન તેમજ બારસો રૂપિયાની રોકડ રકમની સરેઆમ ચોરી કરવામાં આવી હતી.

ઘઉંના આટાની બેગ લઈ જઈ ઠગાઈ આચરનાર ઝડપાયા, જસદણ પોલીસમાં નોંધાઈ ફરિયાદ

(એજન્સી) રાજકોટ । તા. 07

રાજકોટ જિલ્લાના જસદણ વિસ્તારમાં વેપારી સાથે વિશ્વાસઘાત અને લાખો રૂપિયાની છેતરપિંડીની એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં અક્ષર ટ્રેડિંગ અને શ્રી કૃષ્ણા ટ્રેડિંગના નામે વેપાર કરતા કેટલાક ઇસમોએ ઘઉંના આટાની બોરીઓ મેળવીને કુલ ચાર લાખ ત્રીસ હજાર રૂપિયાનું પેમેન્ટ ન ચૂકવીને ફરાર થઈ જતા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, જસદણના રહેવાસી અને આટકોટ-જસદણ રોડ ઉપર ભાગીદારીમાં ફ્લોર મિલ ચલાવતા વેપારી હિતેશભાઈ ભુવા સાથે આ વિશ્વાસઘાત આચરવામાં આવ્યો છે, જેના પગલે સમગ્ર વેપારી આલમમાં ચકચાર મચી ગઈ છે અને પોલીસ દ્વારા આરોપીઓની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે.

હિતેશભાઈ ભુવા વર્ષ ૨૦૨૧થી સ્વરા એક્સપોર્ટ નામની ફ્લોર મિલનું સંચાલન કરી રહ્યા છે. જેતપુરમાં અક્ષર ટ્રેડિંગ નામની પેઢી ચલાવતા કપીલ નથવાણી અને દેવ ઉમેશ ગણાત્રા અગાઉ તેમની પાસેથી નિયમિતપણે ઘઉંના આટાની બેગ ખરીદતા હતા અને સમયસર નાણાં ચૂકવી આપતા હતા. આ નિયમિત વ્યવહારના કારણે વેપારીનો તેમના પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો હતો. આનો જ લાભ લઈને આરોપીઓએ છેલ્લા બે બિલના રૂા. ૨.૩૯ લાખ બાકી રાખ્યા હતા અને ત્યારબાદ અચાનક પોતાના ફોન બંધ કરી દીધા હતા. જ્યારે વેપારીએ જેતપુરમાં આવેલી તેમની પેઢીની રૂબરૂ મુલાકાત લીધી ત્યારે ત્યાં તાળાં મારેલા જોવા મળ્યા હતા અને દુકાન પરથી બોર્ડ પણ ઉતારી લેવામાં આવ્યા હતા, જેથી તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

માત્ર એક જ પેઢી નહીં પરંતુ આ જ પ્રકારની પદ્ધતિ અપનાવીને જેતપુર માર્કેટિંગ યાર્ડમાં શ્રી કૃષ્ણા ટ્રેડિંગ નામની પેઢી ચલાવતા ધવલ ચીમનલાલ ધોળકિયા અને અન્ય એક અજાણ્યા શખ્સે પણ હિતેશભાઈ સાથે ઠગાઈ કરી હતી. આ બંને શખ્સો પણ વેપારી પાસેથી મોટા પ્રમાણમાં ઘઉંના આટાની બેગ્સ લઈ જતા હતા અને શરૂઆતમાં સમયસર પેમેન્ટ ચૂકવીને વિશ્વાસ સંપાદિત કર્યો હતો.

રાજકોટ કોમન પાર્કિંગ કાર આગ દુર્ઘટનાથી ખળભળાટ, પાંચ કાર બળીને ખાખ થઈ ગઈ




રાજકોટ | શહેરમાં શનિવારે સવારે એક અત્યંત ચોંકાવનારી અને ભયાનક ઘટના સામે આવી છે, જ્યાં દોઢસો ફૂટ રિંગરોડ પર આવેલા પુનિત નગર પાછળના વિસ્તારમાં સ્થિત માધવ પાર્કના કોમન પાર્કિંગમાં અચાનક અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળતા મોટો અગ્નિકાંડ સર્જાયો હતો. એક જ કારમાં લાગેલી આગે જોતજોતામાં એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે તેની આસપાસ પાર્ક કરવામાં આવેલી અન્ય ચાર ગાડીઓને પણ પોતાની ચપેટમાં લઈ લીધી હતી, જેના પરિણામે એકસાથે પાંચેય વાહનો બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહીશોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ અચાનક બનેલી દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થયાના અહેવાલ પ્રાપ્ત થયા નથી, જેના કારણે તંત્ર અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે. માધવ પાર્ક સોસાયટીના કોમન પાર્કિંગ વિસ્તારમાં સામાન્ય દિવસોની જેમ વાહનો પાર્ક કરવામાં આવ્યા હતા.

ભારત પર્વ પ્રદર્શનમાં મુખવટા, જીવંત ગાથા રજૂ કરાઈ રહી છે

ભારતીય મુખવટા કળાનો સાંસ્કૃતિક વારસો ઉજાગર થયો





(એજન્સી) નવી દિલ્હી । તા. 07

માનવીય સંસ્કૃતિમાં મુખવટો એટલે કે માસ્ક એ પોતાનો ચહેરો છુપાવવાનું સાધન નથી, પરંતુ એક નવા જ અલૌકિક અને દૈવી પાત્રમાં પરકાયા પ્રવેશ કરવાનું અદ્ભુત માધ્યમ છે. તાજેતરમાં રાજધાની દિલ્હીમાં અતુલ્ય ભારત અંતર્ગત યોજાયેલા વિશેષ પ્રદર્શનમાં ભારતના વિવિધ રાજ્યોની લોકકળાને રજૂ કરતા આકર્ષક મુખવટાઓ મૂકવામાં આવ્યા છે, જે મુલાકાતીઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે અને દેશભરમાંથી આવેલા લોકો આ અદભુત કળાને નિહાળી રહ્યા છે. ભારતમાં મુખવટાની પરંપરાનો ઈતિહાસ પ્રાગૈતિહાસિક કાળ જેટલો જ પ્રાચીન અને રસપ્રદ છે. મધ્યપ્રદેશની ભીમબેટકાની ગુફાઓના પ્રાચીન શૈલચિત્રોમાં શિકાર અને સામૂહિક નૃત્ય વખતે મુખવટા પહેરેલા માનવોની આકૃતિઓ જોવા મળે છે, તો સિંધુ ખીણની સંસ્કૃતિના ઉત્ખનનમાંથી પણ માટીના નાના મુખવટા મળી આવ્યા છે. આદિમ કાળમાં માનવીએ પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપોને રીઝવવા, ખેતીની સમૃદ્ધિની કામના કરવા અને અનિષ્ટ તત્વોથી રક્ષણ મેળવવાની ધાર્મિક વિધિઓ માટે મુખવટાનો ઉપયોગ શરૂ કર્યો હતો. સમય જતાં નાટ્યશાસ્ત્ર અને મહાકાવ્યોના પ્રભાવ હેઠળ આ પરંપરાએ સમૃદ્ધ લોકનાટ્યનું સ્વરૂપ ધારણ કર્યું, જેમાં દેવ અને દાનવના સંગ્રામની કથાઓ મુખવટાના માધ્યમથી ગ્રામીણ ચોરે જીવંત થવા લાગી.

ભારતીય લોકસંસ્કૃતિમાં મુખવટાનું મહત્વ પૌરાણિક કથાઓ, ધાર્મિક અનુષ્ઠાન અને ગૂઢ પ્રતીકાત્મકતા સાથે વણાયેલું છે. લોકમાન્યતા અનુસાર જ્યારે કોઈ કલાકાર વિધિવત રીતે પૂજાયેલો મુખવટો ધારણ કરે છે, ત્યારે તે સામાન્ય માનવી મટીને ખુદ તે આરાધ્ય દેવ, દેવી કે પૌરાણિક પાત્રની ચેતનાનું વાહક બની જાય છે. પ્રદર્શનમાં જોવા મળતા મુખવટાઓમાં તિલકધારી સૌમ્ય લીલા ચહેરા, મોટી આંખોવાળા ઉગ્ર લાલ ચહેરા અને સૂક્ષ્મ કોતરણીવાળા ધાતુ તથા લાકડાના આદિવાસી ચહેરાઓ વિવિધ રસ અને ભાવોને પ્રદર્શિત કરે છે. મુખવટાના રંગો પણ પ્રતીકાત્મક હોય છે, જ્યાં સૌમ્ય રંગો સાત્વિકતા અને દૈવી શક્તિનું પ્રતીક બને છે, જ્યારે ઘેરા અને રૌદ્ર રંગો અસુર સંહાર તેમજ અધર્મ પર ધર્મના વિજયની ગાથા રજૂ કરે છે. ભારતના વિવિધ રાજ્યોમાં ત્યાંની ભૌગોલિક સ્થિતિ અને સ્થાનિક સંસાધનો મુજબ મુખવટાની અનોખી યાદી જોવા મળે છે. પૂર્વ ભારતમાં પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઓડિશાના છૌ મુખવટા તેમજ આસામના માજુલી ટાપુના સત્રિયા ભાવનાના વાંસ અને માટીના મુખવટા જગપ્રસિદ્ધ છે.

આસામી મુખોટા કળા પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણ, સાંસ્કૃતિક વિરાસત અને ધાર્મિક આસ્થા જીવંત થઈ

ભારત પર્વમાં આસામી મુખોટા કળા ચમકી ગઈ

(એજન્સી) રાજપીપળા । તા. 07

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટી, એકતાનગરના સાનિધ્યમાં આયોજિત ભારત પર્વ-૨૦૨૬ દેશની વિવિધતામાં એકતાની ભાવનાને સાકાર કરતું એક અનોખું સાંસ્કૃતિક મહોત્સવ બની રહ્યું છે. દેશના વિવિધ રાજ્યોના કલાકારો, હસ્તકલાકારો અને કારીગરો પોતાની પરંપરાગત કળા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને એક જ મંચ પર રજૂ કરી રહ્યા છે. આ પર્વ માત્ર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર નથી, પરંતુ પેઢીઓથી જળવાયેલી લોકકળાઓને નવી ઓળખ અને કલાકારોને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક પણ પૂરી પાડી રહ્યું છે. આવા જ એક અનોખા નજરાણા સાથે આસામના શિવસાગર શહેરના જાણીતા મુખોટા કલાકાર સુજિત બરુઆહ ભારત પર્વમાં ઉપસ્થિત છે. તેમની કલામાં આસામની લગભગ ૬૦૦ વર્ષ જૂની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરા જીવંત થઈ ઊઠે છે. રંગબેરંગી અને વિવિધ પૌરાણિક પાત્રોના સ્વરૂપમાં તૈયાર કરાયેલા તેમના મુખોટાઓ પ્રવાસીઓમાં વિશેષ કુતૂહલ અને આકર્ષણ જગાવી રહ્યા છે.

મુખોટા બનાવવાની આ પરંપરા અંગે સુજિત બરુઆહ જણાવે છે કે, "આ આસામની ૧૫મી સદીની એટલે કે લગભગ ૬૦૦ વર્ષ



જૂની પરંપરાગત કળા છે, જેની શરૂઆત મહાપુરુષ શ્રીમંત શંકરદેવે કરી હતી. આ મુખોટાઓ સંપૂર્ણપણે ઈકો-ફ્રેન્ડલી હોય છે. તેને બનાવવા માટે વાંસ, માટી, ગાયનું ગોબર અને કાપડ જેવી કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. મુખ્યત્વે રામાયણ, શ્રીકૃષ્ણની રાસલીલા અને ધાર્મિક નાટ્યપ્રયોગોનાં પાત્રોને જીવંત કરવા માટે આ મુખોટાઓ તૈયાર કરવામાં આવે છે. આ મુખોટા માત્ર ચહેરા પર પહેરવાનું સાધન નથી, પરંતુ આસામની ધાર્મિક આસ્થા, લોકજીવન અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. ખાસ કરીને ભાઓના અને અંકિયા નાટ જેવા પરંપરાગત ધાર્મિક નાટ્યપ્રયોગોમાં આ મુખોટાઓનું વિશેષ મહત્ત્વ છે. દેવ-દેવીઓ, પૌરાણિક પાત્રો અને મિથકીય જીવોના સ્વરૂપમાં તૈયાર થતી આ કલાકૃતિઓમાં કલાકારની કલ્પનાશક્તિ, ધીરજ અને વર્ષોની સાધનાનું પ્રતિબિંબ જોવા મળે છે."

શ્રી સુજિત બરુઆહે જાણીતા પદ્મશ્રી રેબાકાંત મહંતાના માર્ગદર્શન હેઠળ આ પરંપરાગત મુખોટા કળાની તાલીમ મેળવી છે. તેઓ પરંપરાગત વારસાને જાળવી રાખવાની સાથે તેને આધુનિક સમયની જરૂરિયાતો સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. બાર્ના કુટિર આર્ટ એકેડમીના માધ્યમથી તેઓ અન્ય કલાકારોને પણ તાલીમ અને માર્ગદર્શન આપે છે. તેમની કળામાં હવે માત્ર પરંપરાગત મોટા મુખોટાઓ જ નહીં, પરંતુ મિનીએચર મુખોટા, નામસિંહની નાની પ્રતિકૃતિઓ, મુખોટા ફ્રિજ મેગ્નેટ અને આસામના પ્રકૃતિજીવન તથા લોકસંસ્કૃતિ આધારિત કેનવાસ પેઈન્ટિંગ્સનો પણ સમાવેશ થાય છે. આ રીતે તેઓ પરંપરાગત કળાને ઘરની સજાવટથી લઈને પ્રવાસીઓની યાદગીરી સુધી પહોંચાડીને તેના માટે નવા બજારની તકો ઊભી કરી રહ્યા છે.

સુરતથી મધ્યપ્રદેશ જતાં બનેવીનું મોત

જાંબુવા બ્રિજ પર ગમખ્વાર અકસ્માતમાં બનેવીનું કરુણ મોત

(એજન્સી)વડોદરા। તા. 07

રોશની અને ઉલ્લાસના પવિત્ર તહેવાર દિવાળીને મનાવવા માટે પોતાના વતન તરફ જઈ રહેલા એક શ્રમિક પરિવાર માટે વાહનની એક ક્ષણિક ટક્કર જીવનભરનો અસહ્ય શોક બની ગઈ છે. સુરત ખાતે મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા સાળા અને બનેવી જ્યારે ભારે ઉત્સાહ સાથે બાઈક પર સવાર થઈને પોતાના મૂળ વતન મધ્યપ્રદેશ જવા નીકળ્યા હતા, ત્યારે વડોદરા નજીક આવેલા જાંબુવા બ્રિજ પર કાળનો પંજો ત્રાટક્યો હતો. મધ્યરાત્રિના સમયે એક અજાણ્યા અને પૂરપાટ ઝડપે ધસી આવેલા અજ્ઞાત વાહને તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પંત્રીસ વર્ષીય બનેવીનું ઘટનાસ્થળે જ અત્યંત કરુણ અને દર્દનાક મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા તેના બાવીસ વર્ષીય સાળાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેને ત્વરિત ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ભયાનક દુર્ઘટનાને પગલે તહેવારના સમયે જ પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં ગમાગીન માહોલ છવાઈ ગયો છે.

મધ્યપ્રદેશના ધાર જિલ્લાના લુખીપાડા ગામના મૂળ વતની પંત્રીસ વર્ષીય સંજય છેલ્લા સાત વર્ષથી પોતાના પરિવાર સાથે ગુજરાતમાં સ્થાયી થયા હતા. તેઓ સુરતના કામરેજ રોડ પર આવેલા વાવ ગામે પોતાની પત્ની અને નાના માસુમ સંતાનો સાથે રહીને શારીરિક મજૂરી કામ કરીને પોતાના પરિવારનું પેટિયું રળતા હતા. તેમનો બાવીસ વર્ષીય સાળો રાજપાલ મોહનભાઈ ચરપોટા પણ છેલ્લા બે વર્ષથી સુરતમાં જ પોતાના બનેવી સંજય સાથે રહીને કામકાજમાં મદદરૂપ થતો હતો. આગામી દિવાળીનો પ્રકાશ પર્વ પોતાના વતનમાં સ્વજનો વચ્ચે ધામધૂમથી ઉજવવા માટે પરિવારમાં ભારે ખુશીનો માહોલ હતો. આ જ હેતુથી સંજય, તેનો સાળો રાજપાલ તેમજ અન્ય નજીકના સગા-સંબંધીઓ સુરતથી મધ્યપ્રદેશ પોતાના ગામે જવા માટે એકસાથે રવાના થયા હતા.

ભાયલી વિસ્તારમાં લાખોની ઠગાઈ થઈ

પીએમ આવાસ યોજના કૌભાંડ વડોદરામાં આચરનાર ટોળકી પકડાઈ

(એજન્સી)વડોદરા। તા. 07

ગુજરાતના સંસ્કારી નગર તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારજનોના પોતાના ઘરના સપનાઓ સાથે ખિલવાડ કરતી એક અત્યંત ચાલાક અને દગાબાજ કૌભાંડી ટોળકીનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સસ્તા ભાવે મકાનો અને વાણિજ્યિક દુકાનો અપાવવાની ખોટી લાલચ આપીને અસંખ્ય લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેરી લેતી કશ્યપ જોષી અને જીલ બારોટની શાતિર ટોળકીએ વડોદરાના ભાયલી વિસ્તારમાં વધુ એક બહેનોના પરિવારને પોતાની જાળમાં ફસાવીને અઠ્ઠાવીસ લાખ પંચાવન હજાર રૂપિયાની પ્રચંડ છેતરપિંડી આચરી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર મામલે પીડિત મહિલા દ્વારા હિંમત દાખવીને પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવતાં ગોરવા પોલીસ મથકના અધિકારીઓએ આ ભ્રષ્ટ ટોળકીના સભ્યો વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દેતી સઘન તપાસનો પ્રારંભ કર્યો છે. શહેરના ખૂણે ખૂણે પોતાની ઠગાઈની જાળ ફેલાવી ચૂકેલી આ કૌભાંડી ટોળકીનો આતંક સતત વધી રહ્યો હતો. અગાઉ વડોદરાના હરણી, બાપોદ અને ગોરવા જેવા પોશ અને સામાન્ય વિસ્તારોમાં અનેક નિર્દોષ નાગરિકોને આવાસ યોજનાના નામે લાખો રૂપિયાનો ચૂનો લગાડ્યા બાદ, આ સાતિર ગુનેગારોએ પોતાનું લક્ષ્ય ભાયલી વિસ્તાર તરફ મોડ્યું હતું. સંસ્કારી નગરીના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલી શિવાલય રેસિડેન્સીમાં વસવાટ કરતાં શાલીનીબેન ભાનુ અને તેમના પરિવારજનો આ ટોળકીની નવી શિકાર બન્યા હતા. સરકારી યોજના હેઠળ અત્યંત સસ્તા દરે આકર્ષક મકાન અને ધંધા માટે દુકાન મેળવવાની આશામાં શાલીનીબેને આ ભેજાબાજો પર વિશ્વાસ મૂક્યો હતો. પરંતુ તેમને કલ્પના પણ નહોતી કે સરકારી યોજનાના નામે મોટો દંભ રચનારા આ લોકો ખરેખર તો નાગરિકોની કમાણી હડપ કરી જતાં આંતરરાષ્ટ્રીય સ્તરના વચેટિયાઓ અને ગઠિયાઓ છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે.

વૃષભ : બ. વ. ઉ.

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે.

મિથુન : ક. છ. ઘ.

તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

કર્ક : ડ. હ.

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

સિંહ : મ. ટ.

આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.

કન્યા : પ. ઠ. ણ.

જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

તુલા : ર. ત.

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

વૃશ્ચિક : ન. ય.

પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચેહરા પાર સ્મિત લાવી શકે છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

મકર : ખ. જ.

આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

કુંભ : ગ. સ. શ. ષ.

વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કૅલેરી ધરાવતો ખોરાક ટાળવો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે। ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો.

મીન : દ. ચ. ઝ. થ.

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે.

ડિજિટલ પ્લેટફોર્મ્સ મ્યુચ્યુઅલ ફંડ વિતરકો દ્વારા રોકાણકારો સાથે જોડાવાની રીત કેવી રીતે બદલી રહ્યાં છે

વધુને વધુ ડિજિટલ બનતી દુનિયામાં, ટેક્નોલોજી લોકો માહિતી કેવી રીતે મેળવે છે, નિર્ણયો કેવી રીતે લે છે અને પોતાની નાણાકીય બાબતોનું સંચાલન કેવી રીતે કરે છે તેમાં પરિવર્તન લાવી રહી છે. રોકાણ ક્ષેત્ર પણ આથી અલગ નથી. ડિજિટલ પ્લેટફોર્મ્સે રોકાણને વધુ સુલભ અને સુવિધાજનક બનાવ્યું છે, જેના કારણે રોકાણકારો નાણાકીય ઉત્પાદનો વિશે જાણકારી મેળવી શકે છે, માહિતી મેળવી શકે છે અને પોતાના રોકાણ પર વધુ સરળતાથી નજર રાખી શકે છે. ઉદ્યોગનો વિકાસ થતો જાય છે તેમ, ટેક્નોલોજી મ્યુચ્યુઅલ ફંડ વિતરકો રોકાણકારો સાથે કેવી રીતે સંપર્ક કરે છે તેમાં પણ ફેરફાર લાવી રહી છે. ડિજિટલ ઓનબોર્ડિંગ અને પોર્ટફોલિયો ટ્રેકિંગથી લઈને રોકાણ સંબંધિત જાણકારી અને નિયમિત સંવાદ સુધી, ડિજિટલ પ્લેટફોર્મ્સ વિતરકોને રોકાણકારો સાથે જોડાવા, તેમની જરૂરિયાતો સમજવા અને વધુ માહિતીસભર સહાય પૂરી પાડવા માટે નવા માર્ગો આપી રહ્યાં છે. ચાલો, ડિજિટલ પ્લેટફોર્મ્સ મ્યુચ્યુઅલ ફંડ વિતરકો દ્વારા રોકાણકારો સાથે જોડાવાની રીતમાં કેવી રીતે પરિવર્તન લાવી રહ્યાં છે તેનાં કેટલાક પાસાં જોઈએ.

૧. રોકાણને વધુ સુલભ બનાવવું – ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા થયેલા સૌથી મહત્ત્વના ફેરફારોમાંનો એક છે રોકાણ સુધી સરળતાથી પહોંચવાની સુવિધા. હવે રોકાણકારો ડિજિટલ માધ્યમો દ્વારા વ્યવહારો કરી શકે છે, પોર્ટફોલિયોના સ્ટેટમેન્ટ મેળવી શકે છે અને પોતાના રોકાણ પર નજર રાખી શકે છે. NJ E-Wealth Account જેવા પ્લેટફોર્મ્સ રોકાણકારોને તેમના મ્યુચ્યુઅલ ફંડ રોકાણો સરળતાથી જોવા અને સંચાલિત કરવાની સુવિધા આપે છે. વિતરકો માટે, આવા પ્લેટફોર્મ્સ ઉચ્ચ ગુણવત્તાની જાણકારી પૂરી પાડે છે, જે તેમને રોકાણકારો સાથે વધુ સારી રીતે વાતચીત કરવામાં અને ઉત્તમ સેવા આપવામાં મદદરૂપ બને છે.

૨. રોકાણકારો સાથેના જોડાણની ગુણવત્તા વધારવી – ટેક્નોલોજી વિતરકો રોકાણકારો સાથે કેવી રીતે સંપર્ક કરે છે તેમાં પરિવર્તન લાવી રહી છે. NJ Wealth દ્વારા Partner Desk મારફતે આપવામાં આવતાં પ્રપોઝલ રાઈટર અને પોર્ટફોલિયો રિવ્યૂ જેવા સાધનો વિતરકોને રોકાણ પ્રસ્તાવો રજૂ કરવામાં, હાલના પોર્ટફોલિયોની સમીક્ષા કરવામાં અને વધુ વ્યવસ્થિત, માહિતીસભર તથા વ્યક્તિગત ચર્ચા કરવામાં મદદ કરે છે. આ સાધનો વિતરકોને માત્ર રોજિંદી વાતચીતથી આગળ વધીને ગ્રાહકોને વધુ અસરકારક રીતે સેવા આપવા સક્ષમ બનાવે છે.૩. ઓટોમેશન અને જાણકારી દ્વારા ઉત્પાદકતા વધારવી – આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ્સ વિતરકોને વ્યવસાયિક કામગીરીનું મૂલ્યાંકન કરવા, કર્મચારીઓનું સંચાલન કરવા, બેક-ઓફિસ કામગીરી સરળ બનાવવા, ગ્રાહક સંબંધ વ્યવસ્થાપન સુધારવા અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે આંતરિક સાધનો આપે છે. ઉપરાંત, AI સાધનોની મદદથી પ્લેટફોર્મ્સ એવી જાણકારી પણ આપે છે, જે વિતરકોને એવા રોકાણકારોને ઓળખવામાં મદદ કરે છે જેમણે પોતાની SIP બંધ કરી દીધી હોય, તેમજ અન્ય એવી તકો ઓળખવામાં મદદ કરે છે જેને ધ્યાન આપવાની જરૂર હોય. નિયમિત કામગીરી સરળ બનાવીને અને ઉપયોગી જાણકારી પૂરી પાડીને, ટેક્નોલોજી વિતરકોને રોકાણકારો સાથેના સંબંધો અને વ્યવસાયના વિકાસ માટે વધુ સમય ફાળવવાની તક આપે છે. ૪. ટેક્નોલોજી દ્વારા વ્યક્તિગત જરૂરિયાત મુજબ સેવા – દરેક રોકાણકારની નાણાકીય જરૂરિયાતો, રોકાણનો સમયગાળો અને જોખમ લેવાની ક્ષમતા અલગ હોય છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ વિતરકોને સંબંધિત માહિતી મેળવવામાં અને વ્યક્તિગત રોકાણકારોની પસંદગીઓ વધુ સારી રીતે સમજવામાં મદદ કરી શકે છે.

ભરૂચમાં નિરાધાર અને જરૂરિયાતમંદો સાથે ખુશીઓની વહેંચણી, સાજીદ નવાબની સેવાકીય પહેલ

| મલેક યસદાની,ભરૂચ

સમાજના જરૂરિયાતમંદ અને નિરાધાર લોકોના જીવનમાં ખુશીની ક્ષણો લાવવાના હેતુથી ભરૂચ શહેર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી સાજીદ નવાબ અને તેમની ટીમ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ભરૂચની સેવા યજ્ઞ સમિતિ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં નિરાધાર અને જરૂરિયાતમંદ લોકો વચ્ચે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સાજીદ નવાબે લોકો સાથે આત્મીયતાપૂર્વક મુલાકાત કરી તેમના



સુખદુઃખની વાતો સાંભળી હતી અને તેમની સાથે ખુશીની પળો વહેંચી હતી.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સમાજમાં અનેક લોકો એવા છે, જેઓ વિવિધ પરિસ્થિતિઓને કારણે જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આવા લોકો સુધી પહોંચીને તેમની સાથે થોડો સમય વિતાવવો અને તેમના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરવો એ પણ સમાજસેવાનું મહત્વપૂર્ણ કાર્ય છે.તહેવારો અને ખુશીના પ્રસંગોની ઉજવણી માત્ર પોતાના પરિવાર પૂરતી મર્યાદિત ન રહે, પરંતુ સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગને પણ તેમાં સામેલ કરવામાં આવે તેવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો. સાજીદ નવાબ અને તેમની ટીમની આ પ્રવૃત્તિએ સામાજિક જવાબદારી, પરસ્પર સહકાર અને માનવતાના મૂલ્યોને ઉજાગર કર્યા હતા.

મહીસાગર માં તહેવારોને અનુલક્ષીને ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સઘન તપાસ: દૂધ, મીઠાઈ, તેલ સહિતના ખાદ્ય પદાર્થોના ૧૭ નમૂના લેવાયા

| જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના નાગરિકોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને ગુણવત્તાસભર ખાદ્યચીજો મળી રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આગામી તહેવારોને ધ્યાને રાખીને સમગ્ર જિલ્લામાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર શ્રી એમ. બી. ગામેતીના જણાવ્યા અનુસાર, ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ મહીસાગર જિલ્લાના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા ઓક્ટોબર માસ દરમિયાન વિવિધ ખાદ્ય એકમો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન દૂધ, કાજુકતરી, કોપરાપાક, બુંદી, સેવ, ખુરમી, મોતીચૂર લાડુ, માવો, ખાદ્ય તેલ, ફાફડા અને જલેબી જેવી રોજીંદા વપરાશ તેમજ તહેવારોમાં વધુ વેચાતી ખાદ્ય સામગ્રીના કુલ ૧૭ જેટલા શંકાસ્પદ નમૂનાઓ પૃથ્થકરણ અર્થે લેવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન વેચાણે મેળવવામાં આવેલા આ તમામ ૧૭ નમૂનાઓને વધુ પૃથ્થકરણ અર્થે ગુજરાત સરકારની માન્ય લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરી તરફથી પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિયમ મુજબ આગળની કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની વિશેષ ફુડ સેફ્ટી વાન (FSW) દ્વારા માવો, મીઠાઈ તેમજ ખાદ્ય તેલ જેવી નાશવંત અને સંવેદનશીલ ચીજવસ્તુઓની સ્થળ પર જ તાત્કાલિક ચકાસણી કરવામાં આવી રહી છે.

કચ્છ ભુજ હાટ ખાતે 179 વણકર કારીગરોને GI Authorised પ્રમાણપત્રોનું વિતરણ

(એજન્સી) ભુજ | તા.07

NHDC દ્વારા ભુજ હાટ ખાતે કચ્છના વણકર કારીગરો માટે GI Authorised પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ 179 વણકર ભાઈઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.આ કાર્યક્રમ અમદાવાદ NHDC ઓફિસના વડા ઈસ્લામ સાહેબના વરદ હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ક્રિષ્ના કુમાર સાહેબ, KWA પ્રમુખ અમૃતલાલ વણકર, પૂર્વ પ્રમુખ પરબતભાઈ વણકર, મેઘજીભાઈ વણકર, માકપટ વણકર વિકાસ સંઘના પ્રમુખ ઈશ્વરભાઈ સહિત મોટી સંખ્યામાં વણકર ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.GI ટેગથી કચ્છની અસલ



હાથવણાટની શાલને ઓળખ મળશે અને ડુપ્લીકેટ મશીનવાળી શાલથી થતી છેતરપિંડી અટકશે. પ્રવાસીઓએ GI ટેગ વાળી શાલ લેવાનો જ આગ્રહ રાખવો જોઈએ.કારીગરોને પણ પોતાની શાલ-સ્ટોલ ઉપર GI Authorised ટેગ લગાડવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમ નું સંચાલન અરજણભાઈ વણકર, અને ગોવિંદભાઈ વણકર એ કર્યું હતું

પહેલા યુવતી પર વિધર્મી યુવકે દુષ્કર્મ આચર્યું

પુત્રએ દુષ્કર્મ આચર્યું, પિતાએ ધર્મ પરિવર્તન કરાવ્યું! જૂનાગઢમાં પીડિતાના ઘરમાંથી બુરખો અને કલમા પુસ્તક મળ્યું

(એજન્સી) જૂનાગઢ | તા.07

જૂનાગઢમાં થોડા દિવસો પહેલા યુવતી પર વિધર્મી યુવકે દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે યુવકના દરગાહના મુંજાવર પિતાએ ધમકી આપી હતી. આ મામલે ફરિયાદ બાદ પોલીસે યુવતીનું નિવેદન લેતા તેણીનું મુંજાવરે ધર્મપરિવર્તન કરાવ્યાનો ઘટસ્ફોટ થયો છે, જેનાથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. યુવતીને ઉનાવા, ઉના, અજમેર સહિતની દરગાહમાં લઈ જઈ સલામી કરાવ્યાના ફોટો તથા વીડિયો કબ્જે કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં પોલીસ દ્વારા ધર્મ સ્વતંત્ર અધિનિયમ-2003ની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે જેને કોર્ટે ગ્રાહ્ય રાખ્યો છે. જૂનાગઢમાં એકલી રહેતી યુવતીને બીમારીઓ થતી હોવાથી તેણી સંઘાડીયા બજારમાં મોનીસા પીરની દરગાહમાં જતી હતી, જ્યાં મુંજાવરના પુત્રએ યુવતીને ફસાવી લગ્ન કરવા કહ્યું હતું. યુવતીએ ના પાડતા યુવકે માર મારી છરી વડે હુમલો કરી દુષ્કર્મ આચર્યું હતું અને મારી નાખવાની ધમકી આપી હતી તેમજ ફોટા તથા વીડિયો ઉતારી લઈ સગા-સંબંધીઓની આપી દેવા ધમકી દઈ અવાર-નવાર દુષ્કર્મ આચર્યું હતું. યુવતીએ યુવકના પિતા અને દરગાહના મુંજાવરને વાત કરતા તેણે પણ યુવતીને ધમકી આપી હતી. આ મામલે થોડા દિવસ પહેલા યુવતીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર યુવતીનું નિવેદન લેવામાં આવતા તેણીએ દરગાહના મુંજાવર અને તેના પુત્રએ ધર્મ પરિવર્તન કરાવ્યાનો ખુલાસો કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. નિવેદનમાં યુવતીએ જણાવ્યું હતું કે, પિતા-પુત્રએ યુવતીને ઉનાવા, ઉના, જાંબુર અને અજમેરની દરગાહમાં લઈ જઈ સલામી કરાવી હતી અને તેના ફોટા તથા વીડિયો પણ લીધા હતા. પોલીસે તે કબજે કર્યા છે.આ અંગે ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, યુવતીના ધર્મ પરિવર્તન કરાવવા મામલે દરગાહના મુંજાવર અને તેના પુત્ર સામે ગુજરાત ધર્મસ્વતંત્ર અધિનિયમ 2003ની કલમોનો ઉમેરો કરવા માટે કોર્ટમાં રિપોર્ટ કરવામાં આવ્યો છે, તેને કોર્ટે ગ્રાહ્ય રાખ્યો છે. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આ મામલે ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા ગુનાના મૂળ સુધી પહોંચવા પુરાવાઓ એકત્રિત કરવામાં આવશે. આ પ્રકરણમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ? અને અન્ય કોઈ યુવતી આવા ધર્મપરિવર્તનનો ભોગ બની છે કે કેમ? તે અંગેની તપાસ પણ કરવામાં આવશે ઉલ્લેખનીય છે કે, યુવતી બીમાર રહેતી હોવાથી મોનીસા પીરની દરગાહે જતી હતી.

કટોકટીના સમયે સંપર્ક માટે હેલ્પલાઈન નંબરો કાર્યરત

દિવાળી પર્વની સલામતીપૂર્વક ઉજવણી માટે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને અપીલ

| જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં આગામી દિવાળીના તહેવારોની નાગરિકો સલામતી અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી શકે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્રની ડિઝાસ્ટર શાખા દ્વારા જાહેર જનતા માટે સાવચેતીના વિશેષ પગલાં અને માર્ગદર્શિકા (Do's and Don'ts) જાહેર કરવામાં આવી છે. નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી. લટા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને તહેવારો દરમિયાન ફટાકડા ફોડતી વખતે પૂરતી તકેદારી રાખવા અને સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.તંત્ર દ્વારા જારી કરાયેલી સૂચના મુજબ, બાળકો હંમેશા વડીલોની પ્રત્યક્ષ હાજરીમાં જ ફટાકડા ફોડે તે અત્યંત અનિવાર્ય છે. ફટાકડા ફોડતી વખતે સુરક્ષાના ભાગરૂપે પાણી અને રેતી ભરેલી ડોલ અચૂક પાસે રાખવી અને તારામંડળ જેવા ફટાકડા બાળ્યા બાદ તેના ગરમ તાર સીધા પાણી કે રેતી ભરેલી ડોલમાં જ નાખવા. જો અકસ્માતે પહેરેલા કપડામાં આગ લાગે તો દોડવાને બદલે તરત જ અટકી જઈને જમીન પર આળોટવું અથવા અસરગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક ધાબળા (બ્લેન્કેટ)માં લપેટી આગ ઓલવવી. દાઝી જવાના કિસ્સામાં બળતરા શાંત થાય ત્યાં સુધી સતત ઠંડુ પાણી રેડવું, દાજેલી જગ્યા પર સ્વચ્છ કપડું કે સ્ટરીલાઈઝ્ડ પાટો બાંધવો અને કોઈપણ વિલંબ વિના તાત્કાલિક તબીબી સારવાર લેવી.આ સાથે નાગરિકોને ગીચતાવાળી, સાંકડી જગ્યાઓ, બંધ મકાનો કે વાહનોની અંદર તેમજ જ્વલનશીલ પદાર્થો નજીક ફટાકડા ન ફોડવા તાકીદ કરવામાં આવી છે. ફટાકડા ખિસ્સામાં રાખવા નહીં કે લોકો તરફ તેનો ઘા કરવો નહીં. વધુ અવાજ કે ધડાકો કરવા માટે કાચની બોટલ, ટીનના ડબ્બા કે માટલામાં ફટાકડા મૂકીને જોખમી અખતરા ન કરવા. હાથમાં રાખીને ફટાકડા ફોડવાનું સાહસ ન કરવું તેમજ એકવાર સળગાવ્યા બાદ ન ફૂટેલા ફટાકડાને ફરીથી તપાસવા જવું નહીં. જો ફટાકડાથી આંખમાં ઈજા થાય તો આંખને મસળવી નહીં કે ખૂંચેલી વસ્તુ જાતે ખેંચવાનો પ્રયાસ કરવો નહીં, જ્યારે કેમિકલ પડ્યું હોય તો ૧૦ થી ૧૫ મિનિટ સુધી આંખને સ્વચ્છ ઠંડા પાણીથી ધોઈને તુરંત જ આંખના નિષ્ણાત તબીબનો સંપર્ક કરવો.

જામજોધપુર નજીક બગધરા ગામે જાહેરમાં નશાની હાલતમાં લથડિયા ખાતો શ્રમિક ઝડપાયો

જામજોધપુર : જામજોધપુર તાલુકાના બગધરા ગામે જાહેરમાં કેફી પીણું પીને નીકળેલા એક ૫૦ વર્ષના શ્રમિકને શેઠવડાળા પોલીસે ઝડપી પાડી પ્રોહિબિશન ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.આ બનાવની વિગત મુજબ, શેઠવડાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાત્રિ પેટ્રોલિંગમાં હતો ત્યારે પોલીસ કંટ્રોલરૂમ મારફતે બગધરા ગામના ધીરજભાઈ બાબરીયાનો ફોન આવ્યો હતો કે, તેમના ઘરે કેટલાક અજાણ્યા શખ્સો આવીને હેરાન કરી રહ્યા છે. આથી પોલીસનો કાફલો રાત્રિના આશરે 12:15 વાગ્યે બગધરા ગામે પહોંચ્યો હતો.જોકે, સ્થળ પર તપાસ કરતાં કોઈ અજાણ્યા શખ્સો મળી આવ્યા નહોતા. બીજી તરફ, પોલીસને ફોન કરનાર ધીરજભાઈ બાબરીયા નશાની હાલતમાં જોવા મળ્યા હતા. તેમની જીભ લથડતી હતી, આંખો લાલ હતી અને શરીરનું સંતુલન પણ જાળવી શકતા ન હોવાથી લથડિયા ખાતા હતા.

બાલાસિનોરના હાંડીયા અને દખરીયા ખાતે અસંગઠિત શ્રમિકો માટે જાગૃતિ શિબિર યોજાઇ

| જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાસિનોરના હાંડીયા અને દખરીયા ખાતે અસંગઠિત શ્રમિકો માટે જાગૃતિ શિબિર યોજાઈ. શ્રમિક સુરક્ષા જૂથ જનતા અકસ્માત વીમા યોજના અને અંત્યેષ્ઠી સહાય યોજના અંગે શ્રમ વિભાગ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન અપાયુ. રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમલી અસંગઠિત શ્રમિકો માટેની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના શ્રમજીવીઓ સુધી પહોંચે તે હેતુથી મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વિશેષ જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.બોર્ડના સભ્ય સચિવશ્રી તથા જિલ્લાના સરકારી શ્રમ અધિકારીશ્રીની સૂચના અનુસાર બાલાસિનોર તાલુકાના હાંડીયા મુકામે તા. ૧૪/૧૦/૨૦૨૬ તેમજ દખરીયા મુકામે તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ આ જાગૃતિ શિબિરો યોજવામાં આવી હતી.આ શિબિરો દરમિયાન મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રી, લુણાવાડા તથા જેઠોલી સ્થિત ગ્રામ શ્રમયોગી કલ્યાણ કેન્દ્રના સંચાલક બી. કે. વણકર દ્વારા ઉપસ્થિત શ્રમિકોને બોર્ડ હસ્તકની મહત્વપૂર્ણ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં અસંગઠિત શ્રમિકો માટેની ૧૦,૦૦૦/- ની અંત્યેષ્ઠી સહાય યોજના તેમજ અકસ્માતના કિસ્સામાં ૪,૦૦,૦૦૦/- ની સહાય પૂરી પાડતી 'શ્રમિક સુરક્ષા જૂથ જનતા અકસ્માત વીમા યોજના'ની પાત્રતા, લાભો અને અરજી પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી યોજનાકીય લાભ લેવા અનુરોધ કરાયો હતો.

ખરીદીનો ભારે ઉત્સાહ

બર્ધનચોક સહિતની બજારોમાં માનવ મહેરામણ, સોના-ચાંદીથી માંડીને નવા વાહનોની ખરીદીમાં તેજી

(એજન્સી) જામનગર | તા.07

દિવાળીના પાવન પર્વના પ્રારંભ સાથે જ જામનગર શહેરમાં ધનતેરસના શુભ દિવસે ખરીદીનો માહોલ જામી ઊઠ્યો હતો. શુકનવંતી ખરીદીનું વિશેષ મહત્ત્વ ધરાવતા ધનતેરસના પર્વે શહેરીજનો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી પડ્યા હતા. સવારથી શરૂ થયેલી ખરીદીની ધમધમાટ મોડી રાત સુધી જળવાઈ રહી હતી અને શહેરની તમામ બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ધનતેરસના પર્વે લોકોએ સોના-ચાંદીના દાગીના, લક્ષ્મીપૂજન માટેની સાવરણી, હળદર, પૂજાપાની સામગ્રી તેમજ વિવિધ ગૃહઉપયોગી વસ્તુઓની ઉત્સાહભેર ખરીદી કરી હતી. આ ઉપરાંત અનેક પરિવારો દ્વારા ધનતેરસના શુભ મુહૂર્તમાં નવાં વાહનોની ખરીદી પણ કરવામાં આવી હતી.શહેરના હાર્દસમા બર્ધનચોક, ચાંદીબજાર, ગ્રેઈન માર્કેટ, સુપર માર્કેટ, માંડવી ટાવર, રણજિત રોડ અને સેન્ટ્રલ બેંક રોડ સહિતના વિસ્તારોમાં ગ્રાહકોની ભારે અવરજવરથી બજારો ધમધમી ઊઠી હતી. કીડીયારાની જેમ ઉમટેલા લોકોના ટોળાં અને બજારોમાં થયેલી રોનકથી સમગ્ર શહેરમાં દિવાળીના ઉત્સવનો માહોલ છવાઈ ગયો હતો.

છેલ્લા કેટલાક સમયથી મંદીનો સામનો કરી રહેલા સ્થાનિક વેપારીઓને ધનતેરસના દિવસે સારી ઘરાકી નીકળતાં રાહત સાથે ખુશીનો અનુભવ થયો હતો. સોના-ચાંદીના જ્વેલર્સથી માંડીને નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ સુધીના ધંધાર્થીઓમાં વેપાર વધતાં આનંદની લાગણી જોવા મળી હતી. મોડી રાત સુધી બજારોમાં ખરીદીની ચહલપહલ અને રોશનીના ઝળહળાટ વચ્ચે ધનતેરસના પર્વે જામનગરના વેપાર-ધંધામાં નવો ઉત્સાહ સંચાર્યો હતો. ધનતેરસના દિવસે બજારોમાં જોવા મળેલી આ રોનક આગામી દિવાળી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન પણ વેપાર-ધંધાને વધુ વેગ મળશે તેવી આશા જગાવી રહી છે.

કથીરિયાએ અગમ્ય કારણોસર જંતુનાશક દવાના ટીકડા ખાઈ લીધા

જામનગરમાં અનાજમાં નાખવાની ઝેરી દવાના ટીકડા ખાઈ લેતાં 25 વર્ષીય યુવાનનું મોત

(એજન્સી) જામનગર | તા.07

જામનગરના રણજીતસાગર રોડ પર આવેલી પંચવટી સોસાયટીમાં રહેતા 25 વર્ષીય હાર્દિકભાઈ કથીરિયાએ અગમ્ય કારણોસર જંતુનાશક દવાના ટીકડા ખાઈ લીધા હતા. ગત 5 નવેમ્બરના રોજ આ ઘટના બની હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ અંગે તેમના ભાઈએ પોલીસને જાણ કરતા સીટી એ ડિવિઝન પોલીસે અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જામનગર શહેરના રણજીતસાગર રોડ પર આવેલી પંચવટી સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષના એક યુવાને અગમ્ય કારણોસર અનાજમાં નાખવાના જંતુનાશક ઝેરી દવાના ટીકડા ખાઈ લેતાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.આ બનાવની વિગત મુજબ જામનગરના રણજીતસાગર રોડ પર પંચવટી સોસાયટીની શેરી નં. 3માં રહેતા હાર્દિકભાઈ ચંદુભાઈ કથીરિયા (ઉ.વ. 25)એ ગત તા. 5 નવેમ્બરના રાત્રિના દસ વાગ્યા પહેલાં કોઈપણ સમયે પોતાના ઘરે અગમ્ય કારણોસર અનાજમાં નાખવાના જંતુનાશક ઝેરી દવાના ટીકડા ખાઈ લીધા હતા.ઝેરી દવાની અસર થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે તેમના ભાઈ હિરેનભાઈ ચંદુભાઈ કથીરિયા (ઉ.વ. 22)એ પોલીસને જાણ કરતાં જામનગર સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરવામાં આવી છે.આ અંગેની આગળની તપાસ સીટી એ ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.આર. સાગઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે. યુવાનના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

મેઘપરની ખાનગી કંપનીની ટાઉનશીપમાં છાતીમાં દુખાવો ઉપડતાં રાજસ્થાનના 51 વર્ષીય કર્મચારીનું મોત

જામનગર : જામનગર નજીક મેઘપર (પડાણા) વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીની ટાઉનશીપમાં રહેતા અને નોકરી કરતા રાજસ્થાનના 51 વર્ષીય કર્મચારીને છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલમાં દવા લેવા જતી વખતે હોસ્પિટલ નજીક જ પડી જતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની વિગત મુજબ રાજસ્થાનના જોધપુર જિલ્લાના બાવડી તાલુકાના માનસાગર વિસ્તારની રાજપૂતો કી ઢાણીમાં મૂળ રહેતા અને હાલ જામનગરના મોટી ખાવડી ખાતે આવેલી ખાનગી કંપનીની ટાઉનશીપમાં રહેતા હરિસિંહ આમસિંહ રાઠોડ (ઉ.વ. 51)ને ગત તા. 6 નવેમ્બરના બપોરે આશરે સાડા અગિયારથી બાર વાગ્યાના અરસામાં છાતીમાં દુખાવો ઉપડ્યો હતો.આથી તેઓ દવા લેવા માટે ટાઉનશીપની હોસ્પિટલ તરફ ગયા હતા. દરમિયાન હોસ્પિટલ પાસે જ તેઓ અચાનક પડી ગયા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.આ બનાવ અંગે અમન રણજીતસિંહ બેદી (ઉ.વ. 46), રહે. હાલ પારસ પી.જી., વાલ્કેશ્વરી સતગુરુ કોલોની, શેરી નં. 9, જામનગર દ્વારા મેઘપર (પડાણા) પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ 194 મુજબ અ.મોતની નોંધ કરી હતી.આ અંગેની તપાસ મેઘપર (પડાણા) પોલીસ મથકના પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એચ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

આઈઓસીએલ (IOCL), બીપીસીએલ (BPCL) અને એચપીસીએલ (HPCL) એ E20 બળતણની ગુણવત્તાના ધોરણોની પુનઃપુષ્ટિ કરી; કર્ણાટકના દાવાઓ પાછળની ટેસ્ટિંગ પદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) – આ ત્રણ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ કર્ણાટક સરકારના અન્ન, નાગરિક પુરવઠા, ગ્રાહક બાબતો અને કાનૂની માપવિજ્ઞાન (Legal Metrology) વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝની નોંધ લીધી છે, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યના કેટલાક રિટેલ આઉટલેટ્સ પર વેચાતા પેટ્રોલમાં 26% થી 31% ઈથેનોલ છે. ઓએમસી (OMCs) સ્પષ્ટ કરવા માંગે છે કે, અહેવાલ મુજબના દાવાઓને નિર્ધારિત વૈધાનિક અને તકનીકી પ્રક્રિયાઓ અનુસાર કરવામાં આવેલા ટેસ્ટિંગનું સમર્થન નથી. કર્ણાટક સહિત સમગ્ર દેશમાં ત્રણેય OMC દ્વારા પૂરા પાડવામાં આવતા E20 પેટ્રોલ IS 17021 – જે ઈથેનોલ-મિશ્રિત મોટર ગેસોલિન માટેનું બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનું સ્પષ્ટીકરણ છે – તેને અનુરૂપ છે. સેમ્પલિંગ અને ટેસ્ટિંગ પદ્ધતિ સામે ચિંતા ઓક્ટોબર 2026ની કામગીરી માટે અપનાવવામાં આવેલી સેમ્પલિંગ પ્રક્રિયા અને પદ્ધતિ અંગે OMCs એ ચિંતાઓ વ્યક્ત કરી છે. આવશ્યક ચીજવસ્તુ ધારા, 1955 હેઠળ જારી કરાયેલા મોટર સ્પિરિટ અને હાઈ સ્પીડ ડીઝલ (સપ્લાય, વિતરણ અને ગેરરીતિઓ અટકાવવાનું નિયમન) ઓર્ડર, 2005 અને માર્કેટિંગ ડિસિપ્લિન ગાઈડલાઈન્સ (MDG) 2024 મુજબ સેમ્પલિંગ, જાળવણી (retention), ટેસ્ટિંગ અને પરિણામોની જાણ કરવા માટે ચોક્કસ વ્યાખ્યાયિત પ્રક્રિયા નિર્ધારિત થયેલી છે. નિર્ધારિત પ્રક્રિયા મુજબ 1-લિટરના છ સેમ્પલ લેવાના હોય છે, જેમાંથી બે સેમ્પલ પહોંચ આપીને ડીલરને સોંપવામાં આવે છે, બે ઓઈલ કંપની અથવા વિભાગ પાસે રાખવામાં આવે છે, અને બે કંટ્રોલ ઓર્ડરના શિડ્યુલ III હેઠળ ઉલ્લેખિત અથવા સત્તાવાર ગેઝેટમાં અધિસૂચિત પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. સેમ્પલ લેબલ પર સંયુક્ત રીતે હસ્તાક્ષર કરવા જરૂરી છે અને ટેસ્ટિંગના પરિણામો નિર્ધારિત સમયમર્યાદામાં ડીલર તથા ઓઈલ કંપનીને પહોંચાડવાના રહે છે. સપ્ટેમ્બર 2026ની ઝુંબેશ દરમિયાન લેવાયેલા સેમ્પલ સ્ટેટ લેવલ કોઓર્ડિનેટર મારફતે નિયુક્ત OMC લેબોરેટરીઝમાં મોકલવામાં આવ્યા હતા અને MDG 2024 હેઠળ વિનંતી કરાયેલા ગુણવત્તાના માપદંડો માટે ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેની સરખામણીએ, ઓક્ટોબરમાં કરાયેલી કામગીરીમાં OMC પ્રતિનિધિઓની ભાગીદારી વગર સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. સ્ટેટ લેવલ કોઓર્ડિનેટર મારફતે માંગણી કરવા છતાં, OMCs ને તેને સંબંધિત કાઉન્ટરપાર્ટ સેમ્પલ, આઉટલેટ-વાઈઝ સંપૂર્ણ વિગતો અથવા લેબોરેટરી રિપોર્ટ પ્રાપ્ત થયા નથી. વધુમાં, પ્રાપ્ત અહેવાલો કંટ્રોલ ઓર્ડર હેઠળ ઉલ્લેખિત પ્રયોગશાળાને બદલે થર્ડ-પાર્ટી લેબોરેટરી દ્વારા જારી કરાયેલા પ્રમાણપત્રો પર આધારિત છે. આ પ્રમાણપત્રો ઈથેનોલના પ્રમાણની સ્વતંત્ર રીતે ચકાસણી કરવા માટે જરૂરી પૂર્ણ તકનીકી વિગતો પૂરી પાડતા નથી. સેમ્પલની નકલ અને નિર્ધારિત દસ્તાવેજોના અભાવને કારણે OMCs અને સંબંધિત ડીલરોને ચકાસણી અથવા પુનઃટેસ્ટિંગની તક મેળવવાથી વંચિત રાખવામાં આવ્યા છે. ટેસ્ટિંગ પદ્ધતિ IS 17021 ને અનુરૂપ હોવી જોઈએ OMCs દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક તકનીકી મૂલ્યાંકનમાં પ્રમાણપત્રોમાં દર્શાવવામાં આવેલી ઈથેનોલ ટેસ્ટિંગ પદ્ધતિ અંગે પણ ચિંતાઓ ઊભી થઈ છે. IS 17021:2018 (સુધારો નં. 3, ઓગસ્ટ 2025) હેઠળ, E20 બળતણમાં ઈથેનોલનું પ્રમાણ નિર્ધારિત પદ્ધતિઓ દ્વારા નક્કી કરવું જરૂરી છે, જેમ કે ASTM D5845 હેઠળ ફૌરીયર ટ્રાન્સફોર્મ ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રોસ્કોપી (FTIR), પરિશિષ્ટ C હેઠળ વોટર એક્સ્ટ્રેક્શન, અથવા ASTM D4815/D6839 હેઠળ ગેસ ક્રોમેટોગ્રાફી. મહત્વનું એ છે કે, જ્યારે ASTM D4815/D6839 હેઠળ ગેસ ક્રોમેટોગ્રાફીનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે સેમ્પલને પહેલા ઓક્સિજનેટ-ફ્રી પેટ્રોલ સાથે 1:1 ના પ્રમાણમાં પાતળું (dilute) કરવું પડે છે, અને પરિણામને E10 પ્રમાણિત રેફરન્સ મટિરિયલ સામે સુધારિત (correct) કરવું પડે છે. જો કે, કર્ણાટકની પ્રેસ રિલીઝમાં ટાંકવામાં આવેલા પ્રમાણપત્રોમાં લાગુ પડે તેવી પ્રમાણભૂત કસોટી પદ્ધતિ, નિર્ધારિત મંદન (dilution) પ્રક્રિયા અથવા સુધારણા માટે વપરાતી રેફરન્સ મટિરિયલનો ઉલ્લેખ કર્યા વગર માત્ર 'Gas Chromatography દ્વારા Ethanol %' દર્શાવવામાં આવ્યું છે. આ આવશ્યક વિગતોના અભાવે, 26-31% ના અહેવાલમાં દર્શાવાયેલા ઈથેનોલના આંકડાઓને IS 17021 હેઠળ નિર્ધારિત પદ્ધતિ સામે સ્વતંત્ર રીતે માન્ય કરી શકાય નહીં. રિપોર્ટ કરાયેલી ડેન્સિટી (ઘનતા)ના રીડિંગ્સ પણ તપાસને પાત્ર છે. પ્રમાણપત્રો 26-31% ઈથેનોલ ધરાવતા હોવાનો દાવો કરાયેલા સેમ્પલ માટે 0.742 થી 0.749 g/cc વચ્ચેની ડેન્સિટી દર્શાવે છે. આ આંકડો QCC-1 અને QCC-2 સર્વેક્ષણો હેઠળ OMCs દ્વારા ટેસ્ટ કરાયેલા E20 સેમ્પલ માટે નોંધાયેલા 0.752-0.760 g/cc કરતાં ઓછો છે.

નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં

કેઆઈએલની કુલ આવક વાર્ષિક ધોરણે 12 ટકા વધીને રૂ. 61 કરોડ થઈ

પૂણે | કિર્લોસ્કર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (કેઆઈએલ) (BSE: 500243; NSE: KIRLOSIND)એ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળા માટે એના ઓડિટ ન થયેલા નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. આ પરિણામો પર કેઆઈએલના મેનેજિંગ ડિરેક્ટર જ્યોર્જ વર્ગીસે કહ્યું હતું, 'અમે કેઆઈએલ માટે બીજા ત્રિમાસિક ગાળામાં સ્થિર પરિણામો મેળવ્યા હતા અને અમે અર્ધવાર્ષિક ગાળો સ્વતંત્ર ધોરણે કુલ આવક રૂ. 78 કરોડ સાથે પૂર્ણ કર્યો હતો, જેમાં વાર્ષિક ધોરણે 12 ટકાની વૃદ્ધિ થઈ હતી તથા સ્વતંત્ર ધોરણે ચોખ્ખો નફો રૂ. 48 કરોડ થયો હતો. સંગઠિત ધોરણે અમે અર્ધવાર્ષિક ગાળામાં કુલ આવક રૂ. 3,896 કરોડ કરી હતી, જેમાં વાર્ષિક ધોરણે 11 ટકાનો વધારો થયો હતો. અમારી મટિરિયલ પેટાકંપની કિર્લોસ્કર ફેરસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે વર્ષ દરમિયાન મજબૂત કામગીરી જાળવી રાખી હતી, જેને કાર્યકારી સ્થિરતા, અસરકારક ક્ષમતા અને તમામ ક્ષેત્રોમાં એના ઉત્પાદનોની ઊંચી માગથી ટેકો મળ્યો હતો. રિયલ એસ્ટેટ મોરચા પર અમારી સંપૂર્ણ માલિકીની પેટાકંપની એવાન્ત્તે સ્પેસ લિમિટેડ (એએસએલ) સારી પ્રગતિ કરી રહી છે. અમારો સીમાચિહ્નરૂપ કોથરુડ પ્રોજેક્ટ સારી રીતે આગળ વધે છે અને ટ્રેક પર સારી આગેકૂચ કરી રહ્યો છે, જે પ્રીમિયમ, ભવિષ્ય માટે સજ્જ સ્પેસ ઊભી કરવાના અમારા વિઝનની પુષ્ટિ કરે છે, જેથી અમારા હિતધારકોને મહત્તમ મૂલ્ય મળે.'

પ્રાઈમ ફ્રેશ રોબસ્ટ મજબૂત Q2 અને H1 FY27 કોન્સોલિડેટેડ પર્ફોર્મન્સ

અમદાવાદ | '2007 માં સ્થપાયેલી પ્રાઈમ ફ્રેશ લિમિટેડ (PFL), એક BSE-લિસ્ટેડ, ફળો અને શાકભાજીમાં વિશેષતા ધરાવતી સંપૂર્ણપણે સંકલિત પોસ્ટ-હાર્વેસ્ટ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ કંપની છે. અમારી મુખ્ય પ્રવૃત્તિઓમાં સોર્સિંગ, એકત્રીકરણ, સૉર્ટિંગ, ગ્રેડિંગ, પેકિંગ, સ્ટોરેજ, લોજિસ્ટિક્સ, વિતરણ અને બહુવિધ વેચાણ ચેનલોમાં બજાર જોડાણોનો સમાવેશ થાય છે. PFL વ્યાપક બેક-ટુ-ફોરવર્ડ ઈન્ટિગ્રેશન સોલ્યુશન્સ માટે એક-સ્ટોપ એન્ટરપ્રાઈઝ તરીકે સેવા આપે છે.'નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY27) ના બીજા ત્રિમાસિક ગાળા (Q2) અને પ્રથમ અર્ધવાર્ષિક ગાળા (H1) ની નાણાકીય મુખ્ય વિગતો (સંકલિત PFL ગ્રુપ). માર્જિન અને EPS સિવાયના નાણાકીય આંકડા કરોડમાં દર્શાવવામાં આવ્યા છે. કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે 21.1% અને ત્રિમાસિક ગાળામાં 30.3% વધીને 80.39 કરોડ થઈ, જે મજબૂત એકીકૃત આવક વૃદ્ધિ દર્શાવે છે. EBITDA 71.2% વધીને 6.99 કરોડ થયું, જ્યારે PAT 54.7% વધીને 4.83 કરોડ થયું. EBITDA માર્જિન વાર્ષિક ધોરણે 255 bps વધીને 8.70% થયું, જ્યારે PAT માર્જિન વાર્ષિક ધોરણે 130 bps વધીને 6.00% થયું. Q1 FY27 ની તુલનામાં ક્રમિક માર્જિન મધ્યમ થયા.Q2 FY27 માટે સ્ટેન્ડઅલોન F&V વેચાણ ટનેજ 12,798 MT રહ્યું, જે QoQ માં 28.8% અને YoY માં 21.2% ઘટી ગયું, જ્યારે પ્રતિ MT સરેરાશ વેચાણ વસૂલાતમાં વધારો થયો, જે વાસ્તવિક કિંમત અને ઉત્પાદન મિશ્રણમાં સુધારો દર્શાવે છે.ઉત્પાદન મિશ્રણ: ડુંગળીએ એકંદર વ્યાપાર વોલ્યુમને મજબૂત બનાવ્યું, જ્યારે દાડમે તેનું યોગદાન મજબૂત બનાવ્યું. નાગપુર નારંગી અને મીઠા ચૂનાના ઉત્પાદનમાં વધારો નોંધાયો, જે નાણાકીય વર્ષ 27 ના પહેલા છ મહિના દરમિયાન ડુંગળી અને કેરીના ઉત્પાદનમાં નીચા ઉત્પાદન વોલ્યુમને આંશિક રીતે સરભર કરે છે.

ભારત, અમેરિકા સહિત ૧૪ દેશોના શેરબજાર તેમના અર્થતંત્ર કરતાં મોટા



(એજન્સી) અમદાવાદ | તા.07

યુએસ મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની જંગી જીત ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને અન્ય ઘણા સકારાત્મક સંકેતોને કારણે ચાલુ સપ્તાહે સેન્સેક્સ અને નિફ્ટી બે ટકાથી વાધુ વધ્યા છે. આનાથી બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ વાધીને રૂ. ૫૦૨ લાખ કરોડની વિક્રમી ટોચે પહોંચ્યું છે. ભારત વિશ્વના એવા થોડા દેશોમાંનો એક છે હોંગકોંગ આ યાદીમાં ટોચ પર છે. તેના શેરબજારનું મૂલ્ય તેના જીડીપીના ૧૪૨૫ ટકા છે, એટલે કે હોંગકોંગનું શેરબજાર મૂલ્ય તેના જીડીપીના ૧૪ ગણાથી વાધુ છે. દક્ષિણ આફ્રિકા આ યાદીમાં બીજા ક્રમે છે, તેનું શેરબજાર તેના આર્થતંત્રના ૩૨૭ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. યુરોપિયન દેશ સ્વિટ્ઝર્લેન્ડનું શેરબજાર મૂલ્ય તેના જીડીપીના ૨૪૧ ટકા સાથે ત્રીજા ક્રમે છે.આ યાદીમાં યુએસએ ચોથા ક્રમે છે. યુએસ શેરબજારનું મૂલ્ય તેના જીડીપીના ૨૨૪ ટકા છે. કેનેડાનો હિસ્સો ૧૯૯ ટકા, સાઉદી અરેબિયાનો ૧૮૫ ટકા, જાપાનનો ૧૭૨ ટકા અને દક્ષિણ કોરિયાનો ૧૪૭ ટકા છે. સિંગાપોરનું શેરબજાર તેના જીડીપીના ૧૩૭ ટકા છે. તેવી જ રીતે, લેટિન અમેરિકન દેશ ચિલીનો હિસ્સો ૧૩૬ ટકા છે. ૨૦૨૫ ના ડેટા અનુસાર, ભારતનું શેરબજાર તેના જીડીપી ના ૧૩૫% જેટલું છે. ઓસ્ટ્રેલિયામાં, તે ૧૧૪%, કુવૈતમાં ૧૦૯% અને મલેશિયામાં ૧૦૩% છે. વિશ્વની બીજી સૌથી મોટી આર્થવ્યવસ્થા, ચીન, આ હિસ્સામાં સ્થાન મેળવતું નથી. તેનું શેરબજાર તેના આર્થતંત્રના ૭૯.૫૪% નું પ્રતિનિધિત્વ કરે છે.

વેચાણ ભાવ વધારી રૂપિયા ૪૨ કરવા માટે રજૂઆત



(એજન્સી) મુંબઈ | તા.07

ખાંડ ઉદ્યોગની સંસ્થા ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (એઆઈએસટીએ) દ્વારા ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ જે હાલમાં પ્રતિ કિલો રૂપિયા ૩૧ છે તે વધારી રૂપિયા ૪૨ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.વર્તમાન મોસમ માટે સરકારે શેરડીના જાહેર કરેલા વળતરદાયી ભાવ યોગ્ય હોવાનું એસોસિએશનના ચેરમેન પ્રફૂલ વિઠ્ઠલાણી દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયુ હતું. ફેબ્રુઆરી, ૨૦૧૯થી ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ સ્થિર છે અને તે વધારી પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૪૨૦૦ કરવા જોઈએ જેથી ખાંડ મિલોએ તેમના ઉત્પાદન ખર્ચથી નીચા ભાવે ખાંડ વેચવાનો વારો ન આવે તેની ખાતરી રહે.

ઓકટોબરથી શરૂ થયેલી ૨૦૨૬-૨૭ની મોસમ માટે સરકારે શેરડીનો પ્રાપ્તિ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૩૬૫ નિશ્ચિત કર્યો છે.સરકારના અનુરોધને ધ્યાનમાં રાખી મિલોએ આ વર્ષે પીલાણ કામગીરી વહેલી શરૂ કરી દીધી છે. દેશમાં ખાંડના ઊંચા ભાવને ધ્યાનમાં રાખી તહેવારો દરમિયાન પૂરવઠો વધારી ખાંડના ભાવ અંકુશમાં રાખવા સરકારે પીલાણ કામગીરી વહેલી શરૂ કરવા અનુરોધ કર્યો હતો. દરમિયાન ઈથેનોલ ડિસ્ટિલરીસ ઊભી કરવા માટે લેવાયેલી લોન્સના રિપેમેન્ટમાં રાહત પૂરી પાડવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. પેટ્રોલમાં વીસ ટકા ઈથેનોલ મિક્સ કરવાના સરકારના કાર્યક્રમને ધ્યાનમાં રાખી મિલો દ્વારા ડિસ્ટિલરીસ ઊભી કરવા મોટી માત્રામાં લોન લેવાઈ છે.

ધનતેરસે સોના-ચાંદી ઘટતાં તહેવારની માંગ અપેક્ષાથી વધુ જોવા મળી

(એજન્સી) મુંબઈ | તા.07

મુંબઈ ઝવેરી બજારમાં આજે ધનતેરસના દિવસે સોના-ચાંદીના ભાવ વધતા અટકી વિશ્વ બજાર પાછળ તથા કરન્સી બજાર પાછળ ઘટાડા પર રહેતાં બજારમાં તહેવારની મોસમી માગ અપેક્ષાથી સારી રહી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડો ફરી વેંચવા નિકળ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઘટી ઔંસના ૪૧૦૦ ડોલરની અંદર ઉતરી ગયા હતા.વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ તૂટયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના આજે રૂ.૨૦૦૦ તૂટયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૪૧૨૮ વાળા ઘટી ૪૦૩૫ થઈ ૪૦૬૮થી ૪૦૬૯ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ આજે ઔંસનાપર.૭૫થી ઘટી ૫૧.૧૯ થઈ ૫૨.૧૧થી ૫૨.૧૨ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ નીચા મથાળેથી ફરી ઉંચકાયા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ રૂ.૨૭૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૦૮૮૬ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૧૪૫૨ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૪૫૦૦ ગબડી રૂ.૧૮૨૮૬૮ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં આજે બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૯૬.૭૪ વાળા ઉંચામાં ભાવ ૧૦૦.૮૩ થઈ ૯૮.૫૩ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૯૨.૫૩ થઈ ૯૦.૯૨ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ તૂટી જતાં તેની અસર પણ સોનાના ભાવ પર દેખાઈ હતી. મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૧૦૦ ઘટી રૂ.૫૫૭૦૭ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૫૩૩ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૨૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૧૭ ટકા નરમ રહ્યા હતા. દરમિયાન, નેશનલ સ્ટોક એક્સચેન્જના તહેવારોમાં જો જનતા ઈલેક્ટ્રોનિક ગોલ્ડ વિશિષ્ટ ખરીદી તથા ફિઝીકલ સોનાની ખરીદી ઘટાડી તેના બદલે આવી ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિશિષ્ટ ખરીદે તો દેશમાં સોનાની ઈમ્પોર્ટ પથી ૬ અબજ ડોલર ઘટાડી શકાય તેમ છે.

AIના ભયથી વૈશ્વિક શેરબજારોમાં કડાકો

દેશનું માર્કેટ ક્રેશ થતાં 20 મિનિટ સુધી ટ્રેડિંગ રોકવું પડ્યું!

(એજન્સી) નવી દિલ્હી | તા.07

અમેરિકન શેરબજારમાં મોડી રાત્રે અચાનક મોટો કડાકો બોલી ગયો છે, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાંથી આશરે 3 ટ્રિલિયન ડૉલર (રૂ. 270 લાખ કરોડથી વધુ)નું ધોવાણ થઈ ગયું છે. આ કડાકામાં S&P 500 ઈન્ડેક્સ 3 ટકાથી વધુ તૂટ્યો હતો, જ્યારે ડાઉ જોન્સમાં 4 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. નેસ્ડેક (Nasdaq) 5.52 ટકાના ઘટાડા સાથે 24,315.00ના સ્તરે બંધ રહ્યો હતો. આ તબાહી પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) ક્ષેત્રને લઈને ઊભી થયેલી આશંકાઓ મુખ્ય કારણ માનવામાં આવે છે. અમેરિકન મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત બાદ AI ડેટા સેન્ટર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર નવા પ્રતિબંધો લાગવાની ભીતિથી ચિપ ઉત્પાદક કંપનીઓના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. અમેરિકન શેરબજારમાં કડાકા અને AI સંબંધિત ડરની અસર એશિયાઈ બજારો પર પણ જોવા મળી હતી. શુક્રવારે દક્ષિણ કોરિયાનું બજાર 'કોસ્પી' (KOSPI) ખુલતાની સાથે જ 8 ટકાથી વધુ તૂટીને લોઅર સર્કિટ પર પહોંચી ગયું હતું. શરૂઆતી કારોબારમાં તે 8.5 ટકા ઘટીને 5000ના સ્તરથી નીચે જતો રહ્યો હતો, જેના કારણે ટ્રેડિંગ 20 મિનિટ માટે સ્થગિત કરવું પડ્યું હતું. તેવી જ રીતે જાપાનનો 'નિક્કેઈ' (Nikkei) ઈન્ડેક્સ પણ 6 ટકા (3600થી વધુ પોઈન્ટ) તૂટીને 57,434.77ના સ્તરે આવી ગયો હતો. જાપાનનું બજાર છેલ્લા એક મહિનામાં 18 ટકાથી વધુ ગગડ્યું છે.

વર્તમાન વર્ષે દશેરા તથા દિવાળી અલગ મહિનામાં આવતા વેચાણ આંક પર અસર

ઓક્ટોબરમાં ઓટો રિટેલ વેચાણમાં ૨૪ ટકા ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા.07



વર્તમાન વર્ષના ઓક્ટોબરમાં ભારતનું ઓટો રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે ૨૩.૮૦ ટકા જેટલુ ઘટી ૩૧.૭૨ લાખ એકમ (વાહનો) રહ્યુ હતું. ટુ વ્હીલર્સ તથા ઊતારૂ વાહનોના રજિસ્ટ્રેશનમાં ઘટાડો થયો હતો એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના રિપોર્ટમાં જણાવાયુ હતું. જો કે સપ્ટેમ્બરની દ્રષ્ટિએ રિટેલ વેચાણમાં ૨૫ ટકા વધારો જોવા મળ્યો છે. નવેમ્બર માટે ડીલરો આશાવાદી સૂર ધરાવી રહ્યા છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડો કરાયા બાદ દશેરા તથા દિવાળી ઓકટોબરમાં જ આવ્યા હોવાથી ઓટો વેચાણ આંક તે વેળાએ ઊંચો જોવા મળ્યો હતો. જો વર્તમાન વર્ષમાં અધિક મહિનાને પરિણામે દશેરા ઓકટોબરમાં હતા અને દિવાળી નવેમ્બરમાં આવી છે. સામાન્ય રીતે ઓટો રિટેલ વેચાણ આંકની દ્રષ્ટિએ ઓકટોબર સૌથી પ્રોત્સાહક રહેતો હોય છે.ટુ વ્હીલર્સનું રિટેલ વેચાણ ૨૮.૩૫ ટકા ઘટી ૨૩.૨૧ લાખ એકમ રહ્યુ હતું જ્યારે ઊતારૂ વાહનોનું વેચાણ ૪.૨૫ ટકા ઘટી ૫,૦૮,૦૦૦ એકમ રહ્યુ છે.ગ્રામ્ય વિસ્તારમાં ટુ વ્હીલર્સનું વેચાણ ૩૪ ટકા ઘટયુ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦.૭૫ ટકા ઘટાડો નોંધાયો છે. વીજ વાહનોનું વેચાણ ૩,૫૫,૦૦૦ સાથે કોઈ એક મહિનાનું ઓલટાઈમ હાઈ રહ્યુ છે. ગયા વર્ષના ઓકટોબરમાં ઓટો રિટેલ વેચાણમાં વીજ વાહનોનો હિસ્સો જે ૬ ટકા હતો તે વર્તમાન વર્ષના સમાન મહિનામાં વધી ૧૧.૫૦ ટકા રહ્યો છે.સીએનજી, હાઈબ્રિડ તથા વીજ વાહન મોડેલ્સ સહિતના વૈકલ્પિક ઈંધણ પર ચાલતા વાહનોનું વેચાણ પેટ્રોલ પર ચાલતા વાહનોના વેચાણ કરતા ઊંચુ રહેવા પામ્યુ છે.

વાહનોના એકંદર વેચાણમાં સીએનજી, હાઈબ્રિડ તથા વીજ વાહનોનો હિસ્સો ૪૧.૮૩ ટકા રહ્યો છે જ્યારે પેટ્રોલ વાહનોનો હિસ્સો ૪૧.૬૦ ટકા રહેવા પામ્યો હોવાનું પણ ફાડાના ડેટા જણાવે છે.કમર્સિઅલ વાહનોનું રિટેલ વેચાણ ૨.૩૦ ટકા વધી ૧,૧૫,૦૦૦ રહ્યુ હતું જ્યારે થ્રી વ્હીલર્સનું વેચાણ ૪ ટકા વધી ૧,૪૧,૦૦૦ તથા ટ્રેકટર્સનું વેચાણ ગત મહિને ૩.૧૦ ટકા વધી ૭૯૨૮૫ એકમ રહ્યું છે.ઊતારૂ વાહનોની ઈન્વેન્ટરી ૪૩-૪૫ દિવસો જેટલી રહી હતી. ધનતેરસ તથા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી ડીલરો નવેમ્બરમાં વેચાણ વૃદ્ધિને લઈના આશાવાદ ધરાવી રહ્યા છે.

1 એપ્રિલ 2027થી બદલાશે સેબીના નિયમો, મ્યુચ્યુઅલ ફંડ ટ્રાન્ઝેક્શન થશે સરળ

(એજન્સી) નવી દિલ્હી | તા.07

જો તમે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો છો, તો તમારા માટે એક મહત્વપૂર્ણ અપડેટ છે. માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI) દ્વારા મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓને શેરબજારના વ્યવહારોનો હિસાબ ચોખ્ખા (નેટ) ધોરણે કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ નવો નિયમ 1 એપ્રિલ, 2027 થી અમલમાં આવશે. આનો મુખ્ય હેતુ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓના ધિરાણને સરળ બનાવવાનો અને સમાધાન (સેટલમેન્ટ) પ્રક્રિયામાં સુધારો કરવાનો છે. હાલમાં સંસ્થાકીય રોકાણકારોએ શેર ખરીદવા અને વેચવા માટે અલગ-અલગ ચૂકવણી કરવી પડે છે, પરંતુ નવા નિયમથી આ પ્રક્રિયા વધુ સરળ બનશે.નેટ સેટલમેન્ટનો સરળ અર્થ એ છે કે સમાન મ્યુચ્યુઅલ ફંડ યોજનામાં પાત્ર શેરોની ખરીદી અને વેચાણ સાથે જોડાયેલી રકમ સામસામે ગોઠવીને (એડજસ્ટ કરીને) બાકીની રકમ જ સેટલ કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ મ્યુચ્યુઅલ ફંડ યોજના કંપની 'A' ના શેર 1,000 માં ખરીદે અને કંપની 'C' ના શેર 2,000 માં વેચે, તો જૂની સિસ્ટમ મુજબ અલગ-અલગ લેવડ-દેવડ કરવી પડતી. નવા નિયમ હેઠળ આ બંને યોગ્ય વ્યવહારો સમાયોજિત થઈ જશે, એટલે કે ફંડે ફક્ત 1,000 ચૂકવવા પડશે અને બાકીનો તફાવત મેળવવો પડશે. આનાથી ફંડ હાઉસિસને વારંવાર વધારાનું ભંડોળ એકત્ર કરવાની જરૂર નહીં પડે અને ફંડ મેનેજમેન્ટ સરળ બનશે. ના, સેબી દ્વારા નેટ સેટલમેન્ટ માટે કેટલાક નિયમો અને શરતો નક્કી કરવામાં આવી છે. આ સુવિધા માત્ર એક જ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ અને એક જ સેટલમેન્ટ સાઈકલ પૂરતી જ મર્યાદિત રહેશે. બે અલગ-અલગ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ વચ્ચેના ભંડોળને એડજસ્ટ કરી શકાશે નહીં. ઉપરાંત, જો કોઈ યોજના સમાન સેટલમેન્ટ ચક્રમાં એક જ કંપનીના શેર ખરીદે અને વેચે છે.

ધનતેરસના દિવસે 30 હજાર કાર રસ્તા પર ઉતરી, 4 લાખથી વધુ ગાડીઓ વેચી આ કંપનીએ બનાવ્યો નવો રેકોર્ડ!

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ધનતેરસના પવિત્ર અવસરે મારુતિ સુઝુકીએ એક નવો રેકોર્ડ સર્જ્યો છે. કંપનીએ ધનતેરસના દિવસે આશરે 30,000 ગાડીઓની ડિલિવરી કરી છે. કંપની માટે સૌથી મોટી ખુશીની વાત એ છે કે વેચાણમાં આ તેજી માત્ર ધનતેરસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તહેવારોના આ સમગ્ર સમયગાળા દરમિયાન જળવાઈ રહી છે.ગણેશ ચતુર્થીથી લઈને 6 નવેમ્બર સુધીમાં કંપની 4 લાખથી વધુ ગાડીઓ વેચી ચૂકી છે. ગત વર્ષે આ જ સમયગાળામાં આ આંકડો 3.46 લાખ યુનિટ હતો. એટલે કે આ વખતે તહેવારોની સિઝનમાં કંપનીના વેચાણમાં આશરે 17%નો વધારો નોંધાયો છે. મારુતિ સુઝુકીના માર્કેટિંગ એન્ડ સેલ્સ વિભાગના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર પાર્થો બેનર્જીએ જણાવ્યું છે કે, "અમે આ વર્ષે ધનતેરસ પર આશરે 30,000 ગાડીઓની ડિલિવરીની અપેક્ષા રાખી હતી. ખાસ વાત એ છે કે વેચાણમાં આ જોરદાર તેજી સતત જળવાઈ રહી છે અને 14 સપ્ટેમ્બરથી 6 નવેમ્બર સુધીમાં અમે 4 લાખથી વધુ ગાડીઓ વેચી ચૂક્યા છીએ."કંપનીના બે અપડેટ કરેલા મોડેલ 'બલેનો' અને 'બ્રેઝા'ને ગ્રાહકો તરફથી અદ્ભુત પ્રતિસાદ મળી રહ્યો છે. મારુતિના જણાવ્યા અનુસાર, 5 સપ્ટેમ્બરે લોન્ચ થયેલી બલેનોનું વેચાણ માત્ર બે મહિનામાં જ 50,000 યુનિટને પાર પહોંચી ગયું છે, જ્યારે બ્રેઝાનું વેચાણ પણ 70,000 યુનિટથી વધુ થઈ ચૂક્યું છે.બ્રેઝાના ત્રણેય એન્જિન અને ઈંધણ વિકલ્પોને ગ્રાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે. કંપનીના ડેટા મુજબ, કુલ બુકિંગમાં ટર્બો એન્જિનનો હિસ્સો 33%, 1.5 લીટર પેટ્રોલ એન્જિનનો હિસ્સો 26% અને અંડરબોડી સીએનજી મોડેલનો હિસ્સો 41% છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે સીએનજી મોડેલની માંગ સૌથી વધુ છે.મારુતિ સુઝુકીએ એ-સેગમેન્ટ (A-segment) ના વેચાણમાં એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન 31%નો વધારો નોંધાવ્યો છે. જીએસટી (GST) 2.0 લાગુ થયા બાદ આ સેગમેન્ટમાં માંગ વધુ મજબૂત બની છે. આ ઉપરાંત, ગણેશ ચતુર્થીથી ધનતેરસ વચ્ચે કંપનીની એસયુવી (SUV) ના વેચાણમાં પણ ગત વર્ષની સરખામણીએ આશરે 33%નો વધારો થયો છે.

બ્લિંકિટ એમ્બ્યુલન્સ હવે દરેક માટે ફ્રી નહીં, દિપીન્દર ગોયલે કરી જાહેરાત- હવે લાગશે ચાર્જ!

(એજન્સી) નવી દિલ્હી | તા.07

બ્લિંકિટ એમ્બ્યુલન્સને લઈને ઝોમેટોના સ્થાપક દીપિન્દર ગોયલે નવી માહિતી આપી છે. હવે બ્લિંકિટની એમ્બ્યુલન્સ સેવા સંપૂર્ણપણે મફત નહીં રહે. ગોયલે સ્પષ્ટતા કરી છે કે ઈમરજન્સી સિવાયની મુસાફરી માટે બ્લિંકિટ એમ્બ્યુલન્સ બુક કરાવનાર પાસેથી 2,500 રૂપિયા ચાર્જ લેવામાં આવશે. ચાલો જાણીએ કે ગોયલે આ અંગે વધુ શું માહિતી આપી છે.ગોયલે જણાવ્યું કે ઈમરજન્સીની સરખામણીએ હવે સામાન્ય મેડિકલ તપાસ માટે પણ એમ્બ્યુલન્સ બુક કરાવવાનું પ્રમાણ વધી રહ્યું છે. ઝોમેટો અને બ્લિંકિટનું સંચાલન કરતી કંપની 'ઈટર્નલ'ના વાઈસ ચેરમેન દીપિન્દર ગોયલે સ્પષ્ટ કર્યું કે ગંભીર હાલતમાં દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવાની સેવા પહેલાંની જેમ જ મફત રહેશે. જોકે, ઈમરજન્સી ન હોય તેવી મુસાફરી માટે સેવા પૂરી થયા બાદ 2,500 રૂપિયા ચાર્જ લેવામાં આવશે. આ ચાર્જ સામાન્ય ખાનગી એમ્બ્યુલન્સના ભાડા જેટલો જ છે.દીપિન્દર ગોયલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ અંગે માહિતી આપતાં લખ્યું કે, "છેલ્લાં બે વર્ષમાં અમે લગભગ 20,000 ઈમરજન્સી પરિસ્થિતિઓમાં સેવા આપી છે. કુલ મળીને આશરે 42,000 કેસમાં અમે મદદ કરી છે. આમાંથી એક પણ કેસ માટે અમે એક રૂપિયો પણ ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ આ સેવા આવી જ મફત રાખવા માગીએ છીએ."તેમણે વધુમાં જણાવ્યું કે, "બધી જ સેવાઓ મફત હોવાથી હવે સામાન્ય મેડિકલ તપાસ, હોસ્પિટલ જવા અને હોસ્પિટલમાંથી ઘરે પરત આવવા માટે પણ એમ્બ્યુલન્સ બુક કરાવવાનું પ્રમાણ વધી રહ્યું છે. આવી મુસાફરી માટે ઉબર અથવા ખાનગી વાહનોનો પણ સરળતાથી ઉપયોગ કરી શકાય છે."ગોયલે કહ્યું કે આવી બુકિંગના કારણે સંપૂર્ણ સુવિધાથી સજ્જ એમ્બ્યુલન્સ અને પેરામેડિકલ કર્મચારીઓ સામાન્ય મુસાફરીમાં રોકાઈ જાય છે. પરિણામે, જ્યારે કોઈની જિંદગી બચાવવા માટે તેમની ખરેખર જરૂર હોય ત્યારે તેમની ઉપલબ્ધતા ઘટી શકે છે.દીપિન્દર ગોયલે વધુમાં જણાવ્યું કે ઈમરજન્સી સિવાયની મુસાફરી માટે દર્દીઓ પાસેથી લેવામાં આવતો ચાર્જ 'ઈટર્નલ ફાઉન્ડેશન'ને આપવામાં આવશે. આ સંસ્થા જ બ્લિંકિટની એમ્બ્યુલન્સનું સંચાલન કરે છે. આ આવકથી એમ્બ્યુલન્સ સેવાનો વધુ વિસ્તાર કરવામાં મદદ મળશે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો વદ - 15

'વોટ ચોરી પછી હવે હકની ચોરી' : રાહુલ ગાંધી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર ચૂંટણીમાં ગોલમાલ કરવાનો અને લોકોના મતદાન અધિકાર ઝૂંટવી લેવાનું કાવતરૂ કરવાનો આરોપ મૂક્યો છે. કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફ લલન સિંહએ આપેલા નિવેદન પછી રાહુલ ગાંધીની પ્રતિક્રિયા આવી છે. લલન સિંહે કહ્યું હતું કે, સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓની ઓળખ હવે આધાર કાર્ડને બદલે વોટર આઈડીથી કરવામાં આવશે. રાહુલ ગાંધીનું કહેવું છે કે, મોદી સરકારના મંત્રીની જાહેરાત એક બહુ મોટુ કાવતરૂ છે. એસઆઈઆરના નામ પર કરોડો નામ વોટર લીસ્ટમાંથી કાપી નાખવામાં આવ્યા છે. જો આ સીલસીલો રોકવામાં નહીં આવે તો હજી પણ નામો કપાશે. જે લોકો ભાજપ વિરુદ્ધના છે એમના નામ કપાઈ રહ્યા છે. વોટર લીસ્ટ એક નિષ્પક્ષ ચૂનાવ કમિશનના હાથમાં હોવું જોઈએ.

નેશનલ કોન્ફરન્સના ઘણા ધારાસભ્યો નારાજ છે. આ ધારાસભ્યો જો બળવો કરે તો નેશનલ કોન્ફરન્સમાં મોટુ ભંગાણ પડી શકે એમ છે. સમય પારખીને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ડો. ફારૂક અબ્દુલ્લાએ એવો બચાવ કર્યો છે કે પક્ષમાં ફૂટ પડવાની સંભાવના નથી. પાર્ટી એકજૂથ છે. જો ધારાસભ્યોને કોઈ તકલીફ હશે તો એનું નિરાકરણ લાવવામાં આવશે. ધારાસભ્યને જે ફરીયાદ હતી એ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાના ધ્યાનમાં આવી છે. મુખ્યમંત્રીએ પણ એમને આશ્વાસન આપ્યું છે કે એમની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે. બીજી તરફ ગુરેજના ધારાસભ્ય નઝીર અહમદ ખાનએ પણ કહ્યું હતું કે, ધારાસભ્યની બેઠક પછી સોશ્યલ મીડિયા પર ગપ્પાબાજી થઈ રહી છે કે પક્ષ તૂટી રહ્યો છે.

સુપ્રિમ કોર્ટે કેરળ પ્રદેશ કોંગ્રેસ સમીટી (કેપીસીસી)ના પદાધિકારીઓને નોટીસ મોકલી છે. કોર્ટે જવાબ માંગ્યો છે કે ભારતના મુખ્ય ન્યાયાધિશ સૂર્યકાંતને નિશાન બનાવીને સોશ્યલ મીડિયા પર મૂકવામાં આવેલી એક પોસ્ટ માટે એમની વિરુદ્ધ અવમાનનાની કાર્યવાહી કેમ કરવામાં નહીં આવે. વકીલ વીનીત જિંદલ દ્વારા દાખલ કરવામાં આવેલી એક રીટ પીટીશન પર જસ્ટીસ અરવિંદ કુમાર અને જસ્ટીસ વિપુલ પંચોલીની બેંચ સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કેરાલા પાંખએ સોશ્યલ મીડિયા એક્સ પર લખેલી એક પોસ્ટની નોંધ લઈને કેરાલા કોંગ્રેસ સામે કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી. કેરલ કોંગ્રેસના વકીલનો બચાવ હતો કે મુકવામાં આવેલી પોસ્ટ પદાધિકારીઓની મંજૂરી વગર અપલોડ થઈ હતી અને વગર શરતે માફી પણ માંગી લેવામાં આવી હતી. જોકે આ દલીલનો જવાબ આપતા કોર્ટે કહ્યું હતું કે, 'આ માફી ફક્ત કાગળ પરની માફી છે કે દિલથી માંગવામાં આવી છે?'

કોકરોચ જનતા પાર્ટીએ કેરળના કોચીમાં એસઆઈઆર વિરુદ્ધ આંદોલન કરવાની જાહેરાત કરી છે. સીજેપીએ ફરી એક વખત મતદાર યાદીમાં થયેલા ફેરફારને રદ કરવાની માંગણી કરી છે. એસઆઈઆર રદ કરવા ઉપરાંત મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું પણ માંગવામાં આવશે. 'કોચીમાં જંતર મંતર' નામથી આ પ્રદર્શન રાજેન્દ્ર મેદાનમાં સાંજે ૪ વાગ્યાથી શરૂ થશે. પ્રદર્શનમાં સીજેપીના સંસ્થાપક અભિજીત દિપકે પણ હાજર રહેશે. આ ઉપરાંત સીજેપીના દક્ષિણ ઝોન પ્રમુખ વિજય મલંગી અને રાષ્ટ્રીય મહામંત્રી આફરીન નવઝા પણ આજે કોચીના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે. દિલ્હીમાં કેટલાક એવી ચર્ચા કરી રહ્યા છે કે છેલ્લા થોડા દિવસોથી જે રીતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે અંતર વધતુ જાય છે એનાથી અભિજીત દિપકે વ્યથીત છે. અભિજીત દિપકે કોંગ્રેસને મેસેજ આપવા માંગે છે કે અમે તમારા રાજ્યમાં પણ આંદોલન કરી શકીએ એમ છીએ.

આસામમાં ગાયક ઝુબીન ગર્ગના મૃત્યુ બાબતે નવો રાજકીય વિવાદ થયો છે. ઝુબીન ગર્ગના મૃત્યુ માટે જવાબદાર આરોપીઓને જામીન મળી ગયા છે. નારાજ થયેલા લોકો મુખ્યમંત્રી હિંમત બિશ્વા સરમાના ઘરને ઘેરાવ કરવાની ધમકી આપે છે. સરમાના કહેવા પ્રમાણે બે મુખ્ય આરોપીઓને જામીન મળ્યા છે તો એમાં એમનો શું વાંક. એમના ઘરને ઘેરાવ કરવાની ધમકીને કારણે એમણે એમના કુટુંબ પર જાનનું જોખમ હોવાનું કહ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજ્ય સરકાર આ બાબતે સુપ્રિમ કોર્ટ જશે અને ગૌહટ્ટી હાઈકોર્ટમાં પણ આ મામલો લઈ જશે. આ ધમકીની જાણકારી કોર્ટને પહોંચાડવા માટે એમણે કાયદા વિભાગને કહ્યું છે. ગોકુલ ડેરી બોર્ડમાં ૫ વધારાના ડિરેક્ટરોની નિમણૂકના નિર્ણય બાબતે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ ભાજપની ટીકા કરી છે. એમણે ભાજપ પર આક્ષેપ કર્યો છે કે ભાજપ ગદી રમત રમે છે. એમનો આક્ષેપ છે કે, જો ભાજપ લોકશાહીનું સન્માન કરતી હોત તો આ પગલુ લેતે નહીં. એક દિવસ પહેલા રાહુલ ગાંધીએ પણ ગોકુલ ડેરી મામલે ભાજપની ટીકા કરી હતી અને ત્યાર પછી હવે રાજ ઠાકરેએ પણ કોંગ્રેસના સૂરમા સૂર પૂરાવ્યો છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના નેતાએ ભાજપને 'વિચિત્ર પાર્ટી' ગણાવી છે.

નલિયામાં દિવ્યાંગ બાળકો સાથે દિવાળીની ખુશીઓ વહેંચી; દાતાઓએ સેવાનો દીપ પ્રગટાવ્યો!

ઉમ્મીદ ડે-કેર સેન્ટર ખાતે જલારામ બાપાની પ્રસાદી સાથે મીઠાઈ, ફટાકડા, ભોજન, આઈસ્ક્રીમ અને બાળાઓને ડ્રેસનું વિતરણ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલ)

દિવાળી પર્વ અને પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી નિમિત્તે અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ સંચાલિત નલિયાના ઉમ્મીદ ડે-કેર સેન્ટર ખાતે દિવ્યાંગ અને મનોદિવ્યાંગ બાળકો સાથે આનંદમય ઉજવણી કરવામાં આવી હતી. રઘુવંશી ગ્રુપ અને સેવાભાવી દાતાઓના સહયોગથી બાળકોને મીઠાઈ, ફટાકડા, ભોજન, આઈસ્ક્રીમ તથા બાળાઓને નવા ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મીઠાઈના દાતા હિમાંશુભાઈ સેજપાલ અને મિતેશભાઈ પવાણી (ભુજ), ફટાકડાના દાતા નલિયા લોહાણા મહિલા મંડળ, ભોજનના દાતા રામભરોસે, આઈસ્ક્રીમના દાતા દ્રષ્ટિ વડેરા અને દેવમ વડેરા તથા ડ્રેસના દાતા જલારામ બાંધણી રહ્યા હતા. બાળકોના જન્મદિવસ નિમિત્તે કેક, ભેટ, વેફર, બિસ્કિટ અને સ્ટેશનરી કીટનું પણ વિતરણ કરાયું હતું.કાર્યક્રમમાં અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણ, ટ્રસ્ટી હરેશભાઈ આઈયા, નવીનભાઈ રૂપારેલ, દિનેશભાઈ ભાનુશાલી, નલિયા લોહાણા મહિલા મંડળનાં પ્રમુખ દીપ્તિબેન વડોરા સહિત અબડાસા તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપના આગેવાનો અને મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષથી દેશ-વિદેશના દાતાઓના સહયોગથી આશરે ૫૦૦ પરિવારોને જલારામ બાપાની પ્રસાદી સ્વરૂપે મીઠાઈનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે ઉમ્મીદ ડે-કેર સેન્ટરના બાળકોને પણ પ્રસાદી અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શીતલબેન ગોસ્વામી સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભારવિધિ શીતલબેન ગોસ્વામી દ્વારા કરવામાં આવી હતી.દિવાળીના પર્વે દિવ્યાંગ બાળકોના ચહેરા પર સ્મિત લાવી સેવાભાવ અને માનવતાની સુંદર મિસાલ રજૂ કરાઈ હતી.

BAPS સ્વામિનારાયણ મંદિરમાં દીપાવલી અને અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢતા.૭ જૂનાગઢ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર દીપાવલી પર્વ અને નૂતન વર્ષ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે મંદિરને આકર્ષક રોશની, દીવડાઓ અને સુંદર મજાના ફૂલો થી શણગારવામાં આવ્યું છે. ભગવાનનાં દિવ્ય દર્શન સાથે ભક્તોમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉત્સવના મુખ્ય આકર્ષણરૂપે ભગવાન સમક્ષ વિવિધ મીઠાઈઓ, ફરસાણ અને અનેકવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે. અન્નકૂટની સુંદર ગોઠવણી અને રંગબેરંગી સજાવટ ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

કાર્યક્રમમાં પૂજ્ય નારાયણમુનિ સ્વામીની વિશેષ ઉપસ્થિતિ રહેશે. ઉત્સવના મુખ્ય કાર્યક્રમો:કાળી ચૌદશ: હનુમાનજીનું પૂજન - સાંજે 6:30 કલાકેથી

દીપાવલી: ચોપડા પૂજન - સાંજે 4:00 કલાકેથી, દીપોત્સવ મહાઆરતી તથા આતશબાજી - સાંજે 6:00 કલાકે.

નૂતન વર્ષ: મંગળા આરતી સવારે 4:30 કલાકે, શણગાર આરતી સવારે 8:30 કલાકે, અન્નકૂટ શણગાર તથા આરતી અને અન્નકૂટ દર્શન સવારે 10:30 થી સાંજે 7:00 વાગ્યા સુધી.આ સમગ્ર ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાઈ ભગવાનનાં દર્શનનો લાભ લેશે. ઉત્સવ દ્વારા ભક્તિ, સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક એકતાનો સુંદર સંદેશ આપવામાં આવશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

જૂનાગઢ મહાનગરપાલિકા ધ્વારા ૯મી નવેમ્બર "જૂનાગઢ મુકિત દીન"ની ઉજવણી કાર્યક્રમ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૬. આરઝી હકુમત દિન (જૂનાગઢ મુકિત દિન)ની ઉજવણીના ભાગ રૂપે તા.૯/૧૧/૨૦૨૬ ના રોજ બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ,જૂનાગઢ ખાતે સવારે ૦૯:૩૦ કલાકે વિજય સ્તંભની પૂજન વિધીનો કાર્યક્રમ મેયરશ્રી તથા પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતીમાં રાખવામાં આવેલ છે, સાથોસાથ સાંજે ૦૭:૦૦ કલાકે બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતિશબાજી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સૌ શહેરીજનોને પધારવા મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. ખરેખર તો આરઝી હકુમતના સેનાનીઓ માટે સ્મારક બનાવવા માટે જે તે સમયના માન. મુખ્યમંત્રીશ્રી દિલીપભાઈ પરીખ એ તા.૯-૧૧-૧૯૯૭ ના રોજ બહાઉદ્દીન કોલેજમાં શિલારોપણ વિધિ કરેલ પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે, ૧૯૯૭ થી આજદિન સુધીમાં શાશકો દ્વારા આ સ્મારક બનાવી શકયા નથી તેનો આરઝી હકુમતના લડવૈયાઓના પરીવારને રંજ છે પરંતુ તે શિલારોપણ તકતીને શાસકો દ્વારા વિજય સ્તંભ ગણીને વર્ષોથી ચીલાચાલુ રાબેતા મુજબ તકતીનું પુજન અર્ચન કરવામાં આવે છે તે મુજબ જ આ તકતીનું તા.૯/૧૧/૨૦૨૬ ના રોજ બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ,જૂનાગઢ ખાતે સવારે ૦૯:૩૦ કલાકે વિજય સ્તંભ ગણીને પૂજન વિધીનો કાર્યક્રમ સંપન્ન થશે તેમ લોકચર્ચા થાય છે. આ સ્મારક બનાવવા માટે શહેરના સામાજીક આગેવાનશ્રી શશીકાંતભાઈ દવે દ્વારા સરકારશ્રીનું અવિરત ધ્યાન દોરવા હોવાછતાં હજુ કંઈ પરીણામ આવ્યું નથી તેનો આરઝી હકુમતના સેનાની પરીવારોને ખેદ છે.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ દિવાળી શુભ દિવાળી' અન્વયે શ્રેષ્ઠ કામગીરી કરનાર 30 સફાઈ કર્મચારીઓનો રૂ. 3 લાખના ચેકથી વિશેષ સન્માન સમારોહ યોજાયો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૭. મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા 'સ્વચ્છ દિવાળી શુભ દિવાળી' અભિયાન અંતર્ગત દિવાળીના તહેવારોમાં સતત શ્રેષ્ઠ સફાઈ કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓનો વિશેષ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૩૦ સફાઈ કર્મચારીઓને પ્રત્યેકને રૂ.૧૦,૦૦૦/- લેખે કુલ રૂ.૩,૦૦,૦૦૦/- ના ચેકનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ

દિવાળી શુભ દિવાળી' અન્વયે શ્રેષ્ઠ કામગીરી

કરનાર ૩૦ સફાઈ કર્મચારીઓનો રૂ. ૩ લાખના

ચેકથી વિશેષ સન્માન સમારોહ યોજાયો. આ સમારોહમાં માન. મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, માન.ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર,દંડકશ્રી કલ્પેશભાઈ અજવાણી,શહેર પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, સેનિટેશન સમિતિના ચેરમેનશ્રી પુંજાભાઈ સિસોદિયા, નાયબ કમિશનરશ્રી કે.સી.વાઘેલા તથા જયેશભાઈ વાજા, સેક્રેટરીશ્રી કલ્પેશભાઈ ટોલિયા તેમજ સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડરશ્રી અમુદાનભાઈ ગઢવી, મનસુખભાઈ વાજા, અમિતભાઈ ચરાડવા, શિવરાજભાઈ વાળા, વાલ્મીકિ સમાજના પ્રમુખશ્રી દિનેશભાઈ ચુડાસમા અને સફાઈ કામદાર યુનિયનના પ્રમુખશ્રી વિજયભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે ભવ્ય રીતે ઉજવાયો : કાળી ચૌદશ સમૂહ યજ્ઞપૂજન મહોત્સવ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર તા.૭. બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે આજે કાળી ચૌદસ તા.07-11-2026ને શનિવારના રોજ શ્રી હનુમાનજી દેવતાના વિશેષ પૂજનનો ભવ્ય રીતે ધામધુમ પૂર્વક ઉજવાઇ ગયો. આ દિવસે હજારો હરિભક્તો -યજમાનશ્રીઓ, રાજકીય મહેમાનશ્રીઓએ હનુમાન દેવના પૂજનનો વિશાળ યજ્ઞમંડપમાં લ્હાવો લીધેલ તેમજ દાદાના દર્શન, અભિષેક, અન્નકૂટ, મારુતિ યજ્ઞ પૂજન દર્શન વગેરેના દિવ્ય દર્શનનો લાભ લીધેલ. આ પ્રસંગે દાદાને શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને હીરાજડિત મુગટ- પોપટની ડિઝાઈનવાળો રજવાડી ફૂલ, ઝાડ, કમળની ડિઝાઈન વાળો મુગટ, આકર્ષક રંગબેરંગી મયૂરપંખના વાઘા અને મોતીનો શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરના ગર્ભગૃહમાં મોતી- પુષ્પોની દિવ્ય સજાવટ કરવામાં આવી છે, ચમકતા અને કલાત્મક મોર સુંદર રચના કરવામાં આવી હતી.સવારે 5:30 કલાકે મંગળા આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા, સવારે 7:00 કલાકે શણગાર આરતી શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા, સવારે 8:00 કલાકે અભિષેક, 11:15 કલાકે છપ્પનભોગ અન્નકૂટ આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા, વધારે 12:30 કલાકે સમૂહ મારુતિ યજ્ઞ પૂર્ણાહુતી કરવામાં આવેલ હતી.

દાદાના મંદિર અને સમગ્ર પરિસરને રોશનીથી શણગારવામાં આવ્યુ હતું, મંદિરના વહીવટકર્તા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) વિગેરે સંતમંડળ દ્વારા પૂજ્ય દાદાના ભક્તો માટે વિશેષ સગવડ રહેવા-જમવાની તથા યજ્ઞ મંડપની અને પાર્કીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ નિમિતે હનુમાનજી દાદાના રસોડામાં પ્રસાદીમાં પુરી, શીરો, મોહનથાળ, દાળ-ભાત,શાક, ખમણ વગેરે પકવાનોની પ્રસાદનો લાભ હજારો ભકતોએ લીધો હતો તેમજ બધા દર્શનાર્થીઓ ભક્તો માટે સવારના ચા -પાણી નાસ્તો -મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ સંતમંડળ-પાર્ષદમંડળ દ્વારા સમગ્ર મહોત્સવનું સંચાલન કરવામાં આવ્યુ હતું. તો



આવા છે સાળંગપુરના શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદા..

'શ્રદ્ધા કા દૂસરા નામ શ્રી સાળંગપુરધામ'

કાશ્મીરી બાપુના આશ્રમમાં કાયમી પોલીસ પ્રોટેક્શનની ફાળવણી કરવામાં આવી



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૭. જુનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ આમકુ ખાતે આવેલ અતિ પૌરાણિક શ્રી દાતારેશ્વર મહાદેવ આશ્રમ આવેલ છે, જ્યાં કાશ્મીરી બાપુની તપોભુમિમા તેમણે વર્ષો સુધી તપ કરેલ છે ત્યાં આશ્રમમાં 365 દિવસ 24 કલાક નિ શુલ્ક અન્નક્ષેત્ર ચાલુ છે. આ આશ્રમમાં વયોવૃદ્ધ મહંતશ્રી 1008 નર્મદાપુરી માતાજી ગુરૂ કાશ્મીરી બાપુ ઓમકારપુરી બાપુ એકલા રહીને સાધના કરે છે.આ કાશ્મીરી બાપુ આશ્રમ જંગલ વિસ્તારમાં આવેલો હોવાથી રાત્રિના સમયે ત્યાં અસામાજિક તત્ત્વો આવતા હોવાના કારણે જૂનાગઢ મહાનગરના ભાજપના પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલિયા દ્વારા ગુજરાત સરકારમાં કાયમી પોલીસ બંદોબસ્ત આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ને રજૂઆત કરવામાં આવી હતી આથી તે રજૂઆતને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા કાશ્મીરી બાપુના આશ્રમ ખાતે 24 કલાક કાયમી પોલીસ પ્રોટેક્શનની ફાળવણી કરાઈ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

જર્મનીથી સ્વિટ્ઝર્લેન્ડ સુધી : યુરોપની યુવાપેઢી વિરોધના રસ્તે ચડી

જર્મનીમાં ૧,૦૦,૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો, અને તેમની માંગણીઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, વધુ પરવડે તેવા આવાસ, જીવનનિર્વાહના નીચા ખર્ચ અને રાજકીય નિર્ણયોમાં યુવાનોના અવાજને વધુ મહત્વ આપવાનો સમાવેશ થાય છે. બર્લિન, હેમ્બર્ગ, કોલોન, ફ્રેન્કફર્ટ, મ્યુનિખ, સ્ટુટગાર્ટ, લિપઝિગ, ડ્રેસ્ડન, હેનોવર, બ્રેમેન, મેઈન્ઝ અને એર્ફર્ટ જેવા શહેરોમાં આ વિરોધ પ્રદર્શનો થયા હતા: સ્વિટ્ઝર્લેન્ડમાં તાજેતરમાં 'અમે સ્વિટ્ઝરલૅન્ડમાં પણ કંટાળી ગયા છીએ', જેવા બેનર હેઠળ સેંકડો લોકો ઝયુરિખ અને બેસલમાં એકઠા થયા હતા. શનિવારે ગત ઝયુરિખમાં ભીડ હેલ્વેટિયાપ્લાત્ઝ તરફ આગળ વધી ત્યારે ફટાકડા અને ફ્લેર્સ ફોડવામાં આવ્યા હતા, જ્યાં બસ શેલ્ટરને નુકસાન થયું હતું અને કચરાપેટીઓ તથા સાઈકલોના બેરિકેડને આગ ચાંપવામાં આવી હતી : હજી આ આંદોલનો અટક્યા નથી. જાણકારોના મતે યુવાનોએ લગભગ ત્રણ અઠવાડિયામાં ફરીથી રેલીઓ યોજવાની અને વિરોધ પ્રદર્શનો કરવાની યોજના બનાવી છે.

ફ્રાન્સથી શરૂ થયેલા જેન ઝી આંદોલનો અને વિરોધ પ્રદર્શનો દરમિયાન જર્મની અને સ્વિટ્ઝરલૅન્ડ સુધી પહોંચી ગયા છે. જર્મનીમાં જેની ઝી પેઢીએ તાજેતરમાં ૩૦થી વધુ શહેરોમાં લોકોને એકઠા કર્યા હતા. થોડા કલાકો પછી, ઝયુરિખ અને બેસલમાં આવા જ બેનર હેઠળ બિનસત્તાવાર પ્રદર્શનો હિંસક બન્યા હતા. આ સમગ્ર ઘટના બે ભાગમાં વહેંચાયેલી જોવા મળી. એક તરફ મોટાભાગે યુવાનોની વિશાળ ભીડે શિક્ષણ, હાઉસિંગ અને પર્યાવરણ માટે શાંતિપૂર્ણ કૂચ કરી. બીજી તરફ સાંજ થતાં જ મોઢા પર માસ્ક પહેરેલા જૂથોએ પોલીસ પર હુમલા કર્યા, આગ ચાંપી અને દુકાનોમાં લૂંટફાટ મચાવી.

ઉલ્લેખનીય છે કે, આ પ્રદર્શનોના આયોજકોએ જણાવ્યું હતું કે ૧,૦૦,૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો, અને તેમની માંગણીઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, વધુ પરવડે તેવા આવાસ, જીવનનિર્વાહના નીચા ખર્ચ અને રાજકીય નિર્ણયોમાં યુવાનોના અવાજને વધુ મહત્વ આપવાનો સમાવેશ થાય છે. બર્લિન, હેમ્બર્ગ, કોલોન, ફ્રેન્કફર્ટ, મ્યુનિખ, સ્ટુટગાર્ટ, લિપઝિગ, ડ્રેસ્ડન, હેનોવર, બ્રેમેન, મેઈન્ઝ અને એર્ફર્ટ જેવા શહેરોમાં આ વિરોધ પ્રદર્શનો થયા હતા. સૌથી ખરાબ અશાંતિ ફ્રેન્કફર્ટમાં જોવા મળી હતી. મોટાભાગે શાંતિપૂર્ણ પ્રદર્શન પછી, શહેરના મધ્યભાગમાં ગંભીર રમખાણો ફાટી નીકળ્યા, દુકાનો લૂંટાઈ અને પોલીસે ઝીલ શોપિંગ સ્ટ્રીટને સીલ કરી દીધી. અગાઉ બપોરે લગભગ ૮,૦૦૦ લોકોએ શાંતિપૂર્ણ રીતે કૂચ કરી હતી. હેસે રાજ્યના ગૃહમંત્રી રોમન પોસેક ના જણાવ્યા મુજબ, ૧૭ દુકાનોને નુકસાન પહોંચ્યું હતું અને ૫ દુકાનો લૂંટાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે ૫૪ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી અને ૧૦થી વધુ અધિકારીઓ ઘાયલ થયા હતા. આ દરમિયાન કોલોનમાં, પોલીસે ૨૩ અધિકારીઓ ઘાયલ થયા હોવાની માહિતી આપી હતી. શહેરમાં ધરપકડ કરાયેલા ૫૬ વર્ષીય વ્યક્તિના બેગમાંથી મોલોટોવ કોકટેલ અને ધારદાર હથિયારો મળી આવ્યા હતા, તેમજ પોલીસની પાંચ ગાડીઓને નુકસાન થયું હતું. પોલીસ કમાન્ડર માર્ટિન લોટ્ઝે જણાવ્યું હતું કે મોઢા ઢાંકવાની પદ્ધતિ અને હથિયારો જોતાં આ કોઈ અચાનક ઊભી થયેલી હિંસા નહીં પણ પૂર્વયોજિત અભિગમ હોવાનું જણાય છે. પોલીસે એમ પણ કહ્યું કે રમખાણખોરોનો સત્તાવાર જેન ઝી કૂચ સાથે કોઈ સ્પષ્ટ સંબંધ નહોતો.

હવે આગળ વાત કરીએ તો સ્વિટ્ઝરલૅન્ડમાં તાજેતરમાં 'અમે સ્વિટ્ઝરલૅન્ડમાં પણ કંટાળી ગયા છીએ,' જેવા બેનર હેઠળ સેંકડો લોકો ઝયુરિખ અને બેસલમાં એકઠા થયા હતા. ઝયુરિખમાં, કેટલાક લોકો હેલોવીન માસ્ક પહેરીને રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે લેંગસ્ટ્રાસ પર એકઠા થયા હતા. ભીડ હેલ્વેટિયાપ્લાત્ઝ તરફ આગળ વધી ત્યારે ફટાકડા અને ફ્લેર્સ ફોડવામાં આવ્યા હતા, જ્યાં બસ શેલ્ટરને નુકસાન થયું હતું અને કચરાપેટીઓ તથા સાઈકલોના બેરિકેડને આગ ચાંપવામાં આવી હતી. મ્યુનિસિપલ પોલીસે જણાવ્યું કે એક કાર સળગાવી દેવામાં આવી હતી અને દુકાનોના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. અધિકારીઓ પર વારંવાર ફટાકડા, બોટલો અને પથ્થરો ફેંકવામાં આવ્યા બાદ તેમણે વોટર કેનન, ટીયર ગેસ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો હતો.

કઠલાલ પોલીસ દ્વારા દિવાળી તહેવાર ની અનોખી ઉજવણી



નરેન્દ્ર દવે જૂનાગઢ

કઠલાલ તા.૭. કઠલાલ પોલીસ સ્ટેશન ખાતે દિવાળી ના તહેવાર નિમિત્તે કઠલાલ પોલીસ પરિવાર દ્વારા કઠલાલ તાલુકા ના ૭૫ ગરીબ નિરાધાર અને જરૂરિયાતમંદ બહેનો તથા ગંગાસ્વરૂપ બહેનો ને પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને દિવાળીના તહેવારો નિમિત્તે ગિફ્ટ રૂપે કરિયાણાની કીટ તથા મીઠાઈ નું વિતરણ કરી ને પોલીસ પરિવાર દ્વારા દિવાળીના તહેવારની ઉજવણી કરવામાં આવી બીજા ના ઘર માં દીવા પ્રગટે અને કોઈ ની પેટ ની આગ ઠરે એ જ સાચી દિવાળી સમજી કઠલાલ પોલીસ પરિવાર દ્વારા આ વિસ્તારની પ્રજાની સુરક્ષા અને સલામતી સાથે જરૂરિયાતમંદ લોકોને કરિયાણાની કીટ તથા મીઠાઈ વિતરણ કરી ને પોલીસ પરિવાર એ ખરેખર 'પોલીસ એ પ્રજાનો મિત્ર છે' તે સૂત્રને સાચા અર્થમોં સાર્થક કરવામાં આવેલ છે,

આમ ,ખાખીના રૂપમાં સુરક્ષા સાથે સમાજસેવા રૂપી જરૂરિયાતમંદ લોકો માટે સંવેદના જોવા મળી.

રાજપીપલા કરજણ નદી બ્રિજ માં ગેરરીતિ કરનાર ના આગોતરા જામીન નામંજૂર

રાજપીપલા | રાજપીપલા ની કરજણ નદી પર રામગઢ ગામને જોડતા બ્રિજ માં ગેરરિતિકરી બિનગુણવત્તા નું બાંધકામ કરનાર કન્સ્ટ્રક્શન કંપની ના ડિરેક્ટરે FIR સામે માંગેલ આગોતરા જામીન રાજપીપલા ની કોર્ટે તે નામંજૂર કર્યા છે .મુખ્યમંત્રી એ FIR કરવાનો આદેશ આપ્યો હતો . પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા કરજણ નદી ના ઓવારા ની બાજુમાં સામે કિનારે રામગઢ સહીત અન્ય ગામો ને જોડતો પુલ બનાવ્યા બાદ તેની હલકી ગુણવતા અને ક્ષતિયુક્ત બાંધકામ ને કારણે સદર પુલ નો પીલર નમી જતા તે અવરજવર માટે બિનસલામત હોય આ પુલ બંધ કરાયો હતો . રૂ 10/- કરોડ ના ખર્ચે બનેલ આ પુલ ના ક્ષતિયુક્ત બાંધકામ અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નું ધ્યાન દોરતા ભ્રષ્ટાચાર મામલે ઝીરો ટોલરન્સ ધરાવતા મુખ્ય મંત્રી એ પુલ બાંધકામ ની એજન્સી સુરત ની રોયલ ઈન્ફ્રા. પ્રા . લી . સામે FIR કરવાનો આદેશ આપ્યો હતો જે મુજબ જિલ્લા ના કાર્યપાલક ઈજનેરે પોલીસ ફરિયાદ નોંધાવતા તે સામે રોયલ ઈન્ફ્રા પ્રા . લી . કંપની ના ડિરેક્ટર વસંત પટેલે આગોતરા જામીન માંગતા રાજપિપલા ના સરકારી વકીલ વંદના ભટ્ટ ની ધારદાર દલીલો અને પુરાવા ધ્યાને લઈ કોર્ટે વસંત પટેલ ના આગોતરા જામીન નામંજૂર કર્યા હતા .

ઉજવણીમાં ઉત્સાહ વધારતો 12,000 કરોડ રૂપિયાના ફટાકડાનો વેપાર



તમિલનાડુનું સિવાકાશી 12,000 કરોડના ફટાકડા ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે. અહીંથી દેશભરમાં કાચો માલ અને નવી ફટાકડા આઈટમો સપ્લાય થાય છે. પ્રદૂષણ ઘટાડવા 'ગ્રીન ક્રેકર્સ'નો આગ્રહ વધ્યો છે, પરંતુ વેપારીઓ નકલી લેબલ લગાવી જૂના ફટાકડા વેચી રહ્યા છે. CSIR-NEERI દ્વારા SWAS, SAFAL, STAR જેવા ઓછા પ્રદૂષણકારક ફટાકડા વિકસાવાયા છે. આગામી સમયમાં ગ્રીન ક્રેકર્સના ઉત્પાદન અને વેચાણ પર કડક નિયંત્રણો આવી શકે છે.

નવા વર્ષની ઉજવણીના માહોલમાં ચોમેર ફટાકડાના અવાજો ગૂંજી રહ્યા છે. દિવાળી અને ચોપડા પૂજનના દિવસોમાં ફટાકડા એટલા ફૂટે છે કે કેટલાક વિસ્તારોમાં શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બની જાય છે. ફટાકડા ફોડવાનો આંનદ નાના મોટો સૌને હોય છે. હવે તો લગ્ન સમયમાં પણ ફટાકડાની મોટી લૂમો ફૂટતી જોવા મળે છે. ટૂંકમાં ફટાકડાનો બિઝનેસ બારે માસ ચાલતો બની ગયો છે. તમિળનાડુનું સિવાકાશી ફટાકડા ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે એમ માનવાની જરૂર નથી અમદાવાદની સરહદ પર આવેલા ગામડાઓમાં પણ ફટાકડાના કારખાના છે. સિવકાશીના ફટાકડા ઉદ્યોગનું વાષક ટર્નઓવર આશરે રૂ. ૭,૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે તેમાં અન્ય સેન્ટરોના ફટાકડા ઉદ્યોગ ઉમેરીએ તો કુલ ટર્ન ઓવર ૧૨,૦૦૦ કરોડને વટાવી ચૂક્યું છે.

સિવકાશી મહત્વનું એટલા માટે છેકે તે દેશભરમાં ફટાકડાનું રો મટીરીયલ પણ સપ્લાય કરે છે અને ફટાકડાની નવી આઈટમો પણ બજારમાં ફરતી કરે છે. આ વખતે દિલ્હીમાં ઉત્પાદકો ગ્રીન ક્રેકર્સ (લીલા ફટાકડા-ધૂમાડો ઓછો કરે તેવા) તરફ વળી રહ્યા છે. જોકે તેમાં સફળતા ઓછી મળી છે કેમ કે વેપારીઓ ગ્રીન ક્રેકર્સના લેબલ મારીને માલ વેચી રહ્યા છે. આ ઉદ્યોગ માત્ર ઉત્પાદન સુધી સીમિત નથી પરંતુ તેમાં કાચા માલના સપ્લાયર્સ, પેકેજિંગ બિઝનેસ, હોલસેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને રિટેલર્સનો પણ સમાવેશ થાય છે. ઉત્પાદન સિવકાશીમાં કેન્દ્રિત છે, પરંતુ દેશભરમાં ફટાકડા વેચાય છે, જેમાં દિવાળી દરમિયાન માંગ ટોચ પર હોય છે. જો કે, ઉત્પાદન ટર્નઓવર અને અંતિમ રિટેલ વેચાણ એ જુદા જુદા માપદંડો છે, તેથી ઉદ્યોગના કદનો અંદાજ લગાવતી વખતે તેમની વચ્ચે તફાવત કરવો મહત્વપૂર્ણ છે.

તમિળનાડુના વિરુદ્ધનગર જિલ્લામાં આવેલું સિવકાશી, તેની ઉચ્ચ ઔદ્યોગિક કાર્યક્ષમતા માટે પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા 'કુટ્ટી જાપાન' અથવા 'મિનિ જાપાન' તરીકે ઓળખાયું હતું.. તેની ઉત્પાદન પ્રણાલી દાયકાઓ દરમિયાન વિકસિત થઈ છે, જેને રસાયણ સપ્લાયર્સ, પ્રિન્ટિંગ પ્રેસ, પેકેજિંગ કંપનીઓ અને પરિવહન ઓપરેટરોનો ટેકો મળ્યો છે. આ પ્રદેશનું શુષ્ક વાતાવરણ પણ તેને મુખ્ય ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી આવવામાં મદદરૂપ બન્યું છે.

હવે ગ્રીન ક્રેકર્સ તરફનો ફેરફાર ફટાકડા ઉત્પાદકો માટે એક મોટો ફેરફાર બનીને ઉભરી આવ્યો છે. ઓક્ટોબર ૨૦૧૮માં, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે જાહેરાત કરી હતી કે કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) એ ત્રણ ઓછા પ્રદૂષણ ફેલાવતા ફોર્મ્યુલેશન વિકસાવ્યા છે - SWAS (સેફ વોટર રિલીઝર), SAFAL (સેફ મિનિમલ એલ્યુમિનિયમ) અને STAR (સેફ થર્માઈટ ક્રેકર).

CSIRના નેશનલ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NEERI) અનુસાર, આ ફોર્મ્યુલેશન પરંપરાગત ફટાકડાની તુલનામાં ઉત્સર્જન ઘટાડવા માટે બનાવવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, SWASને પર્ટીક્યુલેટ ઉત્સર્જનમાં આશરે ૩૦-૩૫ ટકાનો ઘટાડો કરવા માટે વિકસાવવામાં આવ્યું હતું.

આ ફેરફારથી ઉત્પાદકો માટે વધારાની જરૂરિયાતો ઊભી થઈ છે, જેમાં પ્રોડક્ટ ટેસ્ટિંગ, સર્ટિફિકેશન અને નિયામક પાલન (કમ્પ્લાયન્સ)નો સમાવેશ થાય છે. CSIR-NEERI કહે છે કે ગ્રીન-ક્રેકર માટે રજીસ્ટ્રેશન જરૂરી છે જે જરૂરી વિસ્ફોટક ઉત્પાદન લાઈસન્સ ધરાવતા ઉત્પાદકો માટે જ ઉપલબ્ધ છે. જોકે ફટાકડાના વેપારીઓ વધુ ઉસ્તાદ સાબિત થયા છે તે ગ્રીન ક્રેકરના ડુપ્લીકેટ લેબલો તૈયાર કરીને તેમાં જુના ફટાકડા ભરીને ગ્રાહકોને પધરાવી રહ્યા છે.

સરકારની નજર પ્રદૂષણ નિયંત્રણ પર છે જ્યારે વેપારીઓની નજર પ્રોફીટ પર હોય છે. એમ લાગે છે કે આવતા વર્ષે ગ્રીન ક્રેકરના ઉત્પાદન અને વેચાણ એમ બંને પર કડક નિયંત્રણો જોવા મળશે. આ વર્ષે સરકાર શીખી છે કે પ્રદૂષણને કાબુમાં રાખવા તૈયાર કરાયેલા ગ્રીન ક્રેકરનો વ્યાપ વધારવો હશે તો તે માટે કડક કાયદાનું અમલીકરણ પણ જરૂરી બનશે.

ફટાકડાના બજાર પર નજર કરો તો ગયા વર્ષ કરતાં આ વર્ષે ફટાકડામાં અનેક નવી વેરાઈટી જોવા મળે છે. બધી જ વેરાઈટી પૈસાદારો માટે હોય છે એમ કહી શકાય કેમ કે તે બહુ મોંઘી હોય છે. કેટલાક લોકો ફટાકડાના કાન ફાડી નાખે તેવા અવાજનો વિરોધ કરે છે તો કેટલાક પર્યાવરણના નુકશાનને આગળ ધરીને ફટાકડાનો વિરોધ કરી રહ્યા છે.

દિવાળીએ દેહત્યાગઃ હે પરમેશ્વર! તૂને અચ્છી લીલા કી...

ભારતના મહાન તત્ત્વચિંતક અને આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ 12 ફેબ્રુઆરી, 1824ના રોજ મોરબી નજીક ટંકારામાં થયો હતો. બાળપણમાં મૂળશંકર તિવારી નામ ધરાવતા સ્વામીજીએ મૂર્તિપૂજાનો વિરોધ કરી 'વેદો તરફ પાછા વળો'નો સંદેશ આપ્યો. સમાજ સુધારક તરીકે તેમણે સ્ત્રી શિક્ષણ, વિધવા પુનર્લગ્ન અને બાળલગ્ન નાબૂદી માટે કાર્ય કર્યું. 30 ઓક્ટોબર, 1883ના રોજ દિવાળીના દિવસે અજમેરમાં તેમણે દેહત્યાગ કર્યો.

સ્વામી દયાનંદ સરસ્વતી

ધર્મનો આધાર અંધશ્રદ્ધા કે પાંગળી માન્યતાઓ નહીં, બલ્કે સત્ય, તક અને જ્ઞાન હોવો જોઈએ - આ હતો સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનનો મુખ્ય સંદેશ. સ્વામી દયાનંદ સરસ્વતીએ દેહ છોડયો તે દિવસે દિવાળી હતી. શરીરનું પિંજરુ ત્યજીને પરમમાં લીન થઈ જવા માટે કેવો શુભ દિન પસંદ કર્યો હતો એમણે! કેવી હતી એમના જીવનની અંતિમ ક્ષણો?

શું તમે જાણો છો કે સ્વામી દયાનંદ સરસ્વતી મૃત્યુ પામ્યા તે દિવાળીનો દિવસ હતો? સ્વામી દયાનંદ સરસ્વતી એટલે ભારતના મહાન તત્ત્વચિંતક, સમાજસુધારક અને ધામક વડા. આર્યસમાજની સ્થાપના તેમણે કરી હતી. એમના મૃત્યુની પળ સુધી પહોંચતા પહેલાં એમના જીવનની એક ત્વરિત ઝલક મેળવી લેવી જોઈએ.

૧૨ ફેબુરઆરી, ૧૮૨૪ના રોજ ગુજરાતમાં મોરબી નજીક આવેલા ટંકારામાં તેમનો જન્મ. એમનું મૂળ નામ મૂળશંકર તિવારી. બ્રાહ્મણ શૈવ પરિવારનું સંતાન એટલે બાળપણથી જ તેમને હિંદુ ધર્મની પરંપરાઓ અને સંસ્કૃતના અભ્યાસનો પરિચય મળ્યો હતો.

સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનની સૌથી રસપ્રદ ઘટનાઓમાંની એક ઘટના તેઓ તરૂણ વયના હતા ત્યારે ઘટી હતી. આ ઘટનાએ એમની સમગ્ર ધામક વિચારધારાને બદલી નાખી. મહાશિવરાત્રિનું પર્વ હતું. તેમના પિતા, કે જેઓ ભગવાન શિવના પરમ ભક્ત હતા, તેમણે મૂળશંકરને ઉપવાસ રાખવા અને આખી રાત જાગીને ભગવાનની પૂજા કરવા કહ્યું. મૂળશંકરે ખૂબ શ્રદ્ધાથી ઉપવાસ કર્યો. પછી આખી રાત જાગીને શિવલિંગ સામે બેસીને પ્રાર્થના કરવા લાગ્યા.

રાત આગળ વધતી ગઈ. બીજા ભક્તો ધીમે ધીમે નિદ્રાધીન થતા ગયા. તેમના પિતા પણ સૂઈ ગયા, પરંતુ મૂળશંકર જાગતા રહ્યા. તેઓ ધામક વિધિ પૂરી કરવા માગતા હતા. એ જ વખતે તેમણે જોયું કે એક ઉંદર શિવલિંગ પર ચડીને ત્યાં ચઢાવેલી પ્રસાદી ખાઈ રહ્યો હતો.

મૂળશંકર આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. જે મૂતને તેઓ ભગવાન શિવનું સ્વરૂપ માનતા હતા, તેના પર એક નાનકડો ઉંદર ફરી રહ્યો હોય તે કેવું? જો ભગવાન શિવ સર્વશક્તિમાન છે, તો પછી તેઓ એક નાનકડા ઉંદરને પોતાની મૂત પર ચડતાં અને પ્રસાદ ખાતાં અટકાવતા કેમ નથી?

તેમણે તરત જ પોતાના પિતાને જગાડયા. બધી વાત કરી. પિતાએ સમજાવ્યુંઃ દીકરા, મૂત તો માત્ર ભગવાનનું પ્રતીક છે. સાચા ભગવાન તો તેનાથી અલગ છે. પરંતુ પિતાના આ જવાબથી મૂળશંકરને સંતોષ ન થયો. આ ઘટના તેમના જીવનમાં વળાંકરૂપ સાબિત થઈ. તેમણે મૂતપૂજા અને ધર્મની પરંપરાઓ વિશે સવાલો કરવાનું શરૂ કર્યું. તેમણે નિરાકાર, સર્વશક્તિમાન ઈશ્વરની શોધ શરૂ કરી. આગળ જતાં આ જ વિચારો તેમની ધામક અને સામાજિક સુધારણાની ચળવળનો મુખ્ય આધાર બન્યા.

૨૧ વર્ષની ઉંમરે તેઓ આધ્યાત્મિક સત્યની શોધમાં ઘર છોડીને નીકળી પડયા. ત્યાર પછીનાં કેટલાંય વર્ષ તેમણે દેશભરમાં ભ્રમણ કરવામાં અને અભ્યાસ કરવામાં વિતાવ્યાં. આખરે તેઓ મથુરામાં સ્વામી વિરજાનંદના શિષ્ય બન્યા. દયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું. સ્વામી વિરજાનંદે તેમને પોતાનું સમગ્ર જીવન વેદોના જ્ઞાનના પ્રચાર માટે સમપત કરવાની પ્રેરણા આપી. સ્વામી દયાનંદ સરસ્વતીએ લોકોને 'વેદો તરફ પાછા વળો'નો સંદેશ આપ્યો.



૧૮૭૫માં તેમણે બોમ્બે (હાલનું મુંબઈ)માં આર્યસમાજની સ્થાપના કરી. આ સંસ્થાનો હેતુ હિંદુ સમાજમાં સુધારા લાવવાનો અને વૈદિક મૂલ્યોનો પ્રચાર કરવાનો હતો. સ્વામીજીએ મૂતપૂજા, અંધશ્રદ્ધા, સમજ્યા વિના કરવામાં આવતી ધામક વિધિઓ અને આંધળી શ્રદ્ધાનો સખત વિરોધ કર્યો હતો તે જાણીતી વાત છે. તેમણે જન્મના આધારે નક્કી થતી જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો. જ્ઞાતિના ભેદભાવ વિના સૌને સમાન ગણવાની હિમાયત કરી. તેમણે ïશિક્ષણ, વિધવા પુનવવાહ અને બાળલગ્ન નાબૂદ કરવા માટે મહત્ત્વનું કાર્ય કર્યું. તેમણે અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો. તેઓ દઢપણે માનતા કે સમાજના દરેક વર્ગને શિક્ષણ મેળવવાનો સમાન અધિકાર હોવો જોઈએ.

એમના વિખ્યાત પુસ્તક 'સત્યાર્થ પ્રકાશ'માં તેમના ધામક અને સામાજિક વિચારો શબ્દસ્થ થયા છે. ધર્મનો આધાર અંધશ્રદ્ધા કે પાંગળી માન્યતાઓ નહીં, બલ્કે સત્ય, તર્ક અને જ્ઞાન હોવો જોઈએ - આ એમના જીવનનો મુખ્ય સંદેશ.

સ્વામીજી જીવનના અંતિમ સમયે ખૂબ બીમાર હતા. તેમને ન્યુમોનિયા થઈ ગયો હતો. સંવત ૧૯૩૯ આસો વદ અમાસ એટલે કે ૩૦ ઓક્ટોબર, ૧૮૮૩, મંગળવારના રોજ દિવાળી હતી. લક્ષ્મણદાસ નામના એક ડોક્ટર તેમનો ઉપચાર કરી રહ્યા હતા. એમણે આશા નહોતી કે સ્વામીજી હવે વધારે જીવશે, પણ તોય એમણે અજમેરના સિવિલ સર્જન ડો. ન્યૂમેનને તેડાવી લીધા હતા. ડો. ન્યૂમેન તો સ્વામીજીની સહનશીલતા જોઈને સ્તંબ્ધ થઈ ગયા. તેમને આશ્ચર્ય થયું કે આવી મહાભયંકર અવસ્થામાં, આટલી તીવ્ર વેદનાને કોઈ રોગી આટલા ધૈર્યપૂર્વક કેવી રીતે સહન કરી શકે! ડો. લક્ષ્મણદાસના ન્યુમોનિયાના નિદાનને સમર્થન આપ્યું અને સારવાર શરૂ કરી. જોકે કોઈ રાહત કે લાભ થયો નહિ. સ્વામીજી સમજી ચૂક્યા હતા કે આ શરીર હવે છૂટી જવાનું છે. તેથી તેમણે ઉપચાર બંધ કરાવીને કહ્યું, 'આ મારો અંત સમય છે. હવે તમામ ચિકિત્સા બંધ કરો.'

મોડી સવારે અગિયાર વાગ્યે સ્વામીજીએ જાજરૂની ઈચ્છા પ્રકટ કરી. એમને જાજરૂ કરવા લઈ જવામાં આવ્યા. ત્યાર બાદ તેમણે દાતણ કર્યું. પલંગ પર આડા પડયા. થોડીવાર પછી માણસને બોલાવીને હજામત કરાવી. સ્વામીજીને સ્નાન કરવાની ઈચ્છા હતી, પણ નહાવું શક્ય નહોતું. તેથી ભીના વસ્ત્રથી એમના શરીરને શુદ્ધ કરવામાં આવ્યું. એમના શરીર પર થઈ ગયેલાં છાલાં ફૂટીને રક્તસ્રાવ થઈ રહ્યો હતો. રોમરોમમાંથી જાણે અંગારા ઝરતા હતા, પણ એમનું મન પ્રસન્ન અને ચિત્ત શાન્ત હતું. કોઈ ભક્તે પૂછ્યું, 'મહારાજ! આપનું ચિત્ત કેમ છે? આપ શું અનુભવ કરી રહ્યા છો?'

સ્વામીજીએ પરમ શાંતિથી ઉત્તર આપ્યો, 'સારું છે. આજ હું ઠીક અનુભવ કરી રહ્યો છું. એક મહિના પછી આજે આરામનો દિવસ છે.'

બીજા ભક્તે પૂછ્યું, 'આપ ક્યાં છો?'

સ્વામીજીએ કહ્યું, 'ઈશ્વર-ઈચ્છામાં.'

ઘડિયાળમાં મોડી બપોરના ચાર વાગ્યાના ટકોરા પડયા. સ્વામીજીએ શિષ્ય આત્માનંદને બોલાવ્યો. તેને પોતાની પાછળ શિર પાસે બેસાડયો અને પૂછયું, 'આત્માનંદ! તારી કાંઈ ઈચ્છા છે?'

આત્માનંદે દુખી સ્વરમાં કહ્યું, 'આપ ઠીક થઈ જાઓ, એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું.'

સ્વામીજીએ સાંત્વન આપતા કહ્યું, 'હવે આ શરીર શું ઠીક થવાનું?' ફરી સ્વામીજીએ તેના શિર પર વહાલથી હાથ મૂકીને આશીર્વાદ આપ્યા, 'આનંદમાં રહેજે' કાશીથી સ્વામીજીનાં દર્શનાર્થે આવેલા સંન્યાસી ગોપાલગિરિને પણ એ જ રીતે આશીર્વાદ આપ્યા. સ્વામીજી અંતિમ સમય સમય સુધી ભક્ત સમુદાય સાથે વાર્તાલાપ કરતા રહ્યા.સ્વામીજીએ સામે ઊભેલા સર્વ ભક્તજનોને પોતાની પાછળ ઊભા રહેવાનો આદેશ આપ્યો. ઓરડાનાં બારણા અને બારીઓ ખોલી નાખવા સૂચના આપી અને પૂછ્યું, 'આજ પક્ષ, તિથિ અને કયો વાર છે?' જવાબ મળ્યો, 'આજ કૃષ્ણપક્ષનો અંત અમાવસ્યા, અને મંગળવાર છે.'સ્વામીજીએ વેદમંત્રોનો પાઠ કર્યો, સંસ્કૃતમાં ઈશ્વરનું સ્તવન કર્યું. આખરે બંને નેત્રો ખોલીને અંતિમ ઉદગારો વ્યક્ત કર્યા, 'હે દયામય સર્વશક્તિમાન પરમેશ્વર! તેરી યહી ઈચ્છા હૈ, તેરી યહી ઈચ્છા હૈ, તેરી ઈચ્છા પૂર્ણ હો, અહા, તૂને અચ્છી લીલા કી'

સ્વામી દયાનંદ સરસ્વતીના આ અંતિમ શબ્દો. આ શબ્દોના ઉચ્ચારણ સાથે સ્વામીજીએ પડખું ફેરવ્યું અને દિવાળીના એ સપરમા દહાડે આંતરિક પ્રાણ-શ્વાસને એક વારમાં બહાર કાઢી નાખ્યો.સ્વામી દયાનંદ સરસ્વતીનું જીવન જેટલું દિવ્ય હતું તેટલું જ મૃત્યુ પણ પ્રેરણાદાયી હતું. પંડિત ગુરુદત્ત લાહોરથી સ્વામીજીનાં દર્શન માટે આવ્યા હતા. તેઓ નાસ્તિક હતા અને પાશ્ચાત્ય વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. હજુ ઈશ્વરમાં એમનો વિશ્વાસ દઢ થયો ન હતો. પરંતુ તેમણે સ્વામી દયાનંદ સરસ્વતીને શરીરની અસહ્ય વેદના વચ્ચે પણ આનંદમગ્ન બનીને મૃત્યુનું સ્વાગત કરતા જોયા. આ દ્રશ્યથી તેમની નાસ્તિકતાનો ગઢ કડડભૂસ થઈને તૂટી પડયો. ઈશ્વર પ્રત્યે અતૂટ ઈશ્વર વિશ્વાસ ઉત્પન્ન થઈ ગયો. તેઓ આસ્તિક બની ગયા. મહષના મૃત્યુના દશ્યે એક નાસ્તિક વિદ્વાનને આસ્તિક બનાવી દીધા. સ્વામીજી ફક્ત ૫૯ વર્ષ જીવ્યા, પણ આટલા જીવનમાં પણ કેટલું વિરાટ કાર્ય કરી શકાય છે તે એમણે સાબિત કરી દેખાડયું. ખરેખર, સ્વામી દયાનંદ સરસ્વતીના જીવન અને મૃત્યુ બન્નેમાંથી ઘણું શીખવા જેવું છે.

તહેવારમાં મીઠાઈ-માવો ખરીદતી વખતે રાખો ધ્યાન,FSSAIની આ ટિપ્સથી ઓળખો ભેળસેળ



તહેવારોમાં મીઠાઈ, માવા, પનીર અને ઘીની વધતી માંગ સાથે ભેળસેળનું જોખમ વધ્યું છે. પરિવારના સ્વાસ્થ્ય માટે ખોરાકની ગુણવત્તા તપાસવી અનિવાર્ય છે. માવો ચીકણો લાગે કે પાણીમાં ઓગળી જાય, તો ભેળસેળની શક્યતા છે. ઘીમાં સ્ટાર્ચ માટે આયોડિન ટેસ્ટ કરી શકાય. મીઠાઈની ચમક કે વિચિત્ર ગંધ પર ધ્યાન આપો. FSSAI લાયસન્સવાળી સ્વચ્છ દુકાનમાંથી જ ખરીદી કરો અને શંકા જણાય તો ફરિયાદ કરો.મીઠાઈ મંગાવોFSSAI food safety: તહેવારોની સિઝનમાં બજારમાં મીઠાઈઓ, માવા, પનીર અને ઘીની માંગ ખૂબ જ વધી જાય છે, જેના કારણે બજારમાં ભેળસેળયુક્ત વસ્તુઓનું જોખમ પણ વધી જાય છે. આવી સ્થિતિમાં પરિવારની તબિયત સાચવવા માટે ખોરાકની ગુણવત્તા તપાસવી અત્યંત આવશ્યક છે.ફૂડ પ્રોસેસિંગ જુઓતહેવારોમાં માવાની માંગ વધતાં તેની શુદ્ધતા તપાસવી જરૂરી છે. માવાને હળવા હાથે ઘસતી વખતે જો તે ખૂબ ચીકણો લાગે કે જીભ પર ચોંટે, તો તેમાં ગરબડ હોઈ શકે છે. પાણીમાં નાખીને ફેટવાથી જો તે ટુકડાઓમાં વહેંચાઈ જાય, તો ભેળસેળની આશંકા રહે છે. આ ઉપરાંત, FSSAIના DART મેન્યુઅલ મુજબ માવાને પાણીમાં ઉકાળીને ઠંડો કર્યા બાદ તેમાં ટિંક્ચર ઑફ આયોડિન નાખવાથી જો રંગ બ્લૂ થઈ જાય, તો તેમાં સ્ટાર્ચની હાજરી હોઈ શકે છે.ઘી ખરીદતી વખતે માત્ર ઘાટો પીળો રંગ કે સુગંધ જોઈને તેને શુદ્ધ ન માની લેવું જોઈએ. FSSAIના નિયમો અનુસાર ઘીમાં સ્ટાર્ચ તપાસવા માટે આયોડિન ટેસ્ટ કરી શકાય છે, પરંતુ તેનાથી વનસ્પતિ કે અન્ય તેલની ભેળસેળ પકડાતી નથી. તેથી, પ્રેક્ડ ઘી ખરીદતી વખતે તેના પર પ્રોડક્ટનું નામ, બેચ નંબર, તારીખ અને FSSAI લાયસન્સ ચોક્કસ તપાસવા અને પેકેટના સીલ બરાબર જોઈ લેવી. મીઠાઈની ચમક કે દેખાવ જોઈને ખરીદી ન કરવી. જો મીઠાઈમાંથી અજીબ ગંધ આવતી હોય અથવા તેનો રંગ ખૂબ જ ચટક હોય, તો તેમાં કૃત્રિમ રંગો હોઈ શકે છે. જો મીઠાઈ પર ફૂગ દેખાય કે તેની બનાવટ અસામાન્ય લાગે, તો તેને ખાવાનું ટાળવું જોઈએ. તેમજ ચાંદીના વરખવાળી મીઠાઈ ખરીદતી વખતે સાવધ રહેવું કારણ કે તેમાં એલ્યુમિનિયમ કે અન્ય ધાતુ હોઈ શકે છે. મીઠાઈ હંમેશાં સ્વચ્છ અને ઢાંકેલી દુકાનમાંથી જ ખરીદવી.ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી ભેળસેળયુક્ત ઘી અને માવા જેવી ચીજો ખાવાથી લિવર પર માઠી અસર પડે છે.

નાસ્તાથી લઈને સ્નેક્સ સુધીઃ ડાયેટમાં ચિયા સીડ્સ સામેલ કરવાની 5 હેલ્ધી રીત

આરોગ્યવર્ધક ચિયા સીડ્સને હવે પાણીમાં પલાળવા ઉપરાંત 5 નવી રીતે આહારમાં સામેલ કરી શકાય છે. ફાઈબર, પ્રોટીન અને ઓમેગા-3થી ભરપૂર આ સીડ્સનું પુડિંગ, હોમમેઈડ જામ, દહીં, સ્મૂધી કે ઓવરનાઈટ ઓટ્સમાં ઉપયોગ કરી શકાય છે. આ પદ્ધતિઓથી નાસ્તાથી લઈને સ્નેક્સ સુધી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ બનાવી સ્વાસ્થ્ય લાભ મેળવી શકાય છે.સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી ગણાતા ચિયા સીડ્સનો ઉપયોગ આજકાલ લોકો મોટા પ્રમાણમાં કરવા લાગ્યા છે. સામાન્ય રીતે લોકો તેને પાણીમાં પલાળીને જ ખાતા હોય છે, પરંતુ જો તમે રોજની એ જ પદ્ધતિથી કંટાળી ગયા છો અને કંઈક નવું ટ્રાય કરવા માંગો છો, તો તેને નાસ્તાથી લઈને સ્નેક્સ સુધી જુદી-જુદી વાનગીઓમાં ખૂબ જ સરળતાથી સામેલ કરી શકો છો. ચિયા સીડ્સમાં ફાઈબર, પ્રોટીન, ઓમેગા-3 ફેટી એસિડ, કેલ્શિયમ અને મૅગ્નેશિયમ જેવા મહત્ત્વના પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં મળી રહે છે. ચાલો જાણીએ ચિયા સીડ્સ ખાવાની 5 અલગ અને સ્વાદિષ્ટ રીતો વિશે.વિટામિન્સ ખરીદો

ચિયા સીડ્સ પુડિંગ : ચિયા સીડ્સને ડાયેટમાં સામેલ કરવાનો સૌથી સરળ રસ્તો તેનું પુડિંગ બનાવવાનો છે. સવારના નાસ્તા માટે આ એક ઉત્તમ વિકલ્પ છે.બનાવવાની રીત: 2 મોટા ચમચી ચિયા સીડ્સ લો અને તેમાં અડધાથી પોણો કપ દૂધ અથવા દહીં સારી રીતે મિક્સ કરી લો. હવે તેને ઢાંકીને આખી રાત ફ્રિજમાં મૂકી દો (જો ઠંડી હોય તો બહાર પણ રાખી શકો છો). સવાર સુધીમાં ચિયા સીડ્સ પ્રવાહી શોષીને ઘટ્ટ થઈ જશે અને પુડિંગ જેવું ટેક્સચર બની જશે.ફાયદો: તેમાં કાપેલા ફળો, ડ્રાયફ્રૂટ્સ અથવા મનપસંદ સીડ્સ ઉમેરીને ખાઈ શકો છો. ગળપણ માટે ખાંડના બદલે મધનો ઉપયોગ કરવો વધુ સ્વાસ્થ્યવર્ધક છે.

હોમમેઈડ ચિયા સીડ્સ જામમસાલા ખરીદો : બજારના કેમિકલયુક્ત જામને બદલે તમે ચિયા સીડ્સની મદદથી ઘરે જ હેલ્ધી ફ્રૂટ સ્પ્રેડ અથવા જામ બનાવી શકો છો.બનાવવાની રીત: સ્ટ્રોબેરી, બ્લુબેરી અથવા તમારા મનપસંદ અન્ય નરમ ફળો લો અને તેને સારી રીતે મેશ (ક્રશ) કરી લો. હવે તેમાં 1 મોટી ચમચી ચિયા સીડ્સ અને સ્વાદ માટે થોડું મધ ઉમેરો. આ મિશ્રણને થોડીવાર માટે મૂકી રાખો, જેથી ચિયા સીડ્સ પ્રવાહી સોષીને તેને જામ જેવું જાડું બનાવી દે.

આંખને જે ગમ્યું એની પાછળ મન દોડ્યા કરતું હોય છે

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे।
रामेणाभिहता निशाचरचमूः रामाय तस्मै नमः॥

રામ રક્ષા કવચ ના શ્લોક દ્વારા આપ સૌ વાંચક મિત્રો ને દિવાળી ના શુભ તહેવાર નિમિતે "જય શ્રી રામ" બોલી ને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.જેના જીવન મા રામ નામ નો પ્રવેશ થાય એનું રક્ષણ સ્વયં રામભક્ત હનુમાનજી કરતા હોય છે. દિવાળી ના તહેવાર ની ધામધૂમ થી ઉજવણી યુગો થી જીવન માં "શ્રી રામ" નો પ્રવેશ થશે એ માટે થતી હોય છે.ઘર ભાડાનું કે પોતાનું પણ એને દિવાળી નિમિતે સજાવવા પાછળ નો ઉદ્દેશ્ય વિદ્વાનો એવો કરે છે કે નિર્જીવ ઘર એટલે શરીર.શરીર ની પ્રસન્નતા અને ખુશી આત્મીય આનંદ માં વધારે રહેતો હોય છે એટલે તો મીઠાઈઓ, નાસ્તાઓ,ઘરેણા,નવા કપડા,બુટ ચંપલ વગેરે શરીર ને સજાવવા પાછળ દિવાળી માં ખર્ચ કરીએ છીએ.આંખ ને જે ગમ્યું એની પાછળ મન દોડ્યા કરતું હોય છે.આ કારણોસર દિવાળી ના પર્વ માં ઘરની સજાવટ માટે શોપિંગ કરતી વખતે પડોશી કરતા આપણું ઘર વધારે સુંદર લાગે એ સ્પર્ધા જોવા મળે છે. ડ્રોઈંગ રૂમના પડદા થી લઈને બેડશીટ્સ, નવી નવી સુંદર ક્રોકરી,ફ્લાવર વાઝ માંના આર્ટિફિશિયલ રંગ બે રંગી ફૂલો પણ બદલાઈ જાય છે,માળિયા પર કોથળા ભરી ને વાસણ પડ્યા હોવા છતાંય દિવાળી નિમિતે વાસણ તો લેવા શુકન વગેરે વગેરે માં ખરીદી નું લિસ્ટ લાંબુ થઈ શકે છે. સામન્ય રીતે વિચારશો ને તો સમજાશે કે જે રીતે દિવાળી ના તહેવાર માટે શોપિંગ કરતા હોઈએ છીએ ને એ બાકીના દિવસો માં કરતા હોતા નથી. આપણા ને પ્રશ્ન થાય કે દિવાળીના તહેવાર નિમિતે શોપિંગ શું કામ કરીએ છીએ?વાસ્તવિકતા તો એ છે કે યુગો વીત્યા બાદ આજેપણ અનંત યાત્રા માં ભટકતા આત્મા ને "રામ" શબ્દ ના સ્પર્શ માં આત્મીય આનંદ આવતો હોય છે. આયખું નવું જૂનું જન્મ મરણ ના ચક્કર માં બદલ્યા કરે પણ આત્મપૂંજ મૃત્યુ બાદ શરીર ધારણ કર્યા બાદ "હું" અને "મારા" માં ફસાયા બાદ પણ ઈશ્વર તત્વ ના સાનિધ્ય ક્ષણ માટે પણ ભૂલતો નથી. આ કારણોસર જ "દિવાળી ના પર્વ" ને ખાસ બનાવવા માટે શરીર આત્મા ના અવાજ ને અનુસરી ને તહેવાર ના આયોજન માં "શ્રી રામ ના આગમન" ની તૈયારીઓમાં લાગી જતું હોય છે.

પગ મને ધોવા ધો રઘુરાય..
પ્રભુ મને શક પડ્યો મનમાંય..

રમા એકાદશી થી લઈને ભાઈબીજ સુધી ના ચાલતાં દિવાળી ના તહેવાર માં "ઘર મંદિર માં પૂજા અને મંદિર માં દર્શને" જવાનો મહિમા વધારે હોય છે. આનો મતલબ એ કે ઘરે ઘરે શ્રી રામ નું આગમન થઈ જતા મનુષ્ય નું મન ખુશ ખુશાલ થઈ જતા ફટાકડા ફોડી ને એનો આનંદ વ્યક્ત કરી રહ્યો છે. નદી ની પેલે પાર જવા માટે ભગવાન શ્રી રામ એ કેવટ ને કહ્યું ત્યારે કેવટ નો તર્ક સમજાવવા જેવો છે. કેવટ એ પોતાના તર્ક વ્યક્ત કરતા પ્રભુ શ્રી રામ ને વિનંતી કરતા કહ્યું કે પ્રભુ,મે સાંભળ્યું છે કે આપ જ્યાં પાવન પગલાં પાડો છો એ જગ્યા આપના સમર્પિત થઈ જાય છે.મને ભય છે કે આપ મારી નાવ પર બિરાજશો ને ક્યાંક મારી નાવ અદ્રશ્ય થઈ જશે તો.હું ગૃહસ્થ છું આ નાવ મારી આજીવિકા છે મારા બાળકો અને પત્ની સહિત મારા પેટ ની જવાબદારી નાવ ના ભરોંસે છે. આપને નદી ને પેલે પાર તો લઈ જઈશ પણ એ પહેલા મારે તમારા પગ ધોવા પડશે. કેવટ નો તર્ક સાંભળી ને લક્ષ્મણ જી ને તો ગુસ્સો આવ્યો પણ ભગવાન શ્રી રામ એ હસતા હસતા કેવટ ને કીધું હતું કે મારા પગ ધોયા બાદ તો તું અમને નદી ને પેલે પાર ઊતરીશ ને. કેવટ ના તર્ક ને ધ્યાન થી સમજશો તો સમજાશે કે આપણે બધા પણ એની માફક જ "ઈશ્વર છે કે એ ભ્રમ માત્ર છે" આ તર્ક માં ફસાયા કરીએ છીએ.



દીપાવલી ની શુભકામના
- રુપાલી દવે

ભક્ત ને ભગવાન ના દર્શન પ્રત્યેક ક્ષણ થાય છે એટલે તો ભક્ત ની નજર થી અયોધ્યા ને નિહાળશો તો એ ને દિવાળી ના તહેવાર માં અસંખ્ય દીપક થી સજાવેલ અયોધ્યા નગરી ના રાજ મહેલ ની અંદર પ્રભુ શ્રી રામ સાથે સીતાજી ના દર્શન થાય છે.આ સૃષ્ટી નું રહસ્ય ખૂબ ઊંડું છે એટલે તો "રામ તત્વ" ને જાણનાર ના મન માંથી સુધા,તૃષા અને મોહ સંપૂર્ણપણે નાશ પામતો હોય છે. ઈશ્વર ની પ્રાપ્તિ થયા બાદ મીરાંબાઈ ને વૈરાગ્ય નો રંગ લાગી ગયો હતો જે એણે ગાયેલ ભજન :

પાયોજી મને રામ રતન ધન પાયો..
વસ્તુ અમૌલિક દી મેરે સદગુરુ,કિરપા કર અપનાયો..

હિન્દુ ધર્મમાં તહેવાર ની સંસ્કૃતિ માં "પૂજા પાઠ,ભોગ નૈવેદ્ય,ધૂપ આરતી અને દર્શન નું મહત્વ વધારે છે એટલે તો મકર સંક્રાંતિ,નવરાત્રિ,દિવાળી અને હોળી માં બઝાર માં ચાલુ દીવસો કરતા ગ્રાહકો ની ભીડ વધારે જોવા મળે છે.દસ રૂપિયા ની રૂ ની વાટ વેચતાં ફેરિયા થી લઈને મોટા મોટા શો રૂમ માં હજારો લાખો રૂપિયા ના સમાન ની ખરીદી લોકો મોંઘવારી ભૂલી ને કરતા હોય છે.જ્યારે ભારત ની જનતા નો પગાર હજાર રૂપિયા ની આસપાસ હતો ત્યારે પણ દિવાળી ના તહેવાર માં પરિવાર સાથે નિર્જીવ ઘરની રોનક માં પણ વધારો થતો હતો.દીવાળી ના તહેવાર નિમિતે ખરીદારીનો અર્થ કરીએ તો રૂટિન કરતા અલગ ખાસ મનગમતું કરવું એવો થાય છે. ઘર ની બેડશીટ થી લઈને સોફા કવર વગેરે બધું જ નવું નકોર ખરીદાય છે. અરે!!દિવાળી ના દિવસે મહેમાનો ના સ્વાગત માટે સેન્ટર ટેબલ પર મુકેલ નાસ્તાની ટ્રે ની બાજુ માં દેખાતી મુખવાસ દાનીના મુખવાસ પણ વેરાયટી જોવા મળશે. હા!!આજેપણ નાસ્તાની ટ્રે ની અંદર મૂકેલ નાસ્તાઓ બદલાયા નથી એટલે તો "ગુજિયા ની ગુંજ" ને મઠિયા ચોળાફળી ના સ્વાદ માં નાનો સરખો પણ ફર્ક પડ્યો નથી.અત્યારે પણ દિવાળી માં ફરસી પૂરી કડકડી કે પોચી એ દાંત ની મજબૂતી અનુસાર એ જ બનાવવા માં આવે છે.જો નાસ્તા ની ટ્રે માં સેવ ગાંઠિયા અને ચક્રી ન દેખાય તો પડોશીની નારાજગી મુખ પર દેખાશે એટલું નક્કી,કેમ? દિવાળી ના નાસ્તા બનાવવા માં સાચી કસોટી ચક્રી અને સેવ ગાંઠિયા માંજ થાય છે.જો ચક્રી કઠણ બની અને સેવ ગાંઠિયા ના લોટમાં ગડબડ થઈ તો પડોશણ ને નીંદા કરવાનો મોકો મળી જશે. પડોશી પર થી યાદ આવ્યું આ વર્ષે ભારતમાં દિવાળી નિમિતે બમ્પર ખરીદી થઇ એમાં પાડોશી દેશ નું દર્દ મીડિયા વતી વહેતું થયું હતું.મોંઘવારી ના માર માં શોપિંગ અધધધ કેમ થઈ? પડોશી દેશ ને ખબર નથી કે ભારત દેશ એ આસ્થા અને શ્રદ્ધા નો દેશ છે તહેવાર ચાલો ત્યારે આપણે બધા દિવાળી નો તહેવાર ધામ ધૂમ થી માનાવી ને આપણા સાથે જોડાયેલા એવા લોકો કે જે લારી માં કે ફૂટપાથ પર પાથરણું પાથરી ને કોડિયા, મીણબતી, પ્લાસ્ટિક ના ફૂલો,રંગોળી,રંગોળી ના રંગો વગેરે વગેરે નાની નાની ચીજ વસ્તુઓ વેંચતા હોય એવા ગરીબ વેપારીઓ પાસેથી ભાવતાલ કર્યા વગર ખરીદી કરશો તો તમારા સાથે એની દિવાળી પણ ખુશ ખુશાલ રહશે. આપનારે તમને અઢળક આપ્યું છે તો પછી શેની ચિંતા કરો છો?

ફૂટે ફટાકડા ફટ ફટ..



દિવાળીની પૂજામાં રણબીરને કેમ પડ્યો હતો તમાચો?

રણબીરે એક વખત જણાવ્યું હતું કે બાળપણમાં દિવાળીની પૂજા દરમિયાન તેમની એક ભૂલથી પિતા ઋષિ કપૂર ખૂબ નારાજ થઈ ગયા હતા. આ ભૂલ બદલ પિતાએ તેમને જોરદાર માર માર્યો હતો.

(એજન્સી) મુંબઈ | તા.07

રણબીર કપૂરે બાળપણમાં દિવાળી સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો સંભળાવ્યો હતો, જે આ દિવાળીએ ફરી ચર્ચામાં આવ્યો છે. દિવાળીની પૂજા દરમિયાન ચંપલ પહેરીને મંદિરમાં જવાની ભૂલ કરવા બદલ પિતા અને દિવંગત અભિનેતા ઋષિ કપૂરે તેમને જોરદાર તમાચો માર્યો હતો. દિવાળીનો તહેવાર ભગવાન રામ 14 વર્ષનો વનવાસ પૂરો કરીને અયોધ્યા પરત ફર્યા તેની ખુશીમાં ઉજવવામાં આવે છે. આ વખતે દિવાળી નિમિત્તે રણબીર કપૂર પોતાની ફિલ્મ 'રામાયણ: પાર્ટ 1'માં ભગવાન રામની ભૂમિકા ભજવવાને કારણે પણ ચર્ચામાં છે. આ દરમિયાન તેમનો દિવાળી સાથે જોડાયેલો જૂનો કિસ્સો ફરી સામે આવ્યો છે.રણબીરે એક વખત જણાવ્યું હતું કે બાળપણમાં દિવાળીની પૂજા દરમિયાન તેમની એક ભૂલથી પિતા ઋષિ કપૂર ખૂબ નારાજ થઈ ગયા હતા. આ ભૂલ બદલ પિતાએ તેમને જોરદાર માર માર્યો હતો. રણબીર કપૂરે આ કિસ્સો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ની પહેલી કડીમાં સંભળાવ્યો હતો. આ શોમાં તેમની સાથે માતા નીતુ કપૂર અને બહેન રિદ્ધિમા કપૂર સાહની પણ હાજર હતાં. વાતચીત દરમિયાન રણબીરે બાળપણની આ ઘટના યાદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "મને જીવનમાં એક જ વાર ખૂબ જ જોરથી માર પડ્યો હતો. આર.કે. સ્ટુડિયોમાં દિવાળીની પૂજા હતી. પપ્પા ખૂબ ધાર્મિક હતા. મને લાગે છે કે ત્યારે મારી ઉંમર 8 કે 9 વર્ષની હશે. હું ચંપલ પહેરીને મંદિરમાં અંદર જતો રહ્યો હતો. આ જોઈને પપ્પાએ મને જોરદાર તમાચો માર્યો હતો."ફિલ્મોની વાત કરીએ તો રણબીર કપૂર અત્યારે નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ: પાર્ટ 1'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેઓ ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મમાં સાઈ પલ્લવી માતા સીતા અને યશ રાવણની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. જ્યારે સની દેઓલ ભગવાન હનુમાન અને રવિ દુબે લક્ષ્મણની ભૂમિકા ભજવી રહ્યા છે.ઋષિ કપૂર હિન્દી સિનેમાના દિગ્ગજ અભિનેતાઓમાંના એક હતા. 30 એપ્રિલ 2020ના રોજ બીમારીને કારણે તેમનું નિધન થયું હતું. તેમના નિધનથી કપૂર પરિવાર અને ફિલ્મજગતને મોટો આઘાત લાગ્યો હતો. રણબીર અનેક પ્રસંગોએ પિતા સાથે વિતાવેલી પળો અને તેમની પાસેથી મળેલી શીખને યાદ કરી ચૂક્યા છે. દિવાળી સાથે જોડાયેલો આ કિસ્સો પણ તેમની બાળપણની એવી જ યાદોમાંનો એક છે.

'રામાયણ'નો બોક્સ ઓફિસ પર દબદબો

(એજન્સી) મુંબઈ | તા.07

રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી અભિનીત 'રામાયણ' ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી છે. નીતેશ તિવારી નિર્દેશિત આ ફિલ્મે રિલીઝના માત્ર બે દિવસમાં જ ભારતીય બજારમાં 112.90 કરોડ રૂપિયા અને વૈશ્વિક સ્તરે 221.05 કરોડ રૂપિયાની કમાણી કરીને 200 કરોડનો આંકડો પાર કર્યો છે. ફિલ્મે હિન્દી, કન્નડ, તેલુગુ, તમિલ અને મલયાલમ ભાષાઓમાં પણ સારો દેખાવ કર્યો છે. રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી સ્ટારર ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. નીતેશ તિવારીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન આ ફિલ્મે રિલીઝના માત્ર બે દિવસમાં જ બોક્સ ઓફિસ પર રેકોર્ડતોડ કમાણી કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 'રામાયણ' એ રિલીઝના બીજા દિવસે 48.05 કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન મેળવ્યું છે. જોકે આ આંકડો પહેલા દિવસની સરખામણીએ 25.9 ટકા ઓછો છે, તેમ છતાં ફિલ્મે માત્ર બે જ દિવસમાં ભારતીય બજારમાં કુલ 112.90 કરોડ રૂપિયાનો નેટ વેપાર કરીને 100 કરોડ રૂપિયાનો આંકડો સફળતાપૂર્વક પાર કરી લીધો છે. આ દરમિયાન ભારતમાં ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન પણ વધીને 134.80 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ભાષાઓની દ્રષ્ટિએ વાત કરીએ તો, બીજા દિવસે ફિલ્મે હિન્દી ભાષામાં 35.50 કરોડ રૂપિયા, કન્નડમાં 5.15 કરોડ રૂપિયા, તેલુગુમાં 4.75 કરોડ રૂપિયા, તમિળમાં 1.50 કરોડ રૂપિયા અને મલયાલમ ભાષામાં 1.15 કરોડ રૂપિયાની કમાણી કરી છે. નમિત મલ્હોત્રા દ્વારા નિર્મિત અને નીતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે ગ્લોબલ લેવલે પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. રિપોર્ટ મુજબ, વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર ફિલ્મે માત્ર બે જ દિવસમાં 221.05 કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને કમાણીના નવા રેકોર્ડ સર્જ્યા છે.

તમિલનાડુના CM બન્યા બાદ થલાપતિ વિજયની કેમેરા સામે વાપસી



(એજન્સી) તમિલનાડુ | તા.07

તમિલનાડુના મુખ્યમંત્રી અને તમિલ સુપરસ્ટાર થલાપતિ વિજય ફરી એકવાર કેમેરા સામે જોવા મળી શકે છે. રાજકારણમાં પ્રવેશ કર્યા બાદ તેમણે ફિલ્મોથી અંતર જાળવવાનો નિર્ણય લીધો હતો અને પોતાનું સંપૂર્ણ ધ્યાન જનસેવા પર કેન્દ્રિત કરવાની વાત કરી હતી. જોકે, હવે તેમના ચાહકો માટે એક રસપ્રદ સમાચાર સામે આવ્યા છે.અહેવાલો અનુસાર, વિજય ફરી એકવાર શૂટિંગ કરતા જોવા મળી શકે છે. જોકે, આ કોઈ ફિલ્મનું શૂટિંગ નહીં, પરંતુ તમિલનાડુ સરકારની એક જાહેરાતનું શૂટિંગ હશે. તમિલનાડુમાં ટૂંક સમયમાં પેટાચૂંટણીઓ યોજાવાની છે. તેના કારણે મુખ્યમંત્રી વિજય અત્યારે ખૂબ વ્યસ્ત છે. આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમણે આ જાહેરાતના શૂટિંગ માટે 2 દિવસનો સમય ફાળવ્યો હોવાનું કહેવાય છે. આ જાહેરાતનું શૂટિંગ નવેમ્બરના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં થાય તેવી શક્યતા છે. અહેવાલો અનુસાર, આ સરકારી જાહેરાતના નિર્દેશનની જવાબદારી જાણીતા ફિલ્મ નિર્માતા ગૌતમ વાસુદેવ મેનનને સોંપવામાં આવી શકે છે.



રણવીરની પ્રલયના શૂટિંગ માટે મેચ રદ કરાતાં વિવાદ

મુંબઇ : રણવીરસિંહની આગામી ફિલ્મ 'પ્રલય'ના મુંબઈનાં ઐતિહાલિક આઝાદ મેદાન પર થઇ રહેલાં શૂટિંગને કારણે ઈન્ટર સ્કૂલ ક્રિકેટ મેચો મુલતવી રાખવી પડતાં ધ મુંબઇ ક્રિકેટ એસોસિએશને આ મંજૂરી આપનારા મહારાષ્ટ્રના રમત વિભાગની ટીકા કરી હતી. નિર્માતા હંસલ મહેતાએ જણાવ્યું હતું કે પ્રોડક્શન ટીમે જરૂરી તમામ કાનુની મંજૂરીઓ અગાઉથી મેળવી હતી. અમલદારોની આ પ્રકારની લાલફિતાશાહીને કારણે મુંબઈમાં કોઈ ફિલ્મ શૂટ કરતું નથી. રાજ્ય સરકારે પ્રોડક્શન હાઉસ લાઇટ રેઝને આઝાદ મેદાન પર છ કલાક માટે ૫૦૦૦ ચોરસવાર સરકારી જમીન પર શૂટિંગ કરવા માટે ૪૦,૦૦૦ રૂપિયા રેન્ટ વસૂલ્યું છે અને ૪૦,૦૦૦ રૂપિયાની રિફંડેબલ સિક્યુરિટી ડિપોઝીટ પણ મુકાવી હતી. આઝાદ મેદાન પર આ પહેલીવાર ફિલ્મના શૂટિંગ માટે મંજૂરી આપવામાં આવી છે. સરકારી અમલદારે તેમના શૂટિંગ માટે મેદાન ભાડે આપવાના નિર્ણયનો બચાવ કરતાં જણાવ્યું હતું કે વર્ષમાં ૩૦ દિવસ રમતગમત સિવાયની પ્રવૃત્તિ માટે મેદાન ભાડે આપવાનો સરકારી પરિપત્ર બહાર પાડી આ અધિકાર રમતવિભાગને આપવામાં આવ્યો છે.

સાઉથની ટોપની એક્ટ્રેસને મળ્યા લિમિટેડ સીન્સ

(એજન્સી) મુંબઈ | તા.07

રામાયણના VFXની સાથે જ તેના કાસ્ટિંગના પણ ભરપૂર વખાણ થઈ રહ્યા છે. ફિલ્મમાં તમામ કલાકારોનું કાસ્ટિંગ પરફેક્ટ હોવાનું માનવામાં આવી રહ્યું છે, પરંતુ કેટલાક કલાકારોના મર્યાદિત સ્ક્રીન ટાઈમથી ફેન્સ નિરાશ થયા છે. રણબીર કપૂરની રામાયણ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝના બે દિવસ પૂરા કરી ચૂકી છે. ફિલ્મનું કલેક્શન આમ તો સારું રહ્યું છે, પરંતુ તેના જંગી બજેટને ધ્યાનમાં રાખતાં કમાણી થોડી ઓછી અંકાઈ રહી છે. જોકે આ અંગે જુદા જુદા તર્ક આપવામાં આવી રહ્યા છે અને એવું માનવામાં આવે છે કે ફિલ્મની અસર દર્શકો પર પડી રહી છે, પરંતુ તહેવારોની વ્યસ્તતાને કારણે થિયેટરોમાં દર્શકોની સંખ્યા થોડી ઓછી જોવા મળી રહી છે. તેમ છતાં ફિલ્મના ઘણા પાસાંઓની લોકો ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. કેટલાક લોકો તેના શાનદાર VFXના વખાણ કરી રહ્યા છે, તો ઘણા ફેન્સ ફિલ્મના કાસ્ટિંગથી ખુશ છે.કેટલાક લોકોએ ફિલ્મમાં રાવણની પત્ની મંદોદરીની ભૂમિકા ભજવી રહેલી કાજલ અગ્રવાલની સ્ક્રીન પ્રેઝન્સને લઈને અસંતોષ વ્યક્ત કર્યો છે. લોકોનું માનવું છે કે રાવણની પત્ની હોવા છતાં આ ફિલ્મમાં તેને અપેક્ષા મુજબનો સ્ક્રીન ટાઈમ મળ્યો નથી. તે ફિલ્મમાં ખૂબ જ સુંદર દેખાઈ રહી છે અને તેણે મહત્વની ભૂમિકા પણ ભજવી છે, પરંતુ તેમ છતાં સ્ક્રીન પર તેની ઓછી ઉપસ્થિતિને કારણે ફેન્સ નિરાશા વ્યક્ત કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર રામાયણ ફિલ્મના દરેક નાના-મોટા પાસાંઓ પર ફેન્સ પોતાના રિએક્શન આપી રહ્યા છે. લોકોનું કહેવું છે કે આ ફિલ્મમાં કાજલ અગ્રવાલના વધુ સીન્સ હોવા જોઈતા હતા. કેટલાક ફેન્સનું તો એવું પણ માનવું છે કે ફિલ્મમાં તે રાવણની પત્ની મંદોદરી તરીકે નહીં, પરંતુ રામની પત્ની સીતાના રોલ માટે વધુ યોગ્ય પસંદગી સાબિત થઈ શકી હોત. આ પછી સોશિયલ મીડિયા પર આ મુદ્દે ચર્ચા તેજ થઈ ગઈ છે, જોકે લોકો સાઈ પલ્લવીના અભિનય અને ફિલ્મમાં તેના અંદાજના પણ વખાણ કરી રહ્યા છે.

54મા ઇન્ટરનેશનલ એમ્મી એવોર્ડમાં વિજય સેતુપતિ ભારતનું પ્રતિનિધિત્વ કરશે

(એજન્સી) મુંબઈ | તા.07

ધ ઈન્ટરનેશનલ એકેડમી ઓફ ટેલિવિઝન આર્ટસ એન્ડ સાયન્સીઝ દ્વારાયુનાઈટેડ સ્ટેટસની બહાર બનતાં ટીવી કાર્યક્રમોમાંથી ઉત્તમ ટીવી કાર્યક્રમોમને બિરદાવવા માટે અપાતાં ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડસ પ્રદાન કરવા માટે તમિલ એક્ટર વિજય સેતુપતિની પસંદગી કરવામાં આવી છે. ન્યુ યોર્કમાં ૨૩ નવેમ્બરે યોજાનારા ૫૪મા ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડઝ સમારોહમાં વિજય સેતુપતિ અનેક પ્રેઝન્ટર્સમાંથી એક હશે. ઈન્ટરનેશનલ એકેડમી ઓફ ટેલિવિઝન આર્ટસ એન્ડ સાયન્સીઝ બોર્ડની સભ્ય અને નિર્માત્રી કવિતા ગુપ્તાએ ભારતીય કળાકાર વિજય સેતુપતિને ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર રજૂ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું મનાય છે. વિજય સેતુપતિ તમિલ ફિલ્મોનો સુપરસ્ટાર છે અને તેની આગામી ફિલ્મ મણી રત્નમની 'ઈન્જી વેલમ' છે જેમાં તે સાઈ પલ્લવીની સાથે દેખાશે. ૨૦૨૪માં આવેલી ફિલ્મ 'મહારાજા' પરથી હોલિવૂડમાં રીમેક બની રહી હોવાનું પણ વિજય સેતુપતિએ જણાવ્યું હતું.





એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

મોના અગ્રવાલનો વર્લ્ડ રેકોર્ડ બન્યો

એશિયન પેરા ગેમ્સ ગોલ્ડ મેડલ જીતી મોના અગ્રવાલે



(એજન્સી) જયપુર । તા. 07

જાપાનના આઈચી-નાગોયા ખાતે આયોજિત એશિયન પેરા ગેમ્સ બે હજાર છવ્વીસમાં ભારતીય રમતવીરોએ અત્યાર સુધીનું સૌથી અદ્ભુત અને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને રમતગમત ક્ષેત્રે એક નવો અને સુવર્ણ ઈતિહાસ રચી દીધો છે. ભારતીય ખેલાડીઓએ પોતાનું અત્યાર સુધીનું સૌથી વધુ એકસો ચૌદ મેડલનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવીને વિશ્વ મંચ પર દેશનો ઝંડો લહેરાવ્યો છે. આ ઐતિહાસિક સફળતામાં અનેક દિવ્યાંગ ખેલાડીઓનું અસાધારણ યોગદાન રહ્યું છે, પરંતુ રાજસ્થાનની સુપુત્રી અને આંતરરાષ્ટ્રીય સ્તરની શૂટર મોના અગ્રવાલે પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા બે-બે સુવર્ણ ચંદ્રકો જીતીને દેશવાસીઓનું દિલ જીતી લીધું છે. તેમણે માત્ર ગોલ્ડ મેડલ જીત્યા નથી, પરંતુ પોતાની કેટેગરીમાં નવો એશિયન રેકોર્ડ અને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપીને પોતાની અસાધારણ પ્રતિભા અને અદમ્ય ઈચ્છાશક્તિનો આખી દુનિયા સામે ભવ્ય પરિચય આપ્યો છે.

એશિયન પેરા ગેમ્સના ઈતિહાસમાં ભારતે આ વખતે એકસો ચૌદ મેડલ જીતીને પેરા-સ્પોર્ટ્સમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. શીતલ દેવી, સુમિત અંતિલ, દિલિપ ગાવિત અને મોના અગ્રવાલ જેવા દિગ્ગજ ખેલાડીઓએ પોતાના અદ્ભુત કૌશલ્યથી ભારતની કિસ્મત બદલી નાખી છે. આખી ટૂર્નામેન્ટ દરમિયાન ભારતીય ખેલાડીઓનું નિશાનો અને એકાગ્રતા અદ્ભુત રહ્યા હતા, જેના પરિણામે ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના વિજયનો ડંકો વગાડ્યો છે. સમગ્ર દેશમાં આ અભૂતપૂર્વ સફળતા બાદ ઉત્સવનો માહોલ છવાઈ ગયો છે અને ખેલાડીઓ પર દેશભરમાંથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. આ સમગ્ર રમત મહોત્સવમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર અડત્રીસ વર્ષીય શૂટર મોના અગ્રવાલનું પ્રદર્શન રહ્યું હતું. તેમણે પેરા શૂટિંગની બે અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લઈને બંનેમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા. પ્રથમ સ્પર્ધા એટલે કે દસ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ એસએચ-વન વિભાગમાં તેમણે ક્વાલિફિકેશન રાઉન્ડથી જ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો.

ક્રિકેટ જગતમાં મોટો આંચકો લાગ્યો, સફેદ જર્સીને અલવિદા કહી દીધી

મોહમ્મદ શમીની ટેસ્ટ નિવૃત્તિથી ક્રિકેટ જગતમાં સનસનાટી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય ક્રિકેટ જગતમાં એક અત્યંત ચોંકાવનારા અને ભાવનાત્મક સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ટેસ્ટ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને સૌને સ્તબ્ધ કરી દીધા છે. છઠ્ઠી નવેમ્બરના રોજ સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવુક પોસ્ટ શેર કરીને તેમણે આ મોટો નિર્ણય જાહેર કર્યો છે. શમીએ જણાવ્યું કે ભારત માટે ટેસ્ટ મેચ રમવી અને સફેદ જર્સી પહેરવી એ તેમનું બાળપણનું સપનું હતું, જે તેરા વર્ષની લાંબી સફર પછી હવે પૂર્ણ થયું છે. આ અચાનક થયેલી ઘોષણાથી રમતગમત પ્રેમીઓમાં અને કરોડો ક્રિકેટ ચાહકોમાં શોક અને આશ્ચર્યનું મિશ્ર વાતાવરણ છવાઈ ગયું છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ભારતીય બોલિંગ આક્રમણના મુખ્ય આધારસ્તંભ રહેલા મોહમ્મદ શમીએ શુક્રવારના રોજ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી આ સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે હું આજના દિવસે સત્તાવાર રીતે સફેદ જર્સીને અલવિદા કહી રહ્યો છું, પરંતુ આ લાંબી સફર સાથે જોડાયેલી મારી યાદો અને લાગણીઓને ક્યારેય નહીં છોડું. શમીએ પોતાની આ પોસ્ટમાં જણાવ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટ એ માત્ર રમતનું એક ફોરમેટ નથી, પરંતુ તેમના જીવનનો એક અત્યંત અનોખો અને ખાસ હિસ્સો રહ્યો છે. મેદાન પરની દરેક વિકેટ, દરેક કઠિન સંઘર્ષ, ઈજાઓ સામેની લડાઈ અને શાનદાર પુનરાગમનોએ તેમને ઘણું બધું શીખવ્યું છે.



જ્યારે શમીએ પહેલીવાર ભારતની ટેસ્ટ જર્સી શરીર પર ધારણ કરી હતી, ત્યારે તેમના મનમાં માત્ર એક જ ધ્યેય હતો કે દેશ માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું અને મેદાન પર પોતાનું સર્વસ્વ આપી દેવું. તેરા વર્ષની આ ક્રિકેટ કારકિર્દી દરમિયાન તેમણે અનેક ઐતિહાસિક વિજયોમાં મહત્વની ભૂમિકા ભજવી છે. વિદેશી ધરતી પર ભારતીય ફાસ્ટ બોલિંગની તાકાત દુનિયાને બતાવવામાં તેમનું યોગદાન અદ્ભુત રહ્યું છે. કઠિન પરિસ્થિતિઓમાં પણ હાર ન માનવાની તેમની જીવંત શૈલીએ તેમને યુવા ક્રિકેટરો માટે એક મોટા આદર્શ તરીકે સ્થાપિત કર્યા છે. જોકે, શરીરની વધતી જતી માંગ અને લાંબી ઈજાઓ બાદ તેમણે આ સફરને અહીં જ વિરામ આપવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે.

આવી મોટી જાહેરાત કરતાની સાથે જ શમીએ પોતાની લાંબી સફર દરમિયાન સાથ આપનાર તમામ સ્નેહીજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. તેમણે પોતાની પોસ્ટમાં સાથી ખેલાડીઓ, પ્રશિક્ષકો, પરિવારના સભ્યો અને દુનિયાભરમાં ફેલાયેલા કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોનો વિશેષ ઉલ્લેખ કર્યો છે. શમીએ જણાવ્યું કે આ તમામ લોકોએ દરેક વિપરીત પરિસ્થિતિમાં અને ખરાબ સમયમાં પણ મારા પર અખૂટ વિશ્વાસ બનાવી રાખ્યો હતો, જેના કારણે જ હું આટલી ઊંચાઈઓ સર કરી શક્યો છું. તેમના આ ભાવુક સંદેશ બાદ સોશિયલ મીડિયા પર દેશ-વિદેશના ખેલાડીઓ અને ચાહકો દ્વારા શમીની શાનદાર કારકિર્દીને બિરદાવતી કોમેન્ટ્સનો ધોધ વહી રહ્યો છે.

મોહમ્મદ શમીની આ નિવૃત્તિથી ભારતીય ટેસ્ટ ટીમમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે, જેને પૂરવો આગામી સમયમાં પસંદગીકારો માટે મોટો પડકાર બનશે. લાલ બોલની ક્રિકેટમાં તેમની સીમ પોઝિશન અને બેટ્સમેનોને હંફાવવાની આવડત બેજોડ હતી. ભલે તેમણે ટેસ્ટ ફોર્મેટમાંથી વિદાય લઈ લીધી હોય, પરંતુ ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં તેમનું યોગદાન હંમેશાં સોનેરી અક્ષરે અંકિત રહેશે. ચાહકો હવે ભલે તેમને સફેદ જર્સીમાં ન જોઈ શકે, પરંતુ ભારતીય ક્રિકેટ પ્રત્યેની તેમની નિષ્ઠા અને યાદો હંમેશાં જીવંત રહેશે.

10 ઓવરમાં 4 મેડન અને 3 વિકેટ..., નેપાળ સામેની મેચમાં ઘાતક પ્રદર્શન

અંડર-19 એશિયા કપમાં ઈશાન સૂદનો તરખાટ

(એજન્સી) અલ અમીરાત । તા. 07

ક્રિકેટ જગતમાં યુવા પ્રતિભાઓ જ્યારે પોતાની ઉત્કૃષ્ટ રમતથી મેદાન પર છવાઈ જાય છે, ત્યારે રમતપ્રેમીઓનો ઉત્સાહ બેવડાઈ જતો હોય છે. અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ અંતર્ગત અલ અમીરાતના મેદાન પર રમાયેલા ચોથા મુકાબલામાં ભારતીય ટીમના સત્તાર વર્ષીય યુવા ઝડપી બોલર ઈશાન સૂદે પોતાની ઘાતક બોલિંગના જોરે આખી દુનિયાનું ધ્યાન પોતાના તરફ ખેંચી લીધું છે. ચંદીગઢના આ ખેલાડીએ મેચની શરૂઆતથી જ વિપક્ષી નેપાળી ટીમની બેટિંગ લાઈન-અપને સંપૂર્ણપણે વેરવિખેર કરી નાખી અને મેદાન પર પોતાનો દબદબો સાબિત કર્યો.

મેચની શરૂઆતની ઓવરોથી જ ઈશાન સૂદે અત્યંત સચોટ લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરવાનું શરૂ કર્યું હતું, જેના કારણે નેપાળના બેટ્સમેનો ક્રિઝ પર ટકી શકવા માટે સંઘર્ષ કરતા નજરે પડ્યા હતા. રાહુલ દ્રવિડ અને વિરેન્દ્ર સેહવાગના પુત્રોની હાજરીવાળી આ ટૂર્નામેન્ટમાં ઈશાન સૂદે પોતાની કાતિલ ગતિ અને સ્વિંગથી વિરોધી ટીમને શરૂઆતના ઝટકા આપ્યા હતા. તેણે પોતાની ધારદાર બોલિંગથી એક પછી એક ખેલાડીઓને પેવેલિયન મોકલીને ભારતને શરૂઆતની ઓવરોમાં જ મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું.

ઈશાન સૂદે પોતાની શિસ્તબદ્ધ ઓવરો દરમિયાન નેપાળના ટોપ ઓર્ડરના બેટ્સમેનોને એક પછી એક આઉટ કરીને ટીમની કમર તોડી નાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, ઈશાનનો પહેલો શિકાર પ્રસિદ્ધ જૈશી બન્યો હતો, જેને તેણે અર્જુન રાજપૂતના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ત્યારબાદ પોતાની પાંચમી ઓવરમાં તેણે સૂર્યાંશુ કોઈરાલાને પણ સમાન રીતે આઉટ કરીને બીજો મોટો ફટકો આપ્યો હતો. નવમી ઓવરમાં ચોથા ક્રમે બેટિંગ કરવા આવેલા નિશ્ચલ છેત્રીને પણ ચૌહાણના હાથે કેચ આઉટ કરાવીને તેણે નેપાળી ટીમની જીતની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.



યુવા ફાસ્ટ બોલર ઈશાન સૂદનું આ મેચમાં પ્રદર્શન એટલું શાનદાર રહ્યું કે તેણે ક્રિકેટ પંડિતોને પણ આશ્ચર્યચકિત કરી દીધા. તેણે પોતાના નિર્ધારિત દસ ઓવરના સ્પેલમાં માત્ર ૧.૮૦ની અસાધારણ ઈકોનોમી સાથે ફક્ત અઢાર રન ખર્ચીને ત્રણ મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. આ દસ ઓવરોમાંથી ચાર ઓવર મેડન નાખીને તેણે સાબિત કરી દીધું કે ભારતીય બોલિંગ આક્રમણ ભવિષ્ય માટે કેટલું મજબૂત હાથમાં છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ પ્રકારનું શિસ્તબદ્ધ પ્રદર્શન ટૂર્નામેન્ટની આગામી મેચો માટે ભારતીય ટીમનોત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચાડવા માટે પૂરતું છે. ચાહકો હવે આ યુવા સ્ટાર ખેલાડી પાસેથી આગામી મુકાબલાઓમાં પણ આવા જ શાનદાર પ્રદર્શનની આશા રાખી રહ્યા છે.

વૈભવ સૂર્યવંશીને મળી મોટી જવાબદારી કેપ્ટન બન્યો

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બિહાર ટીમ, પ્રથમ મેચ સૌરાષ્ટ્ર સામે રમાશે



(એજન્સી) પટના । તા. 07

ભારતીય ઘરેલુ ક્રિકેટ જગતમાં એક અત્યંત રોમાંચક અને યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપતો મોટો નિર્ણય સામે આવ્યો છે, જ્યાં આગામી ચૌદમી નવેમ્બરથી મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે શરૂ થઈ રહેલી રાષ્ટ્રીય સ્તરની ટ્રોફી માટે બિહારની સિનિયર ક્રિકેટ ટીમની કમાન એક અત્યંત યુવા અને પ્રતિભાશાળી ખેલાડીના હાથમાં સોંપવામાં આવી છે. બિહાર ક્રિકેટ એસોસિએશન દ્વારા શુક્રવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર અહેવાલ મુજબ, આ આગામી મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટની શરૂઆતની બે મેચો માટે વિસ્ફોટક યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને ટીમનો કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે, જ્યારે સૂરજ કશ્યપને વાઈસ-કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઘોષણા સાથે જ સમગ્ર રમતગમત જગતમાં યુવા ખેલાડીઓની આગેવાનીને લઈને ભારે ચર્ચા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અત્યંત નાની વયે પોતાની બેટિંગ કૌશલ્ય અને શાનદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચનાર વૈભવ સૂર્યવંશી પ્રથમવાર કોઈ સિનિયર સ્તરની ટીમનું નેતૃત્વ સંભાળવા જઈ રહ્યો છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની શરૂઆતની બે મેચો માટે સત્તર સભ્યોની ટીમ જાહેર કરવામાં આવી છે, જેમાં યુવા ખેલાડીઓને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે. બિહાર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ હર્ષ વર્ધને આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે વૈભવને આ નાની વયે કપ્તાની સોંપવાથી તેને એક પરિપક્વ નેતા તરીકે વિકસવાની ઉત્તમ તક મળશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વૈભવે પોતાની રમત દ્વારા અદભુત આત્મવિશ્વાસ અને રમતની ઊંડી સમજનો પરિચય આપ્યો છે, જેના કારણે બોર્ડને સંપૂર્ણ આશા છે કે તેની આગેવાની હેઠળ ટીમ સંપૂર્ણ શિસ્ત અને જોશ સાથે મેદાન પર ઉતરશે અને વિરોધીઓને સખત ટક્કર આપશે. આગામી રાષ્ટ્રીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં બિહારની ટીમને અત્યંત સ્પર્ધાત્મક એવા ગ્રૂપ-બી માં સ્થાન આપવામાં આવ્યું છે. આ ગ્રૂપમાં બિહાર ઉપરાંત દિલ્હી, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, પંજાબ, રેલવે, સૌરાષ્ટ્ર અને તમિલનાડુ જેવી મજબૂત અને અનુભવી ટીમો પણ સામેલ છે.

જેસિકા પેગુલાની વિવાદાસ્પદ ટિપ્પણી

ડબલ્યુટીએ ફાઈનલ્સ ઓડિયો વિવાદ બાદ મોટો નિર્ણય લેવાયો



(એજન્સી) રિયાધ । તા. 07

વિશ્વના મહિલા ટેનિસ જગતમાં એક અત્યંત ચર્ચિત અને વિવાદાસ્પદ ઘટનાક્રમ સામે આવ્યા બાદ રમતગમતનું સંચાલન કરતી સંસ્થા દ્વારા તાત્કાલિક અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમેરિકાની સ્ટાર ટેનિસ ખેલાડી અને વિશ્વની પાંચમા ક્રમની મહિલા ખેલાડી દ્વારા પોતાની પ્રેક્ટિસ દરમિયાન સાથી ખેલાડી વિશે કરવામાં આવેલી ખાનગી ટિપ્પણીઓ લાઈવ પ્રસારણમાં પ્રસારિત થઈ જતાં ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટના બાદ મહિલા ટેનિસ સંસ્થા એટલે કે મહિલા ટેનિસ સંઘે પોતાની ભૂલનો સ્વીકાર કરીને પ્રેક્ટિસ કોર્ટ પરથી તમામ પ્રકારના ઓડિયો રેકોર્ડિંગ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આગામી રવિવારથી શરૂ થઈ રહેલી મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટ પહેલાં જ ખેલાડીઓની વ્યક્તિગત ગોપનીયતાને લઈને ઉદ્ભવેલી ચિંતાઓને પગલે આ નવો આદેશ જારી કરવામાં આવ્યો છે, જેણે આંતરરાષ્ટ્રીય રમતોમાં ટેકનોલોજી અને ગોપનીયતાના સંતુલન પર ફરી એકવાર નવી ચર્ચા છેડી દીધી છે.

આ સમગ્ર ઘટના કેલિફોર્નિયાના ઈન્ડિયન વેલ્સ ખાતે આયોજિત લાઈવ-સ્ટ્રીમિંગ પ્રેક્ટિસ સેશન દરમિયાન બની હતી. મહિલા ટેનિસ સંઘની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર આ પ્રેક્ટિસ સેશનનું લાઈવ પ્રસારણ કરવામાં આવી રહ્યું હતું.

ઓલિમ્પિક ચેમ્પિયન પેરિસ બોક્સિંગમાં | સુપર વેલ્ટરવેટ ફાઈટ ડ્રામા થશે શરૂ

ઈમાને ખલીફનો પ્રોફેશનલ ડેબ્યુ પેરિસમાં રમાશે શાનદાર

(એજન્સી) પેરિસ । તા. 07

વિશ્વના સૌથી ચર્ચિત અને શક્તિશાળી બોક્સરો પૈકીના એક એવા અલ્જેરિયાના ૨૭ વર્ષીય ગોલ્ડ મેડાલિસ્ટ ઈમાને ખલીફ ફરી એકવાર બોક્સિંગ રિંગમાં પોતાનો જાદુ બતાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયા છે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મહિલા વેલ્ટરવેટ કેટેગરીમાં ઐતિહાસિક સુવર્ણ ચંદ્રક જીત્યાના અંદાજે બે વર્ષ કરતા પણ વધુ સમયના વિરામ બાદ, આ સ્ટાર ખેલાડી હવે વ્યાવસાયિક એટલે કે પ્રોફેશનલ બોક્સિંગની દુનિયામાં પદાર્પણ કરવા જઈ રહ્યા છે. આગામી પંદરમી ડિસેમ્બરના રોજ ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે યોજાનારી એક મહત્ત્વપૂર્ણ સુપર-વેલ્ટરવેટ ફાઈટમાં તેઓ ક્લેરિડા સરિબિયા સામે મુકાબલો કરશે. આ ઐતિહાસિક મેચની ઘોષણા બાદથી જ સમગ્ર વિશ્વના બોક્સિંગ પ્રેમીઓ અને રમતગમત જગતમાં ભારે રોમાંચ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે.

શુક્રવારના રોજ આયોજિત એક સત્તાવાર પત્રકાર પરિષદ દરમિયાન ઈમાને ખલીફે પોતાના પ્રોફેશનલ ડેબ્યુ અંગેની ખુશખબરી શેર કરી હતી. આ ખાસ પ્રસંગે તેમની સાથે તેમના મુખ્ય તાલીમદાતા કેમેલ અબ્દેસલામ અને પ્રમોટર યાસીન બરાબાહ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પત્રકાર પરિષદમાં જણાવ્યા અનુસાર,



ઈમાને ખલીફ પેરિસના ઐતિહાસિક બોક્સિંગ રિંગમાં ક્લેરિડા સરિબિયા સામે સુપર-વેલ્ટરવેટ બાઉટમાં ઉતરશે. ઓલિમ્પિક્સમાં વિવાદો અને વિરોધો વચ્ચે પણ અત્યંત અદ્ભુત ધૈર્ય અને રમત દર્શાવીને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કરનાર આ અલ્જેરિયન બોક્સર માટે આ એક નવો જ અનુભવ અને પોતાની કારકિર્દીનો એક નવો અધ્યાય સાબિત થશે.

અર્જેન્ટીના ફૂટબોલ એસોસિએશન અપીલ

ફિફા અપીલ કમિટીનો નિર્ણય અર્જેન્ટીના માટે રાહત

(એજન્સી) ઝ્યુરિચ । તા. 07

આંતરરાષ્ટ્રીય ફૂટબોલની સર્વોચ્ચ સંસ્થા ફિફાની અપીલ કમિટીએ વર્ષ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપ ફાઈનલ મુકાબલા બાદ અર્જેન્ટીનાના ખેલાડીઓ અને બોર્ડ પર લાદવામાં આવેલા કડક પ્રતિબંધો સામે અર્જેન્ટીના ફૂટબોલ એસોસિએશન દ્વારા કરવામાં આવેલી અરજી પર મોટો અને આંશિક રાહત આપતો નિર્ણય સંભળાવ્યો છે. ગ્લોબલ ફૂટબોલ ગવર્નિંગ બોડીએ સ્ટાર ડિફેન્ડર નહુએલ મોલિના પર મૂકવામાં આવેલા મેચ સસ્પેન્શન અને દંડની રકમમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જ્યારે મિડફિલ્ડર લિએન્ડ્રો પેરેડેસની આકરી સજા યથાવત રાખવામાં આવી છે. વર્લ્ડ કપ ફાઈનલ મેચ બાદ સર્જાયેલી અશાંતિ, રંગભેદની ટિપ્પણીઓ અને ડિસિપ્લિનરી કોડના ભંગ બદલ ફિફાએ આ કડક પગલાં લીધા હતા. આ ચુકાદા બાદ અર્જેન્ટીના ફૂટબોલ બોર્ડે ખેલપંચ એટલે કે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ સમક્ષ જવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેનાથી સમગ્ર વૈશ્વિક રમતરંગમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.

